# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express

Ahmedabad

RNI No.GUJGUJ/2011/40654




પેજ-08

'કંગના રનૌત હવે માત્ર મજાક બનીને રહી ગઈ છે'....



પેજ-09

બ્રાઝિલના સ્ટાર ખેલાડી રાફિન્હા ભારત સામેની મેચમાંથી બહાર....

**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 36.00 | 25.00 |
| વડોદરા | 36.00 | 25.00 |
| સુરત | 36.00 | 25 .00 |

પેજ 5



ઇક્વિટી સ્કીમોના કુલ ઇનફ્લોમાં SIPનો હિસ્સો ૮૩%....

01 OCTOBER-2026 THURSDAY

ઉત્તર કોરિયાની ધમકીથી સરહદ પર તણાવ વધ્યો, કિમ યો જોંગની કડક....



પેજ 10

**.....સુવિચાર.....**

"જીવન માં કોણ આવ્યું ને કોણ ગયું એના કરતાં,કોણ હજી પણ સાથે ઉભું છે એ વધારે મહત્વનું છે!"

વર્ષ-15 । અંક-317 । વિક્રમ સંવત-2082 । ભાદરવા વદ-05 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક




અમદાવાદ એક્સપ્રેસ
THURSDAY • 01-10-2026

# સુરતમાં ઠેર ઠેર કચરાના ઢગલાં મુદ્દે આમ આદમી પાર્ટીના કોર્પોરેટરોનું મનપાની સામાન્ય સભા બહાર વિરોધ પ્રદર્શન



સુરત | આજરોજસુરત મહાનગરપાલિકાની સામાન્ય સભા મળી હતી. સુરત મનપા વોર્ડ નં.17 ના આમ આદમી પાર્ટીના કોર્પોરેટરો ધર્મેશ ભંડેરી, રચના હીરપરા, અસ્મિતા ધોરાજીયા, પંકજ ચાવડાએ હાજરી આપી હતી અને સુરત શહેરની સ્વચ્છતા બાબતે એક ગંભીર મુદ્દો ઉઠાવ્યો હતો. આમ આદમી પાર્ટીના કોર્પોરેટરો ધર્મેશ ભંડેરી, રચના હીરપરા, અસ્મિતા ધોરાજીયા અને પંકજ ચાવડાએ સુરત મહાનગરપાલિકાની સામાન્ય સભાની બહાર આ મુદ્દે પ્લેકાર્ડ સાથે વિરોધ પ્રદર્શન પણ કર્યું હતું. આ તકે વિરોધ પ્રદર્શન કરતા આમ આદમી પાર્ટીના કોર્પોરેટર ધર્મેશ ભંડારીએ જણાવ્યું હતું કે, સુરત શહેર આજે કચરાના ઢગલા સમાન બની ગયું છે. ભાજપ સરકારના શાસકોએ એક કોન્ટ્રાક્ટરને રોડ રસ્તા અને ગલીઓમાંથી કચરો ઉઠાવવાનું કામ સોંપ્યું હતું પરંતુ

### સુરત શહેર કચરાના ઢગલામાં ફેરવાઈ ગયું છે, અનેક ફરિયાદો છતાં કોઈ નિરાકરણ નહીં: પૂર્વ વિપક્ષ નેતા ધર્મેશ ભંડેરી

આજે અડાજણ, સેન્ટ્રલ ઝોન, કતારગામ, લિંબાયત, વરાછા સહિત અનેક વિસ્તારોમાં કચરાના ઢગલાના ઢગલા પડ્યા છે, અનેક ફરિયાદો કર્યા છતાં પણ આમાં કોઈ નિરાકરણ આવતું નથી.આ મુદ્દે આમ આદમી પાર્ટીના મહિલા કોર્પોરેટર અને સુરત મનપાના પૂર્વ વિપક્ષ દંડક રચના હીરપરાએ જણાવ્યું હતું કે, કચરો ઉઠાવવા માટે 1040 ગાડીઓ મુકાયેલી હોય પરંતુ એમાં 100 ગાડીઓ મેન્ટેનન્સમાં હોય અને 100 ગાડીઓ તો રોજ અનરીચેબલ હોય છે અને ખબર જ નથી હોતી કે એ ગાડીઓ ક્યાં છે. એનું જીપીએસ બંધ કરીને ક્યાંકને ક્યાંક મૂકી દેવામાં આવે છે. ડોર ટુ ડોર ગાડી કુલ 1044 માંથી આજે ફક્ત 670 જેટલી જ ચાલે છે, બીજી બંધ છે, ડોર ટુ ડોર ગાડીમાં વાહન દીઠ 3 માણસો રાખવા ફરજિયાત છે, એ ક્યાં? એ ગાડીઓમાં GPS બંધ હોય તો એના પર દંડ આવે, તો એ જીપીએસ બેઝ્ડ પેનલ્ટી ક્યાં? કુલ 1044 પૈકી સુરત મહાનગરપાલિકાના 180 વાહનો ક્યા? આ દરેક બાબતનો બોજ સુરત મનપાના માથે એટલે કે સુરતની જનતાના માથે આવે છે. 'આપ' કોર્પોરેટર પંકજ ચાવડાએ જણાવ્યું હતું કે, અમારી માંગ છે કે ગ્લોબલ ગુજરાત વેસ્ટ એજન્સીને બ્લેક લિસ્ટ કરવામાં આવે અને નવી એજન્સીને કામ આપવામાં આવે તો સુરત શહેર કચરાના ઢગલામાંથી બહાર આવશે.

# ઓખા નગરપાલિકા ચૂંટણી: ભાજપ ધારાસભ્યના 'વાણી વિલાસ' પર 'આપ'નો પ્રહાર, રામજી પરમારે કરી પરિવર્તનની હાકલ

## પૈસાના જોરે લોકશાહી ખરીદનારા નેતાઓને જડબાતોડ જવાબ આપો



અમદાવાદ | દ્વારકા-કલ્યાણપુર વિસ્તારના ભાજપના ધારાસભ્ય દ્વારા જાહેર સભામાં પોતાના નાણાકીય બળના જોરે લોકશાહીનું અપમાન કરતી નિવેદનબાજી કરવામાં આવી હોવાનો વિડીયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. આ મામલે આમ આદમી પાર્ટી (AAP)ના દેવભૂમિ દ્વારકા જિલ્લા પ્રમુખ રામજીભાઈ પરમારે વળતો પ્રહાર કરતાં ધારાસભ્યના નિવેદનને 'લોકશાહીનું ચીરહરણ' ગણાવ્યું છે. તેમણે ઓખા નગરપાલિકાની જનતાને આ વખતે લોકશાહીનું અપમાન કરનારા નેતાઓને યોગ્ય પાઠ ભણાવવા અને પરિવર્તનની દિશામાં મતદાન કરવા માટે હાકલ કરી છે.ઓખા નગરપાલિકાની ચૂંટણીના માહોલ વચ્ચે 'આપ' નેતા રામજીભાઈ પરમારે લોકોને અપીલ કરતા જણાવ્યું હતું કે, રૂ. ૫, ૨૫ કે ૫૦ લાખના દંભથી લોકશાહી ખરીદવાનો દાવો કરતા નેતાઓને આ આઝાદીના અમૃત મહોત્સવમાં જડબાતોડ જવાબ આપવો જરૂરી છે. લોકોએ પોતાના સ્થાનિક મુદ્દાઓ જેવા કે રોડ-રસ્તા, પીવાનું પાણી, વીજળી, શિક્ષણ, પ્રદૂષણ, રોજગારી અને ભ્રષ્ટાચાર પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. જો જનતા પોતાના વણથંભ્યા વિકાસ અને સાચા પરિવર્તન માટે એક થઈને મતદાન કરશે, તો અહંકારી નેતાઓનો બધો દંભ ફિનિશ થઈ જશે.

## મારી તમામ ખેડૂતોને અને ગ્રામજનોને અપીલ છે કે જાગૃત થાઓ: ઈસુદાન ગઢવી

# કોઈ ખેડૂતોએ ચિંતા કરવાની જરૂર નથી કારણ કે ઈસુદાન ગઢવી તમારી સાથે ઊભા છે: ઈસુદાન



અમદાવાદ | આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ દ્વારકા અને ખંભાળિયા વિસ્તારમાં આવનારી મોટી વીજળીની લાઈનોના મુદ્દે એક વીડિયો મારફતે ગંભીર ચિંતા વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, જા ગ ો દ્વારકાવાસીઓ જાગો. દ્વારકા અને ખંભાળિયામાં ફરીથી મોટી લાઈનો આવી રહી છે અને એ આપણા સૌ માટે ચિંતાજનક છે. ખંભાળિયા અને દ્વારકામાં નોટિસ આવી છે જેમાં એસીએમઈ (ACME) સન પાવર પ્રાઈવેટ લિમિટેડ ૨૨૦ કેવીની મોટી વિદ્યુત લાઈન લઈને આવે છે. લાઈન આવે છે એના માટેનું નોટિફિકેશન સપ્ટેમ્બર ૨૬, ૨૦૨૬ના રોજ બહાર પાડ્યું છે. ચિંતાની વાત એ છે કે ગ્રામવાસીઓને આ બાબતે કોઈ જ ખબર નથી. જે આપણા પોલિટિકલ આગેવાનો છે, જે આમાંથી ધંધા અને કોન્ટ્રાક્ટ લેવાના છે, એ આપણને ખબર પડવા દેશે નહીં. એટલા માટે હું વિનંતી અને અપીલ કરું છું કે એક-એક ગામમાં આ વિડિયો પહોંચાડો. આ પ્રકાશિત થયા પછી બે મહિનાની અંદર આપણે વાંધા અરજી લખવી પડશે. જો બે મહિનામાં વાંધા અરજી નહીં કરીએ તો એ સમજી લેશે કે આપણને કોઈ વાંધો નથી. આપણા નેતાઓ જે આમાં મલાઈ ખાવાના છે એ આપણને ખબર નહીં પડવા દે અને પછી કહેશે કે આ તો ઉપરથી આવ્યું છે. પછી પોલીસ ભાડે બોલાવીને આપણને તગેડી મૂકશે, એટલા માટે મારે આ વિડિયો બનાવવાની જરૂર પડી છે. વધુમાં આમ આદમી પાર્ટીના નેતા ઈસુદાન ગઢવીએ વધુમાં જણાવ્યું હતુ કે, આ લાઈન ખંભાળિયા અને કલ્યાણપુર તાલુકાના અનેક ગામડાઓમાંથી પસાર થવાની છે. ખંભાળિયા તાલુકાના ગામડાઓમાં કોટા, કોલવા, ભાટગામ, શક્તિનગર, કાંડોરના, તથિયા, માનજા, માનઝા, લલિયા, ભાંખોખરી, રામનગર, ભિંડા, વિંજલપર, મોતી ખોખરી, ભરા બેરાજા, ભરા બેરાજા મોટી, ખોખરી, જુવાનગઢ, કેશોદ, ખજુરિયા, મધુપુર, ઠાકર શેરડી, ભડથર, પીપરીયા, ગોલન શેરડી, ભાટેલ, મોવાન, સિદ્ધપુર, શેડા ભડથર, શેડા ભડૂથર, કોટડિયા, દત્રાણા, હંજદાપર, હડાપુર, તાલુકા, સોનારદી, નવા તથિયા, વિરમદાદ, નવા વિરમદાદ, રામગઢનો સમાવેશ થાય છે. આટલા ગામડાના લોકોએ વાંધા અરજી આપી દેવી એવું નોટિફિકેશનમાં છે, પણ આપણને ખબર જ નથી કે શેની લાઈન આવે છે, શું આવે છે, કેટલામાં આવે છે કે કઈ રીતે વાંધા અરજી આપવી. આ ઉપરાંત કલ્યાણપુર તાલુકાના પણ ગામો છે, જેમાં કનકપુર, કનકપર શેરડી, કનકપરશેરડી, કનપર શેરડી, કનપરશેરડી, ચપર, મેઘપુર ટીટોડી, ગોકુલપર, ધૂમથર, ધુમથલ, જામપર, માનપર, સિદસરા, લહેરગઢ, ગઢકા, ગઢકા, જામ ગઢકા, ઉદેપુર, ઉદયપુર, પાટેલકા, ભોપાલકા, ભોપાલકા આર એસ, ખાબરદા, જુવાનપુર, જુવાનપર, નંદાના, કેનેડી, રણ, માદી, લિમ્બડી, મંગરિયા, ભાટિયા, ગાગા, રણજીતપુર, મહાદેવિયા, મેવાસા, પિંડારા, ગુર્ગઢ, બામનાસા, ગોકુલપર, ભટવડિયા, નવી મોવાન, ખિઝડાદ, નવા ખિઝડાદ, શિવનગર, દમણગર, વટુડિયા, ધર્મશાલા, શ્રીનગર, ચૂર, હરિપર, કબીરનગર સહિતના ગામો છે. મારી આપને વિનંતી છે કે હું, ઈસુદાનભાઈ તમારી સાથે ઊભા છે, કોઈ ગામે ચિંતા કરવાની જરૂર નથી. આ ગામો વચ્ચેથી લાઈનો નીકળશે તેમાં ભાજપવાળા તો કોઈ બોલવાના નથી, કારણ કે એમને તો મલાઈ મળવાની છે અને એ તો રાહ જુએ છે કે "લાઈનો આવવા દો, આપણા વાલા ભલે પીડાય પણ અમને માલ મળશે." વધુમાં આમ આદમી પાર્ટીના નેતા ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતુ કે, તમારે ચિંતા કરવાની જરૂર નથી, આમાં વાંધા અરજી આપવાની છે. વાંધા અરજી માટેનું નામ, નંબર અને ઈમેલ એડ્રેસ પણ આપેલું છે. વાંધા અરજી માટે તમે કદાચ ઈમેલ નહીં કરી શકો, નહીં થાય તો કોઈ ચિંતા ન કરતા. હું પણ કેટલાક ગામોમાં આવવાનો છું. તમે બધા લોકો જાગૃત થાઓ, જે ગામ આવે છે એના વિડીયો બનાવો અને નક્કી કરો. એ ગામમાં આપણે ટેબલ નાખીને પોતે વાંધા અરજી સાઈન કરીને મોકલાવીશું અને મોકલાવવાની જવાબદારી તમારા વતી મારી છે. આ લોકોનું ષડયંત્ર જુઓ કે આ બે મહિનામાં આપણે ખબર જ નથી પડવા દેવાના. જ્યાં જ્યાં જરૂર પડે ત્યાં અમારી ટીમો આવશે.

# સુરત અને ઉદયપુર વચ્ચે પશ્ચિમ રેલવે દ્વારા વંદે ભારત એક્સપ્રેસ શરૂ કરવામાં આવશે

સુરત | મુસાફરોની સુવિધા અને ગુજરાત તથા રાજસ્થાન વચ્ચે કનેક્ટિવિટી વધારવાના હેતુથી પશ્ચિમ રેલવેએ સુરત અને ઉદયપુર વચ્ચે વંદે ભારત એક્સપ્રેસ શરૂ કરવાનો નિર્ણય લીધો છે. સુરત-ઉદયપુર વંદે ભારત એક્સપ્રેસની શરૂઆત ભારતીય રેલવે દ્વારા આધુનિક, અર્ધ-હાઈ સ્પીડ, સુરક્ષિત અને આરામદાયક મુસાફરી પૂરી પાડવાના સતત પ્રયાસોમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે.દેશમાં જ ડિઝાઈન કરવામાં આવેલી આ અત્યાધુનિક ટ્રેન વિશ્વસ્તરીય મુસાફરીનો અનુભવ પ્રદાન કરવા માટે તૈયાર કરવામાં આવી છે. તેમાં શ્રેષ્ઠ મુસાફર સુવિધાઓ, ઉન્નત સુરક્ષા સુવિધાઓ અને ઝડપી ગતિ જેવી વિશેષતાઓ ઉપલબ્ધ છે, જેનાથી મુસાફરીના સમયમાં નોંધપાત્ર ઘટાડો થશે અને બંને મહત્વપૂર્ણ શહેરો વચ્ચે મુસાફરોને સરળ અને આરામદાયક મુસાફરીનો અનુભવ મળશે. પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી શ્રી વિનીત અભિષેક દ્વારા જારી કરવામાં આવેલી પ્રેસ રિલીઝ મુજબ, આ ટ્રેનની વિગતો નીચે મુજબ છે:ટ્રેન નં. 26903/26904 સુરત-ઉદયપુર વંદે ભારત એક્સપ્રેસ:ટ્રેન નં. 26903 સુરત-ઉદયપુર વંદે ભારત એક્સપ્રેસ સુરતથી દર સોમવાર, બુધવાર, ગુરુવાર, શુક્રવાર, શનિવાર અને રવિવારે સવારે 06:10 કલાકે ઉપડશે અને તે જ દિવસે 13:40 કલાકે ઉદયપુર પહોંચશે. આ ટ્રેનનું સંચાલન 04 ઓક્ટોબર, 2026થી શરૂ થશે.તે જ રીતે, ટ્રેન નં. 26904 ઉદયપુર-સુરત વંદે ભારત એક્સપ્રેસ ઉદયપુરથી દર સોમવાર, બુધવાર, ગુરુવાર, શુક્રવાર, શનિવાર અને રવિવારે બપોરે 15:35 કલાકે ઉપડશે અને તે જ દિવસે 23:00 કલાકે સુરત પહોંચશે. આ ટ્રેનનું સંચાલન 03 ઓક્ટોબર, 2026થી શરૂ થશે.આ ટ્રેન બંને દિશામાં મુસાફરી દરમિયાન ભરૂચ, વડોદરા, આણંદ, મણિનગર, અસારવા, હિંમતનગર, શામળાજી રોડ, ડુંગરપુર અને જાવર સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં એક્ઝિક્યુટિવ ચેર કાર અને એસી ચેર કાર કોચનો સમાવેશ થાય છે.ટ્રેન નં. 26903 માટેનું બુકિંગ 01 ઓક્ટોબર, 2026થી તમામ પીઆરએસ કાઉન્ટરો તેમજ આઈઆરસીટીસી ની વેબસાઈટ પર શરૂ થશે. મુસાફરોને વિનંતી કરવામાં આવે છે કે તમામ આરક્ષિત ટિકિટ માટે મૂળ ઓળખપત્ર (Original ID Proof) સાથે રાખે.ટ્રેનના સ્ટોપેજ, સ્ટોપેજનો સમય અને ટ્રેનની સંરચના અંગેની વિગતવાર માહિતી માટે મુસાફરો www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

# News Brief

## અસારવા સ્ટેશન પર પ્લેટફોર્મની દિવાલના બાંધકામના કામને કારણે કેટલીક ટ્રેનો પ્રભાવિત થશે

અમદાવાદ | અમદાવાદ મંડળના અસારવા સ્ટેશનના પ્લેટફોર્મ નંબર 3 પર પ્લેટફોર્મની દિવાલના નિર્માણ કાર્ય માટે 01 ઓક્ટોબર 2026થી 30 ઓક્ટોબર 2026 સુધી ટ્રાફિક બ્લોક લેવામાં આવશે. આ કાર્ય ને કારણે નીચેની ટ્રેનોના સંચાલનમાં ફેરફાર કરવામાં આવ્યો છે: ટ્રેન સંખ્યા 69245 અસારવા-હિંમતનગર મેમૂ તારીખ 01 ઓક્ટોબર 2026થી 30 ઓક્ટોબર 2026 સુધી સંપૂર્ણપણે રદ રહેશે. ટ્રેન સંખ્યા 69246 હિંમતનગર-અસારવા મેમૂ તારીખ 02 ઓક્ટોબર 2026થી 31 ઓક્ટોબર 2026 સુધી સંપૂર્ણપણે રદ રહેશે. ટ્રેન સંખ્યા 19315 ઈન્દોર-અસારવા વીર ભૂમિ એક્સપ્રેસ તારીખ 30 સપ્ટેમ્બર 2026થી 29 ઓક્ટોબર 2026 સુધી અસારવાના બદલે નરોડા સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે.ટ્રેન સંખ્યા 19316 અસારવા-ઈન્દોર વીર ભૂમિ એક્સપ્રેસ તારીખ 01 ઓક્ટોબર 2026થી 30 ઓક્ટોબર 2026 સુધી અસારવાના બદલે નરોડા સ્ટેશનથી પ્રારંભ થશે. ટ્રેન સંખ્યા 09406 ખેડબ્રહ્મા-અસારવા ભાદરવી પૂનમ સ્પેશિયલ તારીખ 01 ઓક્ટોબર 2026ના રોજ અસારવાના બદલે નરોડા સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે.ટ્રેનોના સ્ટોપેજ, માર્ગ અને સંરચના અંગેની વિગતવાર માહિતી માટે મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in પર જઈને માહિતી મેળવી શકે છે.

## એએમએ દ્વારા "ટ્રેન, ફ્યુઅલ, રિપેર: ધ અલ્ટીમેટ ગાઈડ ટુ પીક પર્ફોર્મન્સ" વિષય પર સ્પોર્ટ્સ મેનેજમેન્ટ ફોરમનું આયોજન

અમદાવાદ | અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન (એએમએ) દ્વારા ગુરુવાર, ૧ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ સાંજે ૬:૩૦થી ૭:૪૫ વાગ્યા દરમિયાન એએમએ કેમ્પસ ખાતે 'ટ્રેન, ફ્યુઅલ, રિપેર: ધ અલ્ટીમેટ ગાઈડ ટુ પીક પર્ફોર્મન્સ' વિષય પર સ્પોર્ટ્સ મેનેજમેન્ટ ફોરમનું આયોજન કરવામાં આવ્યું છે. પેનલ ડિસ્કશનમાં ડો. ફાલ્ગુન ભટ્ટ (પીટી) (એનએક્સ હેલ્થના સ્થાપક અને સીઈઓ, સ્પોર્ટ્સ ફિઝિયોથેરાપિસ્ટ, હેલ્થકેર એન્ટરપ્રિન્યોર અને પર્ફોર્મન્સ પ્રોફેશનલ), શ્રી પથિક પટેલ (ફિટ એન્ડ ફ્લેક્સ બ્રાન્ડ, નિવા ન્યુટ્રિફૂડ્સના સ્થાપક) અને શ્રી ઈંગિત આનંદ (૮ વખત આયર્નમેન ફિનિશર, અલ્ટ્રામેન ઓસ્ટ્રેલિયા ફિનિશર, આયર્નમેન સર્ટિફાઈડ કોચ, એસિક્સ રનિંગ કોચ) જોડાશે અને આ પેનલ ડિસ્કશનનું સંચાલન શ્રી આન ગોડિયાવાલા (સભ્ય, એએમએ પ્રોગ્રામ કમિટી, બિગ ૪ કન્સલ્ટન્ટ, મેરેથોનર) દ્વારા કરવામાં આવશે.આપને આ કાર્યક્રમમાં જોડાવા માટે હાર્દિક આમંત્રણ છે. વધુ વિગતો માટે કૃપા કરીને એએમએનો ૦૭૯-૨૬૩૦૮૬૦૧ પર સંપર્ક કરો અથવા એએમએ વેબસાઈટની મુલાકાત લો: www.amaindia.org

## 'ડેઈલી જલસો' આપશે પરિવારોને એકસાથે, રમવાનો, હસવાનો અને જીતવાનો મોકો!

અમદાવાદ | પરિવારના સભ્યો સાથે વિતાવેલી ક્ષણો ઘણીવાર અણમોલ યાદો બની જતી હોય છે. આવી જ યાદોમાં મોજમસ્તી, હાસ્ય અને સાથે રમવાનો ઉલ્લાસ ભરવા માટે JioHotstar નવો ફેમિલી ગેમ શૉ 'ડેઈલી જલસો'' લઈને આવી રહ્યું છે. 5 ઑક્ટોબરથી શરૂ થતો આ શૉ પરિવારોને સાથે મળીને રમવા, હસવા અને જીતની ખુશી માણવાની એક નવી તક આપશે. ''ડેઈલી જલસો'' કલર્સ ગુજરાતી પર પણ સોમવારથી શનિવાર, સાંજે 7 વાગ્યે પ્રસારિત થશે. દૈનિક પારિવારિક મનોરંજનના માપદંડ પર તૈયાર કરવામાં આવેલો આ શૉ 'ડેઈલી જલસો' દરેક પરિવારના દરેકે દરેક સભ્યને સાથે રાખીને રમવા, હરીફાઈ કરવા અને હસવાની સાથે જીતની ખુશી માણવાનો મોકો આપશે. રસપ્રદ રમતો અને હરીફાઈનો અનોખો સંગમ એવી પળો ઊભી કરશે જેમાં પરિવારના સભ્યો એકબીજા સાથે હળવી સ્પર્ધા કરી જીતના ઉત્સાહને માણી શકે.

## જાતે 'ડોક્ટર' બનવાનું પરિણામ! : શહેરમાં 9 માસમાં દવાની આડઅસરના 2155 કેસ

અમદાવાદ | લોકો ઘણી વાર સામાન્ય તાવ કે બીમારીમાં ઈન્ટરનેટ પર સર્ચ કરીને કે ઘરમાં પડેલી દવા લઈ લે છે, પરંતુ ડોક્ટરની સલાહ વિના લીધેલી આવી દવાઓથી થતી સાઈડ ઈફેક્ટના કેસો શહેરમાં વધ્યા છે. શહેરના ચાર એડીઆર મોનિટરિંગ સેન્ટરમાં ચાર વર્ષમાં દવાની આડઅસરના કુલ 7,267 કેસ નોંધાયા છે. વર્ષ 2023માં 1,188 કેસ સામે 2024માં 1,844, 2025માં 2,080 અને 2026માં અત્યાર સુધી 2155 કેસ નોંધાયા છે.

બી. જે મેડિકલમાં ચાલુ વર્ષે 1648, સોલાની જીએમઈઆરએસ મેડિકલ કોલેજમાં 377, એનએચએલ મેડિકલ કોલેજમાં 65 તથા જીસીએસ મેડિકલ કોલેજમાં 65 કેસ નોંધાયા છે.

દવાની આડઅસર દરેક વ્યક્તિમાં અલગ રીતે જોવા મળી શકે છે. કેટલીક આડઅસર સામાન્ય હોય છે, જેમ કે દવા લીધા પછી ઉબકા, પેટમાં દુખાવો, એસિડિટી, ચક્કર, માથાનો દુખાવો, ઊંઘ આવવી, કબજિયાત કે ઝાડા થવા.

એકસરખાં લક્ષણો અલગ-અલગ બીમારીના હોઈ શકે છે, તેથી ગૂગલની માહિતીના આધારે દવા ન લેવી.

જૂની દવા એક્સપાયર્ડ હોઈ શકે છે અથવા એક જ બીમારી ફરી થાય ત્યારે પણ અગાઉની દવા કે તેની જ માત્રા યોગ્ય હોય તે જરૂરી નથી. કેટલીક સ્થિતિમાં વધુ કે અલગ ડોઝની જરૂર પડી શકે છે.

# દિવાળી સુધી ઉકેલ નહીં આવે તો રાજ્યવ્યાપી હડતાળની ચીમકી

## મજૂરી ન વધારાતાં દાગીના બનાવતા બંગાળી કારીગરો હડતાળ પર ઊતરશે

અમદાવાદ | સોનાના ભાવો વધતાં દાગીનાની ખરીદી પર અસર પડી છે અને તેની સીધી અસર હવે દાગીના ઘડતા કારીગરો પર પડી રહી હોવાનો બંગાળી કારીગરોના એસોસિએશને દાવો કર્યો છે. કારીગરો વચ્ચે કામ મેળવવાની સ્પર્ધા એટલી વધી છે કે કેટલાક રૂ.10 હજારથી રૂ.30 હજારમાં પણ કામ કરે છે. અમદાવાદમાં અંદાજે 1.40 લાખ, જ્યારે રાજ્યમાં આશરે 6.50 લાખ બંગાળી કારીગરો દાગીના બનાવવાના વ્યવસાય સાથે જોડાયેલા છે. બંગાળી સમાજ એસોસિયેશનના પ્રમુખ શૈખ એ. રઉફ યાકૂબભાઈએ જણાવ્યા કે, 10 ગ્રામ દાગીના ઘડવા કારીગરને 30થી 60 દિવસ સુધી કામ કરવું પડે છે. હાલ જે મજૂરીના દર છે તેમાં 12 વર્ષથી વધારો થયો નથી. 'પ્રતિ 10 ગ્રામની મજૂરી 30 હજારને બદલે રૂ.60 હજાર કરો' એસોસિયેશને પ્રતિ 10 ગ્રામ રૂ.30 હજારની મજૂરી વધારીને રૂ.60 હજાર કરવાની માગ કરી છે. આ અંગે સોની એસોસિયેશન તેમજ સરકાર સમક્ષ રજૂઆત કરવામાં આવી હોવાનું પ્રમુખે જણાવ્યું છે.

# નવરાત્રી આવતાં કારમાં વેપારનો નવો ટ્રેન્ડ:રાતે 9 પછી મોંઘી કારો રોડ સાઈડ ગોઠવાઈ જાય છે, ડેકી ખોલી દુકાન બની જાય છે



અમદાવાદ | નવરાત્રીને ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે શહેરમાં ચણિયાચોળી, કેડિયાં જેવા ટ્રેડિશનલ કપડાં, ઓક્સિડાઈઝ્ડ જ્વેલરી, મોજડી, ચપ્પલનું વેચાણ પૂરજોશમાં શરૂ થઈ ગયું છે. સાયન્સ સિટી વિસ્તારમાં આરકે રોયલ હોલ, ઊગતી લેક વ્યૂ પાસે રોડ પર અનોખું માર્કેટ ઊભું થઈ રહ્યું છે. રાતે 10 વાગતાં જ રોડના કિનારે 35થી 40 નાની-મોટી કાર પાર્ક થઈ જાય છે. આ ગાડીઓની ડેકીને 'ડિસ્પ્લે કાઉન્ટર' બનાવીને વેચાણ કરવામાં આવે છે. એસજી હાઈવે તથા સાયન્સ સિટી આસપાસ રહેતાં લોકોને હવે ખરીદી માટે લો ગાર્ડન સુધી લાંબું થવું પડતું નથી. અહીં ખરીદી કરવા આવતા લોકોનું કહેવું છે કે, અહીં વાજબી ભાવે વસ્તુઓ મળી રહે છે. લૉ ગાર્ડન ખાતે ચણિયાચોળી, હસ્તકલાની વસ્તુઓ વેચતા પાથરણાંવાળા માટે ચોક્કસ માપના શેડ ધરાવતાં વેન્ડર સ્ટેન્ડ અને પ્લેટફોર્મ તૈયાર કરીને અપાયા છે. આ માટે સરવે કરાયા બાદ નોંધાયેલા પાથરણાંવાળાને ચોક્કસ જગ્યાઓ ફાળવવામાં આવી છે. સાયન્સ સિટી રોડ પર હજુ આ વ્યવસ્થા નથી થઈ પણ તહેવારોમાં શાંતિથી વેપાર કરવા દેવાય તેવી વેપારીઓની માગ છે.

# SG હાઈવે, જોધપુર, શીલજ ગોતાના ફ્લેટોમાંથી લાખોનું ફંડ ટ્રાન્સફર

અમદાવાદ | રાજસ્થાનની એક અમાન્ય રાજકીય પાર્ટીને અમદાવાદ સહિત રાજ્યમાંથી મળેલા દાનની ચોંકાવનારી વિગતો સામે આવી છે. લાખો રૂપિયાનું દાન કોઈ મોટા ઉદ્યોગગૃહ કે જાણીતી કંપનીઓના નામે નહીં, પરંતુ સામાન્ય રહેણાંક ફ્લેટ, એપાર્ટમેન્ટ અને સોસાયટીનાં સરનામાં પરથી અપાયું હોવાનું જાણવા મળ્યું છે. પાર્ટીના 2022-23ના Form-24A મુજબ ગુજરાતમાંથી કુલ રૂ.1.028 કરોડનું કોન્ટ્રિબ્યુશન મળ્યું હતું, જેમાં અમદાવાદનો હિસ્સો રૂ.72.50 લાખ છે.

અમદાવાદના જોધપુરમાંથી એક જ સરનામા પરથી બે વખત 25-25 લાખનું દાન આપવામાં આવ્યું છે. ગુજરાતમાંથી મળેલા કુલ દાનમાં 69 ટકા હિસ્સો એકલા અમદાવાદનો છે.

આ ઉપરાંત શીલજમાંથી રૂ.12. પાર્ટીને લાખોનું દાન આપનારા કેટલાક દાતાઓના સરનામાં સામાન્ય રહેણાંક સોસાયટી, એપાર્ટમેન્ટ કે સ્થાનિક વિસ્તારના છે.

# અમદાવાદમાં જાહેર રોડ પર શાકભાજી-ફ્રૂટના વેચાણ પર પ્રતિબંધ:આજથી લારી-સામાન જપ્તની સાથે દંડ થશે

અમદાવાદ | અમદાવાદમાં જાહેર રોડ ઉપર શાકભાજી અને ફ્રૂટ વેચવા ઉપર અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના એસ્ટેટ વિભાગે પ્રતિબંધ લગાવ્યો છે. રોડ ઉપર લારીઓ ઉભી રાખી શાકભાજી તેમજ ફ્રૂટ વેચવાના કારણે ટ્રાફિક થતો હોવાના પગલે આ નિર્ણય કર્યો છે. માત્ર કોર્પોરેશન દ્વારા બનાવવામાં આવેલા વેજીટેબલ માર્કેટમાં જ વેચાણ કરવાનું રહેશે. જો જાહેર રોડ કે ફૂટપાથ પર વેચાણ કરશે તો લારી તેમજ સામાન જપ્ત કરી દંડ કરવા સુધીની કાર્યવાહી કરાશે.

આ પહેલાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા દરેક ઝોનમાં વેજીટેબલ માર્કેટો બનાવવાનો નિર્ણય લીધો હતો. પરંતુ વોર્ડ દીઠ ત્રણથી ચાર માર્કેટ બનાવવા પડે એવી સ્થિતિ છે. દરેક વોર્ડમાં ત્રણથી ચાર મોટા શાક માર્કેટો હોય છે. પરંતુ હજુ વોર્ડ દીઠ ત્રણ વેજીટેબલ માર્કેટ બનાવવામાં આવે તો રોડ ઉપરથી શાકભાજીના વેપારીઓને દૂર કરી શકાશે.

રીંકુબેને જણાવ્યું કે અમે ગરીબ છીએ અને શાકભાજીનો વેપાર કરીએ છીએ. જો અમને શાકભાજીના થડા ફાળવવામાં આવે તો અમે ત્યાં વેપાર કરવા જવા તૈયાર છીએ. પરંતુ વેજીટેબલ માર્કેટ જ બનાવ્યા નથી તો કેવી રીતે વેપાર કરવા જઈશું.

અમદાવાદ મનપાના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરે જાહેર નોટિસ મારફતે જણાવ્યું છે કે, શહેરમાં વેપાર કરતા તમામ ફળ અને શાકભાજીનાં સ્ટ્રીટ વેન્ડર્સને સૂચના આપવામાં આવે છે કે જાહેર રસ્તાઓ, ફૂટપાથ અને ટ્રાફિકને અડચણરૂપ થાય તેવી કોઈપણ જગ્યાઓ પર શાકભાજી અને ફળનું વેચાણ કરવા પર પ્રતિબંધ છે. રસ્તાઓ પર વેપાર કરવાથી ટ્રાફિકની ગંભીર સમસ્યાઓ સર્જાય છે અને રાહદારીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે.

તમામ સ્ટ્રીટ વેન્ડર્સને કડક સૂચના છે કે, તેઓએ પોતાની વેચાણ પ્રવૃત્તિઓ માત્ર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નક્કી કરાયેલ શાકભાજી માર્કેટ તથા નિયત કરાયેલા અન્ય સ્થળોએ જ કરવાની રહેશે. જો કોઈ પણ વેન્ડર્સ આ સૂચનાનું ઉલ્લંઘન કરીને જાહેર રસ્તા પર કે ફૂટપાથ પર વેચાણ કરતા જણાશે તો તેને 'ગેરકાયદેસર દબાણ' ગણવામાં આવશે. જેથી કોર્પોરેશન દ્વારા કડક કાર્યવાહી કરાશે, જેમાં માલ-સામાન અને લારી જપ્ત કરવા તેમજ આકરો દંડ ફટકારવાની કાર્યવાહીનો પણ સમાવેશ થાય છે.

શહેરમાં ખાસ કરીને સાંજના સમયે રોડ ઉપર ટ્રાફિકની સમસ્યા શાકભાજીની લારીઓ અને બજાર ભરાતું હોય તેના કારણે થતું હોવાથી મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા અલગ-અલગ સ્થળો પર વેજીટેબલ માર્કેટ બનાવવામાં આવ્યા છે, પરંતુ વેપારીઓ વેજીટેબલ માર્કેટમાં વેચાણ કરતા નથી, જેના પગલે AMCના એસ્ટેટ વિભાગ દ્વારા હવે રોડ પરના તમામ શાકભાજી અને ફ્રૂટના વેપારીઓને વેજીટેબલ માર્કેટમાં ફરજિયાત બેસે તેના માટે રોડ પર વેચાણ કરવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

આજે તમને સમજ પડી શકે છે કે સમજ્યા વિચાર્યા વગર ધન ખર્ચવું તમને કેટલું નુકસાન કરી શકે છે. તમે ભાગ્યે જ મળતા હો એવા લોકો સાથે સંપર્ક સાધવા માટે સારો દિવસ. તમારા મિત્રો સાથે તમે વિતાવેલા સારા સમયને યાદ કરી મિત્રતાને નવપલ્લવિત કરવાનો સમય.

**વૃષભ : બ. વ. ઉ.**

આજે તમે નિરાંત અનુભવશો તથા મોજ-મજા માટે યોગ્ય મૂડમાં હશો. આજ ના દિવસે તમારે દારૂ જેવી માદક વસ્તુ નું સેવન ના કરવું જોઈએ કેમકે નશા ની સ્થિતિ માં તમારી કોઈ મોંઘી વસ્તુ ખોવાઈ શકે છે. અન્યોને અપમાનિત ન કરવાનો પ્રયાસ કરજો.

**મિથુન : ક. છ. ઘ.**

તમારે કેટલાક આઘાતનો સામનો કરવાની શક્યતા હોવાથી તમારે તમારી લાગણીઓને અંકુશમાં લેવાની તથા તમારા ભયથી મુક્ત થવાની તાકીદે જરૂર છે. તમારા આશાવાદી અભિગમ દ્વારા તમે આ બંનેનો સામનો કરી શકો છો. જો તમે કોઈ ની જોડે પાછું માંગી રહ્યા હતા.

**કર્ક : ડ. હ.**

સ્વાસ્થ્યને દરકારની જરૂર પડશે. શંકાસ્પદ આર્થિક સોદાઓમાં સંડોવાઈ ન જાવ તેની તકેદારી રાખજો. તમારે તમારો ફાજલ સ્મ બાળકોની સોબત માણવામાં વિતાવવો જોઈએ-આવું કરવા માટે તમારે નિયમિત બાબતો કરતાં કશુંક અલગ કરવાની જરૂર પડે તો એવું કરજો.

**સિંહ : મ. ટ.**

તમારા વિનમ્ર વર્તનની સરાહના થશે. અનેક લોકો તમારા છુટ્ટા મોંએ વખાણ કરશે. આજ ના દિવસે ધન હાનિ થવા ની સંભાવના છે તેથી લેણદેણ ની સમયે જેટલી સાવચેતી રાખશો તેટલું તમારા માટે સારું રહેશે તમારી સમયસરની મદદ કોઈકનું જીવન બચાવશે.

**કન્યા : પ. ઠ. ણ.**

તમારા મગજને પ્રેમ, આશા, વિશ્વાસ, કરૂણા, આશાવાદ તથા વફાદારી જેવી હકારાત્મક લાગણીઓને ગ્રહણ કરે તેવું બનાવો. એકવાર આ લાગણીઓ સંપૂર્ણ અંકુશ લઈ લે- એપછી મગજ દરેક પરિસ્થિતિને હકારાત્મક પ્રતિસાદ આપશે.

**તુલા : ર. ત.**

તમને તમારી જાત માટે સારી લાગણી થાય એવી બાબતો કરવા માટે અદભુત દિવસ. તમારી આર્થિક સ્થિતિ સુધરશે આમ છતાં નાણાખર્ચમાં વધારો તમારી યોજનાઓને પાર પાડવામાં અંતરાયો ઊભા કરશે. તમારા ઉદાર સ્વભાવનો લાભ તમારા મિત્રોને ન લેવા દો.

**વૃશ્ચિક : ન. ય.**

તમારી જાતને બિનજરૂરીપણે ઉતારી પાડવી એ બાબત ઉત્સાહ ઘટાડી શકે છે. જો તમે પોતાના ઘર ના કોઈ સભ્ય જોડે ઉધાર લીધું હોય તો તેને આજ ચૂકવી દો નહીંતર તે તમારી વિરુદ્ધ કાયદકીય પગલાં લયી શકે છે.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

કામના સ્થળે વરિષ્ઠો તરફથી દબાણ તથા ઘરે વિસંવાદિતા તાણને આમંત્રણ આપી શકે છે-જે કામમાં તમારા ધ્યાનમાં ખલેલ પહોંચાડી શકે છે. આજ ના દિવસે ભૂલી ને પણ કોઈ ને પૈસા ઉધાર ના આપો અને જો આપવું જરૂરી હોય તો પૈસા આપતી સમયે સામેવાળા થી લખાણ લ્યો કે તે ક્યારે પૈસા પાછા આપશે.

**મકર : ખ. જ.**

વધુ આશાવાદી બનવા માટે તમારી જાતને પ્રોત્સાહિત કરો. તે તમારો આત્મવિશ્વાસ તથા લવચિકપણું વધારશે પણ તેની સાથે જ ભય, નફરત, ઈર્ષા અને બદલો જેવી નકારાત્મક ભાવનાઓ છોડવા તૈયાર કરો. બીજા દિવસો ની સરખામણી માં આજ નું દિવસ સારું રહેશે અને પર્યાપ્ત ધન ની પ્રાપ્તિ થશે.

**કુંભ : ગ. સ. શ. ષ.**

ધ્યાન તથા યોગ આધ્યાત્મિક તથા શારીરિક લાભ માટે ઉપયોગી સાબિત થશે. વધારાનાં નાણાં રિયલ એસ્ટેટમાં રોકજો. તમારી લાગણીઓ પર અંકુશ મુકવો તમારી માટે મુશ્કેલ થઈ પડશે- પણ તમારી આસપાસના લોકોને કનડતા નહીં અન્યથા તમે એકલા પડી જશો.

**મીન : દ. ચ. ઝ. થ.**

તમારી ખરાબ આદતો તમારી માટે મુશ્કેલીઓ સર્જશે. આજે તમને પોતાના ભાઈ અથવા બહેન ની મદદ થી ધન લાભ થવા ની શક્યતા છે. ઘરમાં કેટલાક ફેરફારો તમને ખાસ્સા સંવેદનશીલ બનાવી દેશે- પણ તેમ તમારી લાગણીઓ અસરકારક રીતે જેમનું મહત્વ છે એવા લોકો સુધી પહોંચાડવામાં સફળ થશો.

## લુણાવાડા અર્બન હેલ્થ સેન્ટર ખાતે 'સેવા મેરા યોગદાન અભિયાન' અંતર્ગત એનિમિયા સ્ક્રીનિંગ અને મહિલા હેલ્થ ચેકઅપ કેમ્પ સંપન્ન

જગદીશ ત્રિવેદી | મહીસાગર

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજીના ૨૫ વર્ષની અવિરત જનસેવા તથા 'વિકસિત ભારત ૨૦૪૭'ના સામુહિક સંકલ્પ અન્વયે



આયોજિત વિવિધ કાર્યક્રમોના ભાગરૂપે 'સેવા મેરા યોગદાન અભિયાન' અંતર્ગત મહીસાગર જિલ્લાના આરોગ્ય કેન્દ્રો ખાતે નાગરિકોના સ્વાસ્થ્ય અને સુખાકારીને કેન્દ્રમાં રાખીને વિવિધ આરોગ્યલક્ષી સેવાઓ તેમજ જનજાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે, જેના ઉપલક્ષ્યમાં લુણાવાડા અર્બન હેલ્થ સેન્ટર ખાતે વિશેષ એનિમિયા સ્ક્રીનિંગ કેમ્પ અને મહિલા હેલ્થ ચેકઅપ કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ સેવાકીય કેમ્પમાં લુણાવાડા નગરપાલિકા પ્રમુખશ્રી ડો. કીર્તિ પટેલ તેમજ મેડિકલ ઓફિસર અને આરોગ્ય વિભાગની વિશેષ ટીમ ખાસ ઉપસ્થિત રહી હતી. કેમ્પ દરમિયાન મહિલાઓમાં એનિમિયાની તપાસ, હિમોગ્લોબિન પરીક્ષણ, એનિમીયા મુક્ત ભારતની નિયત માર્ગદર્શિકા મુજબ આયર્ન અને ફોલિક એસિડ સપ્લિમેન્ટ્સનું વિનામૂલ્યે વિતરણ તેમજ એનિમિયાની રોકથામ, તેના લક્ષણો અને સમયસર વહેલી તપાસ અંગે લાભાર્થીઓને ઊંડાણપૂર્વકનું તબીબી માર્ગદર્શન પૂરું પાડીને ઉપસ્થિત મહાનુભાવો અને તબીબો દ્વારા નાગરિકોને સ્વાસ્થ્ય પ્રત્યે સજાગ રહેવા માટે પ્રેરિત કરવામાં આવ્યા હતા.

## ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા ડેમ આજે સંપૂર્ણ છલકાશે, કેટલે પહોંચી સપાટી

(એજન્સી) નર્મદા | તા.30

ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર નર્મદા ડેમ હવે સંપૂર્ણ ભરાવાની અણી પર પહોંચી ગયો છે. ડેમની જળસપાટી વધીને 138.61 મીટર પર પહોંચી છે. ડેમની મહત્તમ જળસપાટી 138.68 મીટર હોવાથી હવે સંપૂર્ણ ભરાવા માટે માત્ર 7 સેન્ટિમીટર બાકી રહી છે. હાલ ડેમ 99.50 ટકા ભરાઈ ગયો છે અને આજે બપોરે ડેમ સંપૂર્ણ ભરાઈ જવાની શક્યતા છે. નર્મદા ડેમમાં ઉપરવાસમાંથી સતત પાણીની આવક થઈ રહી છે. હાલ ઉપરવાસમાંથી 43,659 ક્યુસેક પાણી આવી રહ્યું છે. ડેમમાં હાલમાં 5,737.46 એમસીએમ જળસંગ્રહ છે. પાણીની આવકને ધ્યાનમાં રાખીને ડેમમાંથી હાલ 11,564 ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે નર્મદા ડેમ ખાતે વીજ ઉત્પાદન પણ ચાલુ છે. હાલ કેનાલ હેડ પાવર હાઉસની ત્રણ ટર્બાઈન દ્વારા વીજ ઉત્પાદન થઈ રહ્યું છે. જોકે, રિવર બેડ પાવર હાઉસની તમામ ટર્બાઈન બંધ છે. નર્મદા ડેમ ગુજરાત માટે પીવાના પાણી, સિંચાઈ અને વીજ ઉત્પાદનની દૃષ્ટિએ મહત્વપૂર્ણ છે. રાજ્યના અન્ય જળાશયોની સરખામણીમાં નર્મદા ડેમને ગુજરાતની જીવાદોરી તરીકે ઓળખવામાં આવે છે. ડેમમાં પાણીનો જથ્થો વધતાં રાજ્યના વિવિધ વિસ્તારો માટે પાણીની ઉપલબ્ધતાને લઈને પણ રાહતની સ્થિતિ સર્જાઈ છે. સરદાર સરોવર ડેમની કુલ રચનાત્મક માહિતી મુજબ તેની જળસંગ્રહ ક્ષમતા અને વીજ ઉત્પાદન ક્ષમતા ગુજરાતના જળવ્યવસ્થાપનમાં મહત્વપૂર્ણ સ્થાન ધરાવે છે.

## કેશોદમાં રઘુવંશી સોશિયલ ગ્રુપ દ્વારા જરૂરિયાતમંદ પરિવારોને અનાજ કીટનું વિતરણ

| નરેન્દ્ર દવે જૂનાગઢ તા.30

કેશોદમાં રઘુવંશી સોશિયલ ગ્રુપ દ્વારા દાતાઓના સહયોગ થી જરૂરિયાતમંદ પરિવારોની મદદ માટે સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે. ગ્રુપ દ્વારા દર માસના અંતિમ રવિવારે જરૂરિયાતમંદ પરિવારોને અનાજ સહિત ની જીવનજરૂરી ચીજવસ્તુઓની કીટનું વિતરણ કરવામાં આવે છે. યોજાયેલા વિતરણ કાર્યક્રમમાં જરૂરિયાતમંદ પરિવારોને ઘઉં, બાજરી, ચોખા, ખાંડ, તેલ સહિતની વસ્તુઓની અનાજ કીટ આપવામાં આવી હતી. રઘુવંશી સોશિયલ ગ્રુપ દ્વારા છેલ્લા કેટલાય વર્ષોથી આ સેવાકાર્ય સતત કરવામાં આવી રહ્યું છે. તહેવારોના અવસરે પણ ગ્રુપ દ્વારા જરૂરિયાતમંદ પરિવારોને સહાયરૂપ થવા માટે વિવિધ વસ્તુઓનું વિતરણ કરવામાં આવે છે. આગામી દિવાળી અને દશેરા નિમિત્તે મીઠાઈ, કપડાં, ફરસાણ, તેલ, બાજરી, ચોખા સહિતની વસ્તુઓ આપવામાં આવશે.આ ઉપરાંત વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા વિદ્યાર્થી સન્માન કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવે છે. રઘુવંશી સોશિયલ ગ્રુપ દ્વારા દાતાઓ ના સહયોગથી જરૂરિયાતમંદ પરિવારોને સહાય પહોંચાડવા સાથે સમાજમાં સેવાભાવની પ્રવૃત્તિઓને સતત આગળ ધપાવવામાં આવી રહી છે.

## જામનગર જિલ્લાના દડિયા ગામ ખાતે આવતી કાલે વિર વચ્છરાજદાદા નો ૨૪ માં મહા પાટોત્સવ ઉજવાશે

વિશાલ જે હરવરા જામનગર | જામનગર જિલ્લાના દડિયા ગામે છેલ્લા ૪૮ વર્ષથી દર બે વર્ષે વાછરાદાદા ના મહા પાટોત્સવ નું આયોજન ભાદરવા વદ પાંચમ ના દિવસે સમસ્ત દડિયા ગામ દ્વારા કરવામાં આવે છે આ પાટોત્સવમાં સવારે દાદા નિ ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવે છે જેમાં મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહે છે અને બપોરે મહાપ્રસાદ નું ભવ્ય આયોજન કરાય છે જેમાં સમસ્ત ગ્રામજનો તેમજ રાજકીય આગેવાનો આજુબાજુ ના ગામના અગ્રણીઓ આ કાર્યક્રમમાં દાદા નો પ્રસાદ લેવા આવે છે. અને રાત્રે ભવ્ય લોકડાયરા નું આયોજન પણ કરવામાં આવ્યું છે જેમાં ગુજરાત ના નામાંકિત કલાકારો પૂજાબા ચોહાણ, કરિશ્માબેન દેસાણી, દિનેશભાઈ નંદા, જગદીશભાઈ મેર અને ભીખાભાઈ મારાજ સહિત ના કલાકારો ડાયરા ની રમઝટ બોલાવશે તો જામનગર જિલ્લાની તમામ ધર્મપ્રેમી જનતા ને આ લોક ડાયરા માં પધારવા જાહેર આમંત્રણ સમસ્ત દડિયા ગામ દ્વારા આપવામાં આવ્યું છે.

## નખત્રાણા દરિયાસ્થાન મંદિરે આજે ૧૫૧મી ગુરુવારની આરતી યોજાશે

### સ્વ. ખીમજીભાઈ નારણજીભાઈ જેતનપુરા પરિવાર, મુંબઈ દ્વારા દાતાપદની સેવા

જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

શ્રી નખત્રાણા લોહાણા મહાજન દ્વારા સંચાલિત શ્રી દરિયાસ્થાન મંદિર, જુનાવાસ-નખત્રાણા ખાતે આજે પરમ પૂજ્ય શ્રી જલારામ બાપાની ૧૫૧મી ગુરુવારની આરતી યોજાશે. આજે સાંજે ૭ કલાકે યોજાનારી આ પાવન આરતીના દાતાપદની સેવા સ્વ. ખીમજીભાઈ નારણજીભાઈ જેતનપુરા પરિવાર, મુંબઈ દ્વારા અર્પણ કરવામાં આવી છે.આ પ્રસંગે ભજન-સત્સંગ તથા આરતીનું આયોજન કરવામાં આવ્યું છે. શ્રી રઘુવંશી પરિવાર તથા સમસ્ત ભક્તજનોને ઉપસ્થિત રહી જલારામ બાપાના દર્શન અને આરતીનો લાભ લેવા ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.આ બાબતે અખિલ રઘુવંશી સોશિયલ ગ્રુપના પ્રમુખ શ્રી રાજેશભાઈ પલણે જણાવ્યું હતું કે, જલારામ બાપાની ગુરુવારની આરતીનો આ પાવન પ્રસંગ ભક્તો માટે શ્રદ્ધા અને ભક્તિનો અવસર છે. રઘુવંશી પરિવાર તથા જલારામ ભક્તોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી આરતી અને ભજન-સત્સંગનો લાભ લેવા તેમણે અનુરોધ કર્યો હતો.




## રાજુલા તાલુકાના રામપરા ગામે ગુજરાત સરકારના રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ તાલુકા સ્તરની ક્રિડા સ્પર્ધા યોજાઇ

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

રામપરા મુકામે આજ રોજ તારીખ ૨૯/૦૯/ ૨૦૨૬ ના રોજ ગુજરાત સરકારના રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ તથા સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતના સંયુક્ત ઉપક્રમ હેઠળ તાલુકા સ્તરની ક્રીડા સ્પર્ધા નું આયોજન રાજુલા તાલુકાના રામપરા ગામે સ્થિત શ્રી વૃંદાવન પ્રાથમિક શાળામાં યોજવામા આવેલ હતું. આ કાર્યક્રમનો હેતુ બાળકોમાં છુપાયેલી પ્રતિભા શોધી તેને રાજ્ય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે ખ્યાતિ આપવાનો હતો જે કાર્યક્રમમાં વિવિધ ક્રીડાઓ પ્રવૃત્તિઓ સાથે વિદ્યાર્થીઓ ઉત્સાહ સાથે ભાગ લીધો હતો. આ પ્રસંગ જાફરાબાદ



વિસ્તારના ખારવા સમાજના અગ્રણી સ્વ. રામજીભાઈ કલ્યાણભાઈ સોલંકી ના પુત્ર અને જાફરાબાદના જાણીતા સમાજ સેવક અને નોટરી એડવોકેટ બાલકૃષ્ણ રામજીભાઈ સોલંકી ની પુત્રી સોલંકી દેવાક્ષીબેન બાલકૃષ્ણ સોલંકી ( ધોરણ ૬ આદિત્ય બિરલા પબ્લિક સ્કૂલ કોવાયાં ) એ અંડર - ૧૪ સ્પર્ધામાં પોતાની ઉત્કૃષ્ટ બુદ્ધિ એકાગ્રતા અને ખેલ કૌશલ્યનું પ્રદર્શન કર્યું હતું. દેવાંક્ષીબેન ત્રણેય રાઉન્ડ જીતી તાલુકા સ્તરે અંડર -૧૪ કેટેગરીમાં પ્રથમ ક્રમમાં હાંસલ કર્યો હતો .આ વિજય માત્ર શાળાનો જ નહીં પરંતુ સમગ્ર ખારવા સમાજ અને જાફરાબાદ વિસ્તારનું ગૌરવ વધારતો છે. તાલુકાના શિક્ષણ વિભાગ તથા ખેલ અધિકારીઓએ દેવાંક્ષીબેન ને આ સફળતા બદલ અભિનંદન પાઠવ્યા હતા. સાથે જ એડવોકેટ બાલકૃષ્ણ સોલંકી તેમજ તેમના ધર્મ પત્ની એડવોકેટ કલાવતીબેન તેમજ પરિવાર ઉત્સાહ તથા પ્રેરણાને સૌએ વખાણી હતી. આ વિજય દ્વારા દેવાંક્ષીબેન સાબિત કર્યું છે કે પ્રતિભા અને સંકલ્પ સાથે કોઈ પણ ક્ષેત્રનો ઉત્કૃષ્ટતા હાસલ કરી શકાય છે કેમ કે ૨૦૨૫ માં પણ દેવાંક્ષીબેન એ જાફરાબાદ તાલુકા લેવલ ચેસમાં ધ આદિત્ય બિરલા સ્કૂલ જાફરાબાદ થી ભાગ લઈ પ્રથમ ક્રમાંક મેળવ્યો હતો આ સિદ્ધિ બીજીવાર મેળવવા બદલખારવા સમાજ તથા સમગ્ર જાફરાબાદ વિસ્તારમાં તેમની આ સિદ્ધિ પર ગર્વ અનુભવ છે અને તેમની ભાવિ સફળતાની શુભેચ્છા પાઠવે છે.

## સંખેડા તાલુકામાં કર્મયોગી મહાઅભિયાન હેઠળ સરકારી કર્મચારીઓ માટે તાલીમ વર્ગ યોજાયો હતો

રિપોર્ટર .કમલેશ પટેલ. સંખેડા

સંખેડા તાલુકામાં કર્મયોગી મહાઅભિયાન હેઠળ સરકારી કર્મચારીઓ માટે તાલીમ વર્ગ યોજાયો હતો. આ તાલીમ વર્ગ વર્ગ-3 અને વર્ગ-4ના કર્મચારીઓ માટે હતો.તેમાં અસરકારક સંદેશા વ્યવહાર, કાર્યદક્ષતામાં વધારો, પરિણામલક્ષી આયોજન અને વર્તણૂકલક્ષી તાલીમ આપવામાં આવી હતી.સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા (સ્પીપા), ગાંધીનગરના નિર્દેશન અને છોટાઉદેપુર જિલ્લા કલેક્ટરના આયોજનથી આ તાલીમનો બીજો તબક્કો સેવા સદન, સંખેડા ખાતે યોજાયો.આ તાલીમ વર્ગમાં રેવન્યુ, આરોગ્ય અને પોલીસ વિભાગના કર્મચારીઓને 3 દિવસ સુધી તાલીમ અપાઈ. મામલતદાર જીગ્નેશભાઈ પટેલે વર્ગની મુલાકાત લીધી હતી.સ્પીપા વતી અનંતાબેન રાઠવા, સીઆરસી માસ્ટર ટ્રેનર અલ્પેશ રાવલ અને જૈમિન પટેલે કર્મચારીઓને તાલીમ આપી હતી.



## નાનકડાં ભૂલકાંઓના હાસ્યથી ગુંજ્યું આંગણું : દેશલપર (ગુંતલી)માં 'આંગણ ઉત્સવ 2026'ની ઉજવણી

જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

નખત્રાણા તાલુકાના દેશલપર (ગુંતલી) ગામના આંગણવાડી કેન્દ્ર નંબર-1 અને કેન્દ્ર નંબર-2 ખાતે 'આંગણ ઉત્સવ 2026' કાર્યક્રમની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં ગામના આગેવાનો, આમંત્રિત મહેમાનો, આંગણવાડી કાર્યકર બહેનો, હેલ્પર બહેનો, આશા વર્કર બહેનો તથા લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.આ પ્રસંગે ગામના સરપંચ શ્રી નારણભાઈ ચાવડા, સુપરવાઈઝર શ્રી લતાબેન મારુ, આશા વર્કર રાભિયાબેન કુંભાર, હેમલતાબેન વી. જોશી, આંગણવાડી વર્કર પરમેશ્વરીબેન સહિત આગેવાનો, કાર્યકર બહેનો અને મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.આંગણવાડી કાર્યકર અમીનાબેન લગાએ જણાવ્યું હતું કે, આંગણ ઉત્સવનો મુખ્ય હેતુ બાળકોના સર્વાંગી વિકાસ, પોષણ, આરોગ્ય અને પ્રાથમિક શિક્ષણ અંગે વાલીઓમાં જાગૃતિ લાવવાનો છે. આવા કાર્યક્રમોથી બાળકોમાં આનંદ સાથે શીખવાની ભાવના વિકસે છે તેમજ વાલીઓ પણ બાળકોના વિકાસ પ્રત્યે વધુ જાગૃત બને છે.કાર્યક્રમ દરમિયાન બાળકો માટે વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત મહેમાનો દ્વારા આંગણવાડી કેન્દ્રની કામગીરીની પ્રશંસા કરી બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે સૌએ સહિયારા પ્રયાસો કરવાની હાકલ કરી હતી.



### "સ્વચ્છ શહેર ૧૦૦ દિવસ મહા અભિયાન" અંતર્ગત મહાનગરપાલિકા

## જૂનાગઢ ફૂડ શાખા દ્વારા ડાઈનિંગ હોલના પ્રતિનિધિ તથા રેસ્ટોરેન્ટ પ્રતિનિધિઓ માટે તાલીમ કેમ્પ યોજાયો

| નરેન્દ્ર દવે જૂનાગઢ તા.30.

મહાનગરપાલિકા, જૂનાગઢ દ્વારા ક્લીનલીનેસ ટાર્ગેટ યુનિટ (CTU)ની નાબૂદીથી લઈને વિઝિબલ ક્લીનલીનેસ (Visible Cleanliness) ના લક્ષ્યાંકને સિદ્ધ કરવાના ભાગરૂપે "સ્વચ્છ શહેર ૧૦૦ દિવસ મહા અભિયાન" શરૂ કરવામાં આવ્યું છે. આ અભિયાન અંતર્ગત સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ નિયમો, ૨૦૨૬ ના અમલીકરણ અને નામદાર સુપ્રીમ કોર્ટના સિવિલ અપીલ નં. ૬૧૭૪/૨૦૨૩ ના આદેશોના ચુસ્ત પાલન અર્થે કચરાના ચાર રીતે વર્ગીકરણ (સોર્સ સેગ્રીગેશન) કરવાના ભાગરૂપે તા. ૨૯-૦૯-૨૦૨૬ ના રોજ જૂનાગઢ મહાનગરપાલિકાની ફૂડ શાખા દ્વારા ડાઈનિંગ હોલ તથા રેસ્ટોરેન્ટ પ્રતિનિધિઓ માટે ચાર ડબ્બાઓમાં કચરાના અલગ-અલગ વર્ગીકરણ અંગે વિસ્તૃત તકનીકી સમજ પૂરી પાડવામાં આવી હતી. જેમાં લીલા ડબ્બા (Green Bin) માં કિચન વેસ્ટ, ફૂડ વેસ્ટ, વેજીટેબલ વેસ્ટ, ફ્રૂટ વેસ્ટ, ફૂલ વેસ્ટ, ખાદ્યપદાર્થો તથા અન્ય બાયો-ડિગ્રેડેબલ ભીનો કચરો; બ્લુ ડબ્બા (Blue Bin) માં પ્લાસ્ટિક, પેપર, રબર, વુડ, મેટલ વગેરે સૂકો કચરો (ભીનો, સેનેટરી અને સ્પેશિયલ કેર સિવાયનો રિસાયકલ કરી શકાય તેવો તથા રિસાયકલ ન કરી શકાય તેવો કચરો); લાલ ડબ્બા (Red Bin) માં ઉપયોગ કરેલા ડાયપર, સેનેટરી નેપકીન/ટોવેલ, સેનેટરી વેસ્ટ, ટેમ્પોન્સ, બેન્ડેઝ, બેડ પ્રોટેક્શન શીટ વગેરે સેનેટરી કચરો; તેમજ કાળા ડબ્બા (Black Bin) માં વેસ્ટ બેટરી, પેન્સિલ સેલ, બલ્બ, ટ્યુબલાઈટ, એક્સપાયર્ડ મેડિસિન, જંતુનાશક દવાના ડબ્બા, તૂટેલા મરક્યુરી થર્મોમીટર, વપરાયેલ સિરીંજ/નીડલ, કલરના ડબ્બા, ઈલેક્ટ્રોનિક્સ વેસ્ટ તથા CPCB દ્વારા સમયાંતરે નિર્ધારિત કરાયેલ અન્ય સ્પેશિયલ કેર/જોખમી કચરાના નિકાલ અંગે સવિસ્તાર માર્ગદર્શન અપાયું હતું.આ તકે "મારુ શહેર, મારી ઓળખ - સ્વચ્છતા છે સૌની જવાબદારી" ના મંત્ર સાથે શહેરને સંપૂર્ણ સ્વચ્છ બનાવવા સૌએ દ્રઢ સંકલ્પ વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમના અંતે ઉપસ્થિત સૌ અગ્રણીઓ તેમજ શાખાઓના કર્મચારીઓએ સ્વચ્છતા અંગેના સામૂહિક શપથ લીધા હતા અને કચરાના વર્ગીકરણ અંગે સંકલ્પ પત્ર ભર્યા હતા. આ સાથે જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા નાગરિકોને અપીલ કરવામાં આવી છે.

## નવલા નોરતા : શ્રી સંહિતા મહિલા મંડળ અને શ્રી ચામુંડા મહિલા મંડળ દ્વારા ઓપન જુનાગઢ સર્વે બહેનો માટે ફરતા ગરબાની હરીફાઈ

| નરેન્દ્ર દવે જૂનાગઢ તા.30.

નવલા નોરતાના વધામણાં કરવા માટે શ્રી સંહિતા મહિલા મંડળ અને શ્રી ચામુંડા મહિલા મંડળ દ્વારા ઓપન જુનાગઢ સર્વે બહેનો માટે ફરતા ગરબાની હરીફાઈનુ તા. 9/10/2026 ને શુક્રવારે સાંજે 4:00 થી 6:00 ભૂતનાથ મહાદેવ મંદિર, જૂનાગઢ ખાતે આયોજન કરવામાં આવ્યું છે. આ હરીફાઈમાં ગ્રુપ પાડવામા આવ્યા છે, તેમાં 15 થી 35 વર્ષ, 36 થી 55 વર્ષ અને 56 વર્ષથી ઉપરના બહેનો તથા 15વર્ષ થી નાની બાળાઓ નવરાત્રીને અનુરૂપ સુંદર ડ્રેસિંગ કરીને ગરબા રમનાર તમામ બાળાઓને પુરસ્કૃત કરવામાં આવશે. પ્રવેશ ફી માત્ર 10/-ફી ભરીને લોગો મેળવી, પોતાના ગ્રુપ પ્રમાણે ગરબામાં ભાગ લઈ શકાશે તેમજ ત્રણેય ગ્રુપની બહેનોએ ગરબાને અનુરૂપ ડ્રેસિંગ કરવાનું રહેશે.આ કાર્યક્રમને સફળ બનાવવા માટે આરતીબેન જોષી, ચંદ્રિકાબેન મહેતા, ચેતનાબેન પંડ્યા અને દક્ષાબેન જોષી તથા કારોબારી સભ્યો જેહમત ઉઠાવી રહ્યા છે.

## મોટા યક્ષનો મીની તરણેતરતનો ચાર દિવસીય લોકમેળો સંપન્ન

મહેશ એલ.સોની નખત્રાણા

કચ્છના મિની તરણેતર તરીકે પ્રખ્યાત અને જિલ્લાના સૌથી મોટા ગણાતા મોટા યક્ષનો ચાર દિવસીય લોકમેળો ગત મોડી રાત્રે શાંતિપૂર્ણ રીતે સંપન્ન થયો હતો. ચારેય દિવસ મેળામાં માનવ મહેરામણ ઉમટ્યું હતું. ખાસ કરીને છેલ્લા દિવસે પણ સાંજથી મોડી રાત સુધી ખાણી-પીણી, ખરીદી અને મનોરંજન માટે ભારે ભીડ જોવા મળી હતી.મેળાના પ્રથમ દિવસે નખત્રાણા તાલુકાના મોટા યક્ષ ગામ ખાતે કચ્છના સૌથી મોટા અને ઐતિહાસિક શ્રી મોટા યક્ષદેવના મેળાનું માનનીય રાજ્યમંત્રી શ્રી ત્રિકમભાઈ છાંગાના વરદહસ્તે ભવ્ય ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. યક્ષ દેવને વાઘા-આભૂષણો અર્પણ કરી નિશાન ધ્વજા ચડાવીને મેળાને ખુલ્લો મુકવામાં આવ્યો હતો અને રૂ. 10 કરોડના વિકાસ કામોનું ખાતમુહૂર્ત પણ કરાયું હતું.આ પાવન અવસરે જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી પ્રભાબેન હુંબલ, અબડાસા વિસ્તારના ધારાસભ્ય શ્રી પી. એમ.જાડેજા પૂર્વ ધારાસભ્ય કેશુભાઈ પટેલ, કચ્છ જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન દિનેશભાઈ રૂડાણી સહિતના મોટી સંખ્યામાં ઉપસ્થિત આગેવાનો અને મહાનુભાવોએ શ્રી યક્ષદેવના દર્શન કરી આશીર્વાદ મેળવ્યા હતા. મેળા પરિસરની મુલાકાત લઈ વિવિધ વ્યવસ્થાઓનું નિરીક્ષણ કર્યું હતું અને ભક્તજનો તથા યાત્રાળુઓ સાથે આત્મીય મુલાકાત કરી મેળાની રોનક વચ્ચે સૌ સાથે આનંદની ક્ષણો માણી હતી.ચાર દિવસ દરમિયાન 27 વિશાળ બજારોમાં લાગેલા 500થી વધુ સ્ટોલમાં લાખો રૂપિયાનો વેપાર થયો હોવાનું ધંધાર્થીઓએ જણાવ્યું હતું. ચકડોળ, મોતના કૂવા સહિત મનોરંજનના સાધનોમાં પણ છેલ્લા દિવસ સુધી હાઉસફુલ જેવો માહોલ રહ્યો હતો.આ વખતના મેળાની સૌથી મોટી વિશેષતા સુરક્ષા, સ્વચ્છતા અને સેવાનો ત્રિવેણી સંગમ રહી હતી. મેળામાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ દ્વારા 400 જેટલા જવાનો સાથે ચુસ્ત બંદોબસ્ત ગોઠવાયો હતો. વહીવટી તંત્ર દ્વારા પ્રાંત અધિકારી ઉમેશ ઉજ્જવલ, મામલતદાર રાકેશ પટેલ અને ટીડીઓ હાર્દિક ગઢવીની આગેવાનીમાં પ્લાસ્ટિક મુક્ત અભિયાન ચલાવી પ્લાસ્ટિક થેલીઓના બદલામાં કાપડની થેલીઓ વહેંચવામાં આવી હતી. સાંયરા (યક્ષ) જૂથ ગ્રામપંચાયત દ્વારા દરરોજ સવારે બજારોની સફાઈ અને આખાય મેળા પરિસરમાં સફાઈની કામગીરી કરવામાં આવી હતી.

### મારૂ કંસારા સોની સમાજની દીકરીએ ફરી વગાડ્યો ડંકો

## ભરતનાટ્યમમાં તાલુકા કક્ષાએ પ્રથમ

મહેશ એલ. સોની નખત્રાણા

કલા મહાકુંભ અંતર્ગત યોજાયેલી માંડવીતતાલુકા કક્ષાની સ્પર્ધામાં માંડવીની ખીમજી રામદાસ કન્યા વિધાલયમાં અભ્યાસ કરતી દીકરીએ ફરી એકવાર પોતાની કલાનો જાદુ પાથરી સૌના દિલ જીતી લીધા છે.માંડવીની ખીમજી રામદાસ કન્યા વિધાલયમાં સાતમા ધોરણમાં અભ્યાસ કરતી શ્રી મારૂ કંસારા સોની સમાજ ની દીકરી કુ. ક્રિતિકા પરેશભાઈ બુદ્ધભટ્ટી એ ભરતનાટ્યમ સ્પર્ધામાં તાલુકા કક્ષા માંડવીમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરીને સમગ્ર પંથકનું ગૌરવ વધાર્યું છે.ઉલ્લેખનીય છે કે, ક્રિતિકા અગાઉ પણ અનેક એવોર્ડ પોતાના નામે કરી ચૂકી છે અને નૃત્ય ક્ષેત્રે તેનું નામ ખૂબ જાણીતું છે. ભરતનાટ્યમના પારંપરિક પરિવેશમાં સજ્જ કૃતિકાએ પોતાના મનમોહક અભિનય અને અદભૂત નૃત્યકલાથી નિર્ણાયકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા અને વિજેતા પ્રમાણપત્ર મેળવ્યું હતું.તેની આ સિદ્ધિ બદલ સમાજ, શુભેચ્છકો અને પરિવારજનોમાં હર્ષની લાગણી ફેલાઈ છે.



## દાહોદ તાલુકાના એક ગામમાંથી જાગૃત વ્યક્તિ ને અજાણી મહિલા મળી આવતા તેઓએ 181 મહિલા હેલ્પલાઇન ની મદદ લીધી હતી

દિપક રાવલ દાહોદ લીમખેડા | ત્યારબાદ જાગૃત વ્યક્તિએ જણાવેલ સરનામે પહોંચ્યા બાદ કાઉન્સેલિંગ જાણવા મળેલ કે જાગૃત વ્યક્તિના ઘરની આજુ બાજુ બે ત્રણ કલાકે ફરતા જોવા મળી હતી. જેથી તેઓની મદદ માટે જાગૃત વ્યક્તિ 181 મહિલા હેલ્પ લાઈન ની મદદ લેવી હતી, ત્યારબાદ પીડિતા નું કાઉન્સેલિંગ દાતમિયાન પીડિતા વર્ષ ની વય ની હતી, પીડિતા જણાવે છે કે તે તેઓના બોયફ્રેન્ડ સાથે લગ્ન કરવા માટે ગઈ કાલે ભાગી હતી અને તેઓનો બોયફ્રેન્ડ નો હવે કોઈ કોન્ટેક્ટ થતો ન હતો પીડિતા ગઈકાલે ફરી તેઓના ઘરે ગઈ ત્યારે તેઓના પિતા એ તેઓના જોડે માર મારતા પીડિતા ઘરે થી નીકળી ગઈ અને ત્યારબાદ પીડિતા ને જણાવેલ કે તમારે તમારા પપ્પા ના ઘરે જવું હોઈ તો અમે તારા મમ્મી પપ્પા ને સમજાવી ને તારા ઘરે તને મુકવા આવીએ પરંતુ તેઓના માતા પિતા થી ડરતા પીડિતા તેઓના ઘરે જવા માંગતી ના હતી જેથી પીડિતા ને તાત્કાલિક આશ્રય મળી રહે તે માટે પીડિતા ને સખી વન સ્ટોપ દાહોદ ખાતે હેન્ડ ઓવર કરેલ છે.

### નાનાં ભુલકાંઓએ બાળગીતો રજુ કરી સૌને મંત્રમુગ્ધ કર્યા

## ચાણસ્મા નગરની 16 પૈકી અંદાજે 10 આંગણવાડીઓમાં આંગણ ઉત્સવ કાર્યક્રમ યોજાયો

| નિતીન ઠાકર ચાણસ્મા

ચાણસ્મા ખાતે આવેલી 16 આંગણવાડીઓ પૈકી. અંદાજે 10 આંગણવાડી ઓ માં આંગણ મહોત્સવ ની ઉજવણી કરાઇ હતી. જેમાં આંગણવાડીના ભુલકાંઓએ કાર્યક્રમ દરમિયાન બાળગીતો રજુ કરી સૌને મંત્રમુગ્ધ કર્યા હતા જ્યારે તેજસ્વી ભુલકાંઓને નાની ભેટ આપી પ્રોત્સાહિત કર્યા હતા જ્યારે કાર્યક્રમમાં ઉપસ્થિત. ધાત્રી માતાઓ યુવતિઓ ને પોષણક્ષમ ખોરાકમાં ઉપીયોગી લીલાં શાકભાજી દુધ ઘી વિગેરેનો વધારે ઉપીયોગ કરવા ઉપસ્થિત મહાનુભાવોએ માર્ગદર્શન આપ્યું હતું ચાણસ્મા નગરની જુદી જુદી આંગણવાડીઓમાં યોજાયેલ આંગણ મહોત્સવમાં ભુલકાંઓને પ્રોત્સાહિત કરવા ભાજપ સંગઠનના મહિલા મોંરચાના આરતીબેન વ્યાસ મીરાં દેવી (પટેલ) રીટાબેન પટેલ સારસ્વતોમાં રતિભાઈ પટેલ હિતેશભાઈ આંગણવાડી કાર્યકરોમાં જ્યાબેન હેમાંગી બેન પરમાર સહિત આંગવાડી કાર્યકરો તેડાગર બહેનો ભૂલકાંઓ વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા





## સત્સંગ એ જીવનનો પ્રાણ છે એ સૂત્ર ને સાર્થક કરતી વિશ્વ હિન્દુ પરિષદ, જૂનાગઢ મહાનગરની સત્સંગ ટીમ

| નરેન્દ્ર દવે જૂનાગઢ તા.,30.

વિશ્વ હિન્દુ પરિષદ, જૂનાગઢ મહાનગર સત્સંગ આયામ દ્વારા સૂર્યમંદિર પ્રખંડ મા સાપ્તાહિક સત્સંગ કાર્યક્રમમાં સુંદરકાંડના પાઠ. ધૂન, ભજન, કિર્તન કરવામા આવેલ તેમજ દરેક સત્સંગોમા પ્રેરક વિષયો મૂકવામા આવતા હોય છે જેમા માન.શ્રી અશોક સિંહલજી ના જીવન ચરીત્ર વિષય પર પ્રવચન રાખવામાં આવેલ જેમા ઉપસ્થિત

મહાનગરના મંત્રી વિપુલભાઈ રાવત, સહમંત્રી નથુભાઈ કાંબલિયા. સત્સંગ પ્રમુખ મેરામણભાઈ ઓડેદરા. પ્રખંડ સત્સંગ પ્રમુખ રમેશભાઈ વાળા તથા વિશ્વ હિન્દુ પરિષદ જૂનાગઢ મહાનગર સત્સંગ ટીમ તેમજ બજરંગદળના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

વિશ્વ હિન્દુ પરિષદ, જૂનાગઢ મહાનગર દરેક સનાતની હિન્દુ સમાજને પવિત્ર સત્સંગનો લાભ લેવા માટે આહવાન કરે છે જે કોઈ પણ પરિવારોએ પોતાના નિવાસ સ્થાને, ઓફિસમાં કે કોઈ પણ સ્થળ ઉપર સત્સંગ તેમજ હોમાત્મક હનુમાન ચાલીસાના પાઠ તેમજ સુંદરકાંડ ના પાઠનુ નિઃશુલ્ક આયોજન કરવું હોય તો તે માટે વિશ્વ હિન્દુ પરિષદ,જૂનાગઢ મહાનગરના મંત્રીશ્રી વિપુલ રાવતનો મોં. નં.9726782383 ઉપર સંપર્ક કરવા જણાવાયું છે.

THIS IS A PUBLIC ANNOUNCEMENT FOR INFORMATION PURPOSES ONLY AND IS NOT A PROSPECTUS ANNOUNCEMENT. THIS DOES NOT CONSTITUTE AN INVITATION OR ISSUE TO ACQUIRE, PURCHASE OR SUBSCRIBE TO SECURITIES. THIS PUBLIC ANNOUNCEMENT IS NOT INTENDED FOR PUBLICATION OR DISTRIBUTION, DIRECTLY OR INDIRECTLY OUTSIDE INDIA.

# ROOPA SCREEN LIMITED

**CIN: U28112GJ2013PLC074471**

Our Company was incorporated as *"Roopa Screen Private Limited"* on April 12, 2013, under the provisions of the Companies Act, 1956, pursuant to a Certificate of Incorporation issued by Registrar of Companies, Gujarat, Dadra and Nagar Havelli. Our Company was converted from private limited to public limited, pursuant to special resolution passed by the shareholders of the Company at the Extraordinary general meeting held on May 19, 2025, and the name of our Company was changed from *"Roopa Screen Private Limited"* to *"Roopa Screen Limited"* vide fresh certificate of incorporation dated June 02, 2025, issued by the Registrar of Companies, Central Processing Centre. The Corporate identification number of our Company is U28112GJ2013PLC074471.

**Registered Office:** 6, Sudama Estate, Behind Swastik Bansidhar Opp. Sudama Furniture, Narol, Ahmedabad, Gujarat, India -382405

**Contact Person:** Karina Deepak Chandwani, Company Secretary & Compliance Officer

**Tel No:** 079-29755557 | **E-mail:** info@roopaindia.in | **Website:** www.roopaindia.in

## OUR PROMOTERS: GHANSHYAMBHAI RANCHHODBHAI THAKKAR, KUNAL GHANSHYAMBHAI THAKKER, BHARTIBEN GHANSHYAMBHAI THAKKAR AND PREKSHA KUNAL THAKKAR

**"THE ISSUE IS BEING MADE IN ACCORDANCE WITH CHAPTER IX OF THE SEBI ICDR REGULATIONS (IPO OF SMALL AND MEDIUM ENTERPRISES) AND THE EQUITY SHARES ARE PROPOSED TO BE LISTED ON SME PLATFORM OF BSE ("BSE SME").**

## BRIEF DESCRIPTION OF THE BUSINESS OF THE COMPANY

**We are engaged in the manufacturing of rotary nickel screens, which are used in rotary screen-printing machines, primarily by the textile manufacturers for continuous printing on fabrics. Rotary nickel screens are cylindrical, perforated metal screens that act as stencils in rotary screen-printing machines, through which printing paste is applied to imprint patterns and designs on fabrics.**

## BASIS OF ALLOTMENT

**INITIAL PUBLIC ISSUE OF 30,00,000 EQUITY SHARES OF FACE VALUE OF ₹ 10/- EACH (THE "EQUITY SHARES") OF ROOPA SCREEN LIMITED ("OUR COMPANY" OR "RSL" OR "THE ISSUER") AT AN ISSUE PRICE OF ₹ 64 PER EQUITY SHARE FOR CASH AGGREGATING ₹ 1920.00 LAKHS("PUBLIC ISSUE") OUT OF WHICH 2,10,000 EQUITY SHARES OF FACE VALUE OF ₹ 10 EACH AT AN ISSUE PRICE OF ₹ 64 PER EQUITY SHARE FOR CASH AGGREGATING ₹ 134.40 LAKHS WILL BE RESERVED FOR SUBSCRIPTION BY THE MARKET MAKER TO THE ISSUE (THE "MARKET MAKER RESERVATION PORTION"). THE PUBLIC ISSUE LESS MARKET MAKER RESERVATION PORTION I.E. ISSUE OF 27,90,000 EQUITY SHARES OF FACE VALUE OF ₹10 EACH, AT AN ISSUE PRICE OF ₹ 64 PER EQUITY SHARE FOR CASH AGGREGATING ₹ 1785.60 LAKHS IS HEREIN AFTER REFERRED TO AS THE "NET ISSUE". THE PUBLIC ISSUE AND NET ISSUE WILL CONSTITUTE 27.11% AND 25.21 % RESPECTIVELY OF THE POST- ISSUE PAID-UP EQUITY SHARE CAPITAL OF OUR COMPANY.**

**THE FACE VALUE OF THE EQUITY SHARE IS ₹ 10/- EACH AND ISSUE PRICE IS ₹ 64/- EACH.
THE ISSUE PRICE IS 6.4 TIMES OF THE FACE VALUE OF THE EQUITY SHARE.**

**ANCHOR INVESTOR ISSUE PRICE: ₹ 64/- PER EQUITY SHARE.
THE ISSUE PRICE IS 6.4 TIMES OF THE FACE VALUE.**

| BID/ ISSUE PERIOD | |
|---|---|
| | ANCHOR INVESTOR BIDDING DATE WAS: WEDNESDAY, SEPTEMBER 23,2026 |
| | BID / ISSUE OPENED ON: THURSDAY, SEPTEMBER 24,2026 |
| | BID / ISSUE CLOSED ON: MONDAY, SEPTEMBER 28, 2026 |

## RISKS TO INVESTORS

1. We have discontinued manufacturing operations at our Narol unit due to non-availability of certain statutory approvals. Any regulatory action in relation to past operations or operational constraints pending commencement of our proposed manufacturing facility may adversely affect our business.
2. Our business is dependent on the performance of the textile Industry, and any slowdown or adverse developments in this sector may adversely affect our business, financial condition, results of operations and cash flows.
3. We derive a significant portion of our revenue from the sale of our key product variant, Penta Screen, and any decline in demand for this product could adversely affect our business, results of operations and financial condition.
4. We require certain approvals, licenses, registrations and permits to operate our business and failure to obtain or renew them in a timely manner or maintain the statutory and regulatory permits and approvals required to operate our business may adversely affect our operations and financial conditions.
5. Certain portion of our revenues has been dependent upon few customers, with which we do not have firm commitments. The loss of any one or more of our major customers could have a material adverse effect on our business, cash flows, results of operations and financial condition.
6. Our Company does not have long-term agreements with suppliers for our input materials and a significant increase in the cost of, or a shortfall in the availability, or deterioration in the quality, of such input materials could have an adverse effect on our business and results of operations.
7. We do not own the existing manufacturing facility, godown, sales depot and registered office from where we carry out our business activities. In case of non-renewal of lease agreements or dispute in relation to use of the said premise, our business and results of operations can be adversely affected.
8. Setting up of a new manufacturing facility requires substantial capital outlay before we realize any benefits or returns on investments and is subject to the risk of unanticipated delays.
9. Any disruptions or shutdown of our manufacturing operations at our existing facilities could have an adverse effect on our business, financial condition and results of operations.
10. Our business operations are majorly concentrated in certain geographical regions and any adverse developments affecting our operations in these regions could have a significant impact on our revenue and results of operations.

a) *Average cost of acquisition of Equity Shares held by the Individual Promoters is:*

| Sr. No. | Name of the Promoters | No. of Shares held | Average cost of Acquisition (in ₹) |
|---|---|---|---|
| 1. | Ghanshyambhai Ranchhodbhai Thakkar | 30,87,000 | 2.71 |
| 2. | Kunal Ghanshyambhai Thakker | 28,17,500 | 2.70 |
| 3. | Preksha Kunal Thakkar | 4,37,937 | Nil |
| 4. | Bhartiben Ghanshyambhai Thakkar | 5,33,313 | Nil |

*The Issue Price at the upper end of the Price Band is Rs. 64 per Equity Share.*

- *The Price/ Earnings ratio based on Diluted EPS for Fiscal 2026 for the company at the Issue Price is 7.96 times.*
- *Weighted Average Return on Net worth for Fiscals 2026, 2025 and 2024 is 40.41 %.*

a) The Weighted average cost of acquisition of all Equity Shares transacted in the last one year, 18 months and three years from the date of Prospectus is as given below:

| Period | Weighted Average Cost of Acquisition (in ₹) | Issue Price is 'X' times the Weighted Average Cost of Acquisition | Range of acquisition price: Lowest Price – Highest Price (in ₹) |
|---|---|---|---|
| Last one year | 5.64 | 11.35 | 0-54 |
| Last eighteen months | 5.64 | 11.35 | 0-54 |
| Last three years | 5.64 | 11.35 | 0-54 |

b) The Weighted average cost of acquisition compared to Issue Price.

| Types of transactions | Weighted Average Cost of Acquisition (₹ per Equity Shares) | Issue price is ₹ 64 |
|---|---|---|
| Weighted average cost of acquisition of primary / new issue as per paragraph 8(a). | NA | NA |
| Weighted average cost of acquisition for secondary sale / acquisition as per paragraph 8(b). | 54 | 1.19 Times |

*Note: ^ There were no primary/ new issue of shares (equity/ convertible securities) as mentioned in paragraph 8(a) above, in last 18 months from the date of the Prospectus*

## PROPOSED LISTING ON BSE SME : October 01, 2026*

The Issue was being made through the Book Building Process, in terms of Rule 19(2)(b)(i) of the Securities Contracts (Regulation) Rules, 1957, as amended ("SCRR") read with Regulation 253 of the SEBI ICDR Regulations, as amended, wherein not more than 50% of the Net Issue was available for allocation on a proportionate basis to Qualified Institutional Buyers ("QIBs", the "QIB Portion"), Our Company in consultation with the Book Running Lead Manager has allocated upto 60% of the QIB Portion to Anchor Investors on a discretionary basis in accordance with the SEBI ICDR Regulations ("Anchor Investor Portion"). Further, not less than 15% of the Net Issue was made available for allocation to Non-Institutional Investors of which one-third of the Non-Institutional Portion was available for allocation to Bidders with an application size of more than two lots and up to such lots as equivalent to not more than ₹ 10.00 Lakhs and two-thirds of the Non-Institutional Portion was available for allocation to Bidders with an application size of more than ₹ 10.00 Lakhs and under-subscription in either of these two sub-categories of Non-Institutional Portion may be allocated to Bidders in the other sub-category of Non Institutional Portion. In addition, not less than 35% of the Net Issue was made available for allocation to Individual Investors in accordance with the SEBI (ICDR) Regulations, subject to valid Bids being received at or above the Issue Price. All potential Bidders (except Anchor Investors) were required to mandatorily utilise the Application Supported by Blocked Amount ("ASBA") process providing details of their respective ASBA accounts, and UPI ID in case of RIBs using the UPI Mechanism, if applicable, in which the corresponding Bid Amounts will be blocked by the SCSBs or by the Sponsor Bank under the UPI Mechanism, as the case may be, to the extent of respective Bid Amounts. Anchor Investors were not permitted to participate in the Issue through the ASBA process. For details, see ***"Issue Procedure"*** beginning on page 262 of the Prospectus.

The investors are advised to refer to the Prospectus for the full text of the Disclaimer clause pertaining to BSE. For the purpose of this Issue, the designated Stock Exchange will be the BSE. The trading is proposed to be commenced on October 01, 2026*

**Subject to the receipt of listing and trading approval from the BSE ("BSE SME").*

## SUBSCRIPTION DETAILS

The bidding for Anchor Investors was opened and closed on September 23, 2026. The Company received 3 Anchor Investor Application Forms from 3 Anchor Investors for 11,48,000 Equity Shares. Such 3 Anchor Investors were allocated 8,32,000 Equity Shares at a price of ₹ 64/- per Equity Share under the Anchor Investor Portion, aggregating to ₹ 5,32,48,000/-

The Issue (excluding Anchor Investors Portion) received 1,47,300, Applications for 76,38,78,000 Equity Shares (after considering invalid bids but before technical rejections) resulting 352.34 times subscription (including reserved portion of market maker and excluding anchor investor portion). The details of the Applications received in the Issue from various categories are as under (after technical rejections):

**Details of the Applications Received (excluding Anchor Investor Portion):**

| Sr. No. | Category | Number of Applications | No. of Equity Shares applied | Equity Shares Reserved as per Prospectus | No. of times Subscribed | Amount (₹) |
|---|---|---|---|---|---|---|
| 1 | Market Maker | 1 | 2,10,000 | 2,10,000 | 1.00 | 1,34,40,000 |
| 2 | Qualified Institutional Buyers (excluding Anchor Investors) * | 43 | 6,20,26,000 | 5,58,000 | 111.16 | 3,57,12,000 |
| 3 | Non-Institutional Investors 1 (More than 2 lots & up to Rs.1,000,000/-) | 9,240 | 5,74,88,000 | 140,000 | 410.63 | 89,60,000 |
| 4 | Non-Institutional Investors 2 (More than Rs.1,000,000/-) | 7,326 | 12,02,52,000 | 2,80,000 | 429.47 | 1,79,20,000 |
| 5 | Individual Investors | 1,28,171 | 51,26,84,000 | 9,80,000 | 523.15 | 6,27,20,000 |
| **Total** | | **1,44,781** | **75,26,60,000** | **21,68,000** | **347.17** | **13,87,52,000** |

** Include Mutual Fund portion of 28,000 Equity shares.*

**Final Demand**

A summary of the final demand as per BSE as on the Bid/ Issue Closing Date at different Bid prices is as under:

| Sr. No. | Bid Price | No. of Equity Shares | % to Total | Cumulative Total | Cumulative % of Total |
|---|---|---|---|---|---|
| 1 | 60.00 | 1224000 | 0.14 | 1224000 | 0.14 |
| 2 | 61.00 | 130000 | 0.02 | 1354000 | 0.16 |
| 3 | 62.00 | 480000 | 0.06 | 1834000 | 0.21 |
| 4 | 63.00 | 572000 | 0.07 | 2406000 | 0.28 |
| 5 | 64.00 | 858594000 | 99.72 | 861000000 | 100.00 |
| **Total** | | **861000000** | **100.00** | | |

The Basis of Allotment was finalized in consultation with the designated Stock Exchange, being BSE (***"BSE SME"***) on September 29, 2026.

1) **Allocation to Individual Investors (After Technical Rejections):** The Basis of Allotment to the Individual Investors, who have Bid at cut-off Price or at or the Issue Price of ₹ 64 per Equity Share, was finalized in consultation with BSE. The category has been subscribed to the extent of 523.15 times. The total number of Equity Shares Allotted in this category is 980000 Equity Shares to 245 successful applicants. The details of the Basis of Allotment of the said category are as under:

| Sr. No. | No. of Shares applied for (Category wise) | Number of applications received | % of Total | Total No. of Shares applied | % to Total | No. of Equity Shares Allotted per Applicant | Ratio | Total No. of shares allocated/ allotted |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 4,000 | 1,28,171 | 100% | 51,26,84,000 | 100% | 4000 | 1:245 | 9,80,000 |

(Continued next page...)

(Continued from previous page...)

2) **Allocation to Non-Institutional Investors I (More than 2 lots & up to ₹ 10,00,000/-) (After Technical Rejections):** The Basis of Allotment to the Non-Institutional Investors, who have bid for more than 2 lots & up to ₹1,000,000/-, at the Issue Price of ₹ 64 per Equity Share, was finalized in consultation with BSE. The category has been subscribed to the extent of 410.63 times (after rejection). The total number of Equity Shares allotted in this category is 140000 Equity Shares to 23 successful applicants. The details of the Basis of Allotment of the said category (on sample basis) are as under:

| Sr. No. | No. of Shares applied for (Category wise) | Number of applications received | % of Total | Total No. of Shares applied in each category | % to Total | No of equity shares Allocation per Applicant | Ratio of allottees to applicants | Total No. of shares allocated/allotted |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 6000 | 8688 | 94.03 | 52128000 | 90.68 | 6000 | 22:8688 | 132000 |
| 2 | 8000 | 316 | 3.42 | 2528000 | 4.40 | 6000 | 1:316 | 6000 |
| 3 | 10000 | 83 | 0.90 | 830000 | 1.44 | 6000 | 0:83 | 0 |
| 4 | 12000 | 70 | 0.76 | 840000 | 1.46 | 6000 | 0:70 | 0 |
| 5 | 14000 | 83 | 0.90 | 1162000 | 2.02 | 6000 | 0:83 | 0 |
| 9 | 2000 share will be allotted to successful allotees from Sr no. 2 to 5 = 2000 shares in ratio of 1:1 | | | | | | | 2000 |
| **Grand Total** | | **9240** | **100** | **57488000** | **100** | **100** | | **140000** |

3) **Allocation to Non-Institutional Investors - II (More than Rs. 1,000,000/-) (After Rejections):** The Basis of Allotment to the Non-Institutional Investors, who have bid for more than ₹ 1,000,000/- at the Issue Price of ₹ 64 per Equity Share, was finalized in consultation with BSE. The category has been subscribed to the extent of 429.47 times (after rejection). The total number of Equity Shares allotted in this category is 2,80,000 Equity Shares to 46 successful applicants. The details of the Basis of Allotment of the said category (on sample basis) are as under:

| Sr. No. | No. of Shares applied for (Category wise) | Number of applications received | % of Total | Total No. of Shares applied in each category | % to Total | No of equity shares Allocation per Applicant | Ratio of allottees to applicants | Total No. of shares allocated/allotted |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 16000 | 7039 | 96.08 | 112624000 | 93.66 | 6000 | 45:7039 | 270000 |
| 2 | 18000 | 127 | 1.73 | 2286000 | 1.90 | 6000 | 1:127 | 6000 |
| 3 | 20000 | 64 | 0.87 | 1280000 | 1.06 | 6000 | 0:64 | 0 |
| 4 | 112000 | 1 | 0.01 | 112000 | 0.09 | 6000 | 0:1 | 0 |
| 5 | 140000 | 2 | 0.03 | 280000 | 0.23 | 6000 | 0:2 | 0 |
| 6 | 146000 | 1 | 0.01 | 146000 | 0.12 | 6000 | 0:1 | 0 |
| 7 | 200000 | 1 | 0.01 | 200000 | 0.17 | 6000 | 0:1 | 0 |
| 9 | 2000 share will be allotted to successful allotees from Sr no. 1 to 3 = 4000 shares in ratio of 2:46 | | | | | | | 4000 |
| **Grand Total** | | **7326** | **100** | **120252000** | **100** | | | **280000** |

4) **Allocation to to Market Maker:** The Basis of Allotment to Market Maker who have bid at Issue Price of ₹ 64/- per Equity Share, was finalized in consultation with BSE. The category was subscribed by 1.00 times i.e. for 2,10,000 Equity shares, the total number of shares allotted in this category is 2,10,000 Equity Shares. The category wise details of the Basis of Allotment are as under:

| Sr. No. | No. of Shares applied for (Category wise) | Number of applications received | % of Total | Total No. of Shares applied in this category | % to Total | No. of Equity Shares allocated/ allotted per Applicant | Ratio | Total No. of shares allocated/allotted |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 2,10,000 | 1 | 100.00 | 2,10,000 | 100.00 | 2,10,000 | 1:1 | 2,10,000 |

5) **Allotment to QIBs excluding Anchor Investors (After Rejections):** Allotment to QIBs, who have bid at the Issue Price of ₹ 64/- per Equity Share has been done on a proportionate basis in consultation with BSE. This category has been subscribed to the extent of 116.98 times of QIB portion and 39.29 times of Mutual fund portion. The total number of Equity Shares allotted in the QIB category is 5,58,000 Equity Shares, which were allotted to 40 successful Applicants.

| Category | FI'S/BANK'S | MF'S | IC'S | NBFC'S | AIF | FPI | VCF | TOTAL |
|---|---|---|---|---|---|---|---|---|
| QIB | - | 34,000 | 10,000 | 1,04,000 | 2,62,000 | 1,48,000 | - | 5,58,000 |

6) **Allocation to Anchor Investors (After Technical Rejections):** The Company in consultation with the BRLM has allocated 8,32,000 Equity Shares to 3 Anchor Investors at the Anchor Investor Issue Price of ₹ 64 per Equity Shares in accordance with the SEBI (ICDR) Regulations. This represents upto 60% of the QIB Category:

| CATEGORY | FIS/BANKS | MF'S | IC'S | NBFC'S | AIF | FPI | VC'S | TOTAL |
|---|---|---|---|---|---|---|---|---|
| ANCHOR | - | - | - | - | 832000 | - | - | 8,32,000 |

The Board of Directors of our Company at its meeting held on September 29, 2026 has taken on record the basis of allotment of Equity Shares approved by the designated Stock Exchange, being BSE and has allotted the Equity Shares to various successful applicants. The Allotment Advice Cum Refund Intimation will be dispatched to the address of the investors as registered with the depositories. Further, instructions to the SCSBs have been dispatched / mailed for unblocking of funds and transfer to the Public Issue Account on or before September 30, 2026. In case the same is not received within ten days, Investors may contact the Registrar to the Issue at the address given below. The Equity Shares allotted to the successful allottees shall be uploaded on September 29, 2026 for credit into the respective beneficiary accounts subject to validation of the account details with the depositories concerned. The Company is in the process of obtaining the listing and trading approval from BSE and the trading of the Equity Shares is expected to commence trading on October 01, 2026.

**Note:** All capitalized terms used and not defined herein shall have the respective meanings assigned to them in the Prospectus dated September 29, 2026 filed with the Registrar of Companies, Ahmedabad, ("RoC").

**INVESTORS, PLEASE NOTE**

**The details of the allotment made has been hosted on the website of the Registrar to the Issue, Bigshare Services Private Limited at website: www.bigshareonline.com**

**TRACK RECORD OF BOOK RUNNING LEAD MANAGER:** The BRLM has handled Nine SME public issues so far out of which one of the issue has closed below issue price on the listing date.

All future correspondence in this regard may kindly be addressed to the Registrar to the Issue quoting full name of the First/ Sole Bidder Serial number of the ASBA form, number of Equity Shares bid for, Bidder DP ID, Client ID, PAN, date of submission of the Bid cum Application Form, address of the Bidder, the name and address of the Designated Intermediary where the Bid cum Application Form was submitted by the Bidder and copy of the Acknowledgment Slip received from the Designated Intermediary and payment details at the address given below:

**REGISTRAR TO THE ISSUE**

**BIGSHARE SERVICES PRIVATE LIMITED**
**Address:** S6- 2, 6th Floor Pinnacle Business Park, Next to Ahura Centre, Mahakali Caves, road, Andheri (East), Mumbai-400 093. | **Tel. No.:** 022 – 6263 8200 | **E-mail:** ipo@bigshareonline.com
**Investors Grievance e-mail:** investor@bigshareonline.com | **Website:** www.bigshareonline.com
**Contact Person:** Sagar Pathare | **SEBI Registration No.:** INR000001385

**On behalf of Board of Directors**
**Roopa Screen Limited**
**Sd/-**
**Kunal Ghanshyambhai Thakker**

**Date:** September 30, 2026 — **Designation:** Whole Time Director & Chief Financial Officer
**Place:** Ahmedabad — **DIN:** 06495373

**THE LEVEL OF SUBSCRIPTION SHOULD NOT BE TAKEN TO BE INDICATIVE OF EITHER THE MARKET PRICE OF THE EQUITY SHARES ON LISTING OR THE BUSINESS PROSPECTS OF ROOPA SCREEN LIMITED.**

***Disclaimer:*** *Roopa Screen Limited has filed the Prospectus with the RoC on September 29, 2026, and thereafter with SEBI and the Stock Exchange. The Prospectus is available on the website of the BRLM, Seren Capital Private Limited at www.serencapital.in and the Company at: https://www.roopaindia.in/ and shall also be available on the website of the BSE and SEBI. Investors should note that investment in Equity Shares involves a high degree of risk and for details relating to the same, please see* ***"Risk Factors"*** *beginning on page 17 of the Prospectus. The Equity Shares have not been and will not be registered under the U.S. Securities Act of 1933, as amended (the* ***"Securities Act"****) or any state securities laws in the United States, and unless so registered, and may not be issued or sold within the United States, except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the Securities Act and in accordance with any applicable U.S. state securities laws. The Equity Shares are being Issued and sold outside the United States in 'offshore transactions' in reliance on Regulation S under the Securities Act and the applicable laws of each jurisdiction where such Issues and sales are made. There will be no public Issuing in the United States.*

AdBaaz

## News Brief

### ઇન્ડસઇન્ડ બેન્કે ચેટજીપીટીમાં જાહેરાત સાથે ગ્રાહકો સાથે ડિજિટલ જોડાણ વધાર્યું

મુંબઈ : ઇન્ડસઇન્ડ બેન્કે પોતાના ક્રેડિટ કાર્ડ્સની જાહેરાત માટે ચેટજીપીટીમાં જાહેરાત શરૂ કરી છે. આ સાથે બેન્કે ઉભરી રહેલા ડિજિટલ પ્લેટફોર્મ્સ પર પોતાની હાજરી વધુ મજબૂત બનાવી છે અને ગ્રાહકોને તેની પ્રોડક્ટ્સ વિશે જાણવાની વધુ એક તક ઊભી કરી છે.એઆઈ આધારિત અને કન્વર્ઝેશનલ પ્લેટફોર્મ્સ ગ્રાહકો માહિતી શોધવા અને પ્રોડક્ટ્સ વિશે જાણવાની પ્રક્રિયાનો વધુને વધુ મહત્વનો હિસ્સો બની રહ્યા છે. ત્યારે બેન્ક આ ઉભરતા માધ્યમનો ઉપયોગ કરીને ગ્રાહકો સાથે વધુ સંબંધિત અને સરળતાથી સમજી શકાય તેવા વાતાવરણમાં જોડાવાની દિશામાં આગળ વધી રહી છે. આ પહેલ નવીનતા, ટેક્નોલોજી અને ડેટા આધારિત પ્લેટફોર્મ્સના ઉપયોગ દ્વારા ગ્રાહકો સાથે અર્થપૂર્ણ જોડાણની તકો ઊભી કરવાની ઇન્ડસઇન્ડ બેન્કની વ્યાપક ડિજિટલ-ફર્સ્ટ વ્યૂહરચના સાથે સુસંગત છે. ચેટજીપીટીમાં જાહેરાત દ્વારા બેન્કનો હેતુ તેની પ્રોડક્ટ્સ અને સર્વિસીસની વિઝિબિલિટી વધારવાનો છે. ખાસ કરીને એવા ગ્રાહકો સુધી પહોંચવાનો છે, જેઓ પોતાની રોજિંદી ડિજિટલ પ્રવૃત્તિઓના ભાગરૂપે એઆઈ આધારિત સાધનોનો વધુને વધુ ઉપયોગ કરી રહ્યા છે. કન્વર્ઝેશનલ એઆઈનો ઝડપી સ્વીકાર ગ્રાહકો માહિતી સાથે કેવી રીતે જોડાય છે તેમાં પરિવર્તન લાવી રહ્યો છે. પરંપરાગત રીતે સર્ચ દ્વારા માહિતી મેળવવાના અનુભવથી આગળ વધીને હવે વધુ સંબંધિત અને પરસ્પર સંવાદ આધારિત જોડાણ તરફ વલણ વધી રહ્યું છે. આ બદલાવને ધ્યાનમાં રાખીને ઇન્ડસઇન્ડ બેન્ક ઉભરતા પ્લેટફોર્મ્સ અને નવા પ્રકારના માધ્યમોની સતત શોધ કરી રહી છે, જે ગ્રાહકોની બદલાતી અપેક્ષાઓ અને ઉપયોગની આદતોને અનુરૂપ યોગ્ય નાણાંકીય સોલ્યુશન્સ પૂરા પાડવામાં મદદરૂપ બની શકે.

# કોટક લાઈફે પોલીસીબજાર પર ટર્મ ઈન્સ્યોરન્સ સોલ્યુશન 'કોટક પ્રોટેક્ટ એડવાન્ટેજ' લોન્ચ કર્યું

મુંબઈ | કોટક મહિન્દ્રા લાઈફ ઈન્સ્યોરન્સ કંપની લિમિટેડ ('કોટક લાઈફ') અને પોલીસીબજારે કોટક પ્રોટેક્ટ એડવાન્ટેજ લોન્ચ કરવાની જાહેરાત કરી. આ ટર્મ ઈન્સ્યોરન્સ પ્લાન લોકોને ફ્લેક્સિબલ અને પૂરેપૂરી સુરક્ષા આપીને તેમના પરિવારનું આર્થિક ભવિષ્ય સુરક્ષિત કરવામાં મદદ કરવા માટે બનાવવામાં આવ્યો છે. આ પ્રોડક્ટમાં હાઈ લાઈફ કવરની સાથે ગ્રાહકોની જરૂરિયાતો મુજબ અનેક સુવિધાઓ છે જે જીવનના મુખ્ય મુકામો પર મદદરૂપ થશે. કોટક લાઈફના ડેપ્યુટી એમડી અમિત પાલ્ટાએ કહ્યું, 'લાઈફ ઈન્સ્યોરન્સનું ભવિષ્ય એવા સોલ્યુશન્સમાં છે જે ગ્રાહકોની ચોક્કસ જરૂરિયાતો પૂરી કરે. કોટક લાઈફમાં અમે ગ્રાહકોની જરૂરિયાતો અને આર્થિક પ્રાથમિકતાઓને સમજવા માટે અમારા ભાગીદારો સાથે મળીને કામ કરીએ છીએ અને તે સમજને અર્થપૂર્ણ પ્રોડક્ટ ઈનોવેશનમાં ફેરવીએ છીએ. કોટક પ્રોટેક્ટ એડવાન્ટેજ એ જ મહેનતનું ફળ છે, જે આજની યુવા અને ડિજિટલી સ્માર્ટ પેઢીની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને બનાવ્યું છે. પોલીસીબજારના ચીફ બિઝનેસ ઓફિસર વિવેક જૈને કહ્યું, 'ટર્મ ઈન્સ્યોરન્સ વ્યક્તિની વાસ્તવિક જીવનની જરૂરિયાતો સાથે સુસંગત હોવું જોઈએ. જેમ લોકો જીવનના




વિવિધ તબક્કાઓમાંથી પસાર થાય છે, તેમ તેમની નાણાકીય જવાબદારીઓ અને સુરક્ષાની જરૂરિયાતો પણ બદલાતી રહે છે. પોલિસીબજાર પ્લેટફોર્મ પર કોટક પ્રોટેક્ટ એડવાન્ટેજ લાવવા માટે કોટક લાઈફ સાથે ભાગીદારી કરતા અમને આનંદ થાય છે, જે ગ્રાહકની મુસાફરીના વિવિધ તબક્કાઓમાં ઉપયોગી સુવિધાઓ પ્રદાન કરે છે. આ પ્લાન ગ્રાહકોને વધારાની તબીબી તપાસ વિના જીવનના મુખ્ય તબક્કાઓ પર કવર વધારવાની, પ્રીમિયમ બ્રેક લેવાની, 2 લાખના ક્લેઈમ ઈન્ટિમેશન પર તાત્કાલિક પેઆઉટ મેળવવાની અને આરોગ્ય અને સુખાકારીના લાભો મેળવવાની સુગમતા આપે છે. આ તેને ગ્રાહકની બદલાતી જરૂરિયાતો માટે વધુ સુસંગત બનાવે છે.આજની યુવા પેઢી ફાઈનાન્શિયલ પ્લાનિંગ જૂની પેઢી કરતા અલગ રીતે કરે છે. તેઓ બધે જ પર્સનલાઈઝ્ડ અને ડિજિટલ અનુભવ ઈચ્છે છે અને પોતાના નિર્ણયો પર વધુ કંટ્રોલ ઈચ્છે છે. આનાથી જીવન વીમા કંપનીઓ માટે ગ્રાહકોના વિવિધ જૂથોની વિશિષ્ટ જરૂરિયાતો અને અપેક્ષાઓ મુજબ નવી પ્રોડક્ટ્સ લાવવાની તક ઊભી થઈ છે.આ બદલાતી અપેક્ષાઓને ઓળખીને, કોટક લાઈફ અને પોલિસીબઝારે કોટક પ્રોટેક્ટ એડવાન્ટેજ વિકસાવવા માટે સહયોગ કર્યો છે, જે કોટક લાઈફની સુરક્ષા કુશળતા અને પોલિસીબજારની ડિજિટલી સ્માર્ટ યુવા ગ્રાહકોની સમજને એકસાથે લાવીને તેમની નાણાકીય પ્રાથમિકતાઓ સાથે સુસંગત પ્રપોઝિશન બનાવે છે.આ પ્રોડક્ટ ગ્રાહકોને બે પ્લાન વિકલ્પો અને બે પેઆઉટ વિકલ્પોની પસંદગી આપે છે, જે તેમને વ્યક્તિગત સુરક્ષા જરૂરિયાતો અને પરિવારની જરૂરિયાતોને આધારે કવરેજ તૈયાર કરવામાં સક્ષમ બનાવે છે. તે પ્રીમિયમ બ્રેક બેનિફિટ, માઈલસ્ટોન અપગ્રેડ વિકલ્પ, એક્સીલરેટેડ ટર્મિનલ ઇલનેસ બેનિફિટ અને રિટર્ન ઓફ પ્રીમિયમ સાથે સ્પેશિયલ એક્ઝિટ બેનિફિટ સહિતની સુવિધાઓ સાથે આવે છે, જે ગ્રાહકો માટે વધુ સુવિધા અને મૂલ્ય પ્રદાન કરે છે.

### આઈનોક્સ ક્લિન એનર્જી લિમિટેડે રૂ. 10,000 કરોડના આઈપીઓ માટે સેબીમાં DRHP ફાઈલ કર્યું

અમદાવાદ : INOXGFL ગ્રૂપનો હિસ્સો અને અગ્રણી ઈન્ટિગ્રેટેડ રિન્યૂએબલ એનર્જી પ્લેટફોર્મ આઈનોક્સ ક્લિન એનર્જી લિમિટેડે આઈપીઓ માટે સેબીમાં તેનું ડીઆરએચપી ફાઈલ કર્યું છે. આઈપીઓનું કુલ કદ રૂ. 10,000 કરોડ છે, જેમાં રૂ. 8,000 કરોડનો ફ્રેશ ઈશ્યૂ તથા સેલિંગ શેરહોલ્ડર દ્વારા રૂ. 2,000 કરોડના ઓફર ફોર સેલનો સમાવેશ થાય છે.દેવાંશ જૈન અને અવર્ણા જૈન કંપનીના પ્રમોટર્સ છે. ફ્રેશ ઈશ્યૂમાંથી પ્રાપ્ત ભંડોળનો ઉપયોગ કંપની અને તેની પેટા કંપનીઓ (પ્રત્યક્ષ અને પરોક્ષ) કેટલાંક ઋણના સંપૂર્ણ અથવા આંશિક રિપેમેન્ટ અથવા પ્રી-પેમેન્ટ માટે તેમજ સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે કરાશે. આઈનોક્સ ક્લિન એનર્જી લિમિટેડ મુખ્યત્વે બે પ્રમુખ બિઝનેસ વર્ટિકલ્સ સાથે ઈન્ટિગ્રેટેડ રિન્યૂએબલ એનર્જી પ્લેટફોર્મ છે. તેનો રિન્યૂએબલ પાવર જનરેશન બિઝનેસ ઈન્ડિપેન્ડન્ટ પાવર પ્રોડ્યુસ (આઈપીપી બિઝનેસ)માં ભારત અને આફ્રિકામાં 9.29 ગીગાવોટ રિન્યૂએબલ આઈપીપી પોર્ટફોલિયો સામેલ છે, જેમાંથી 31 ઓગસ્ટ, 2026 સુધીમાં 2.37 ગીગાવોટ ઓપરેશનલ છે અને અંદાજે 0.80 ગીગાવોટ કન્સ્ટ્રક્શન હેઠળ છે, 2.99 ગીગાવોટ પાઈપલાઈન કેપિસિટી છે અને 3.13 ગીગાવોટ ભાવિ કેપિસિટી છે.

### ઈક્વિટી સ્કીમોના કુલ ઈનફ્લોમાં SIPનો હિસ્સો ૮૩%

અમદાવાદ : ઈક્વિટી માર્કેટમાંથી મળેલા બે વર્ષના નબળા વળતર અને અસ્થિરતાના તબક્કાઓએ રિટેલ રોકાણકારોની મ્યુચ્યુઅલ ફંડમાં નાણાં રોકવાની રીત બદલી નાખી છે. એકસાથે મોટી રકમ (લમ્પસમ) રોકીને માર્કેટના સમયનો અંદાજ લગાવવાનો પ્રયાસ કરવાને બદલે, રોકાણકારો હવે મોટા પાયે સિસ્ટેમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન (સિપ)નો માર્ગ અપનાવી રહ્યા છે.એસોસિએશન ઓફ મ્યુચ્યુઅલ ફંડ્સ ઇન ઈન્ડિયા (એમ્ફી) દ્વારા જાહેર કરાયેલા ડેટા અનુસાર, નાણાકીય વર્ષ ૨૦૨૬ (FY૨૬)માં ઈક્વિટી સ્કીમોમાં કુલ ઈનફ્લોમાં સિપનો હિસ્સો ૮૩% જેટલો રહ્યો હતો, જે FY૨૫માં ૫૭% અને FY૨૪માં ૬૭% હતો.આ ટ્રેન્ડ નાણાકીય વર્ષ ૨૦૨૭ (FY૨૭)માં વધુ મજબૂત બન્યો છે. ઓગસ્ટ મહિનામાં સિપ ઈનફ્લો રૂ. ૩૨,૨૯૭ કરોડની સર્વકાલીન ઉચ્ચ સપાટીએ પહોંચ્યો હતો અને ઈક્વિટી ફંડ ઈનફ્લોમાં તેનો હિસ્સો ૮૯% હતો. આ દર્શાવે છે કે રોકાણકારો એકસાથે મોટી રકમ રોકવાને બદલે ધીમે-ધીમે હપ્તાવાર રોકાણ કરવાનું વધુ પસંદ કરી રહ્યા છે.આ બદલાવ ખૂબ મહત્ત્વપૂર્ણ છે કારણ કે તે શેરબજારના નબળા વળતરના લાંબા ગાળા દરમિયાન જોવા મળ્યો છે. ફંડ ઈન્ડસ્ટ્રીના સુત્રો સિપની વધતી લોકપ્રિયતા પાછળ બજારની અસ્થિરતા, રોકાણકારોમાં વધેલી જાગૃતિ, સરળ ડિજિટલ સુવિધા અને નાના શહેરોમાંથી વધતી ભાગીદારીને કારણભૂત ગણાવે છે.સિપના કારણે નાના શહેરોના રોકાણકારો માટે પણ એકસાથે મોટી રકમ (લમ્પ-સમ) ભેગી કરવાની રાહ જોયા વગર પ્રમાણમાં નાની રકમથી રોકાણ કરવાનું સરળ બન્યું છે સિપને બજારની અસ્થિરતા વચ્ચે પણ શિસ્તબદ્ધ રીતે રોકાણ જાળવી રાખવાનો એક ઉત્તમ માર્ગ છે. વધતી જતી નાણાકીય સાક્ષરતા, વ્યાપક ડિજિટલ પહોંચ અને ટાયર-૨ તથા ટાયર-૩ બજારોમાંથી વધી રહેલી ભાગીદારીએ આ પ્રવાહને વધુ મજબૂત બનાવ્યો છે. જ્યારે લઘુત્તમ રોકાણની નાની મર્યાદા, સરળ ડિજિટલ ઓનબોર્ડિંગ અને વ્યાપક વિતરણ નેટવર્કે પ્રવેશ માટેના અવરોધો ઘટાડી દીધા છે.

### Zigly Pet Careએ મુંબઈમાં અગ્રણી સ્પેશિયાલિટી વેટેરિનરી ક્લિનિકને હસ્તગત કરી વેટેરિનરી કેરના ક્ષેત્રમાં પોતાની ઉપસ્થિતિ મજબૂત કરી

મુંબઈ | ભારતની સૌ પ્રથમ ઓમનીચેનલ પેટ કેર બ્રાન્ડ Zigly Pet Care એ આજે મુંબઈના મલાડ વિસ્તારમાં ડો.એસ.એમ.ગાડગે દ્વારા સંચાલિત પ્રોલાઈફ સ્પેશિયાલિટી વેટ ક્લિનિકને હસ્તગત કરવાની જાહેરાત કરી છે.Zigly Pet Careના આ પગલાથી તેના વેટેરિનરી હેલ્થકેર નેટવર્ક વધુ વ્યાપક બનશે અને ભારતમાં સૌથી વ્યાપક ફેલાવો ધરાવતા પેટ કેર ઈકોસિસ્ટમનું નિર્માણ કરવાની તેની વ્યૂહરચનાને વધુ ઝડપભેર આગળ વધારી શકાશે. અત્રે ઉલ્લેખનીય છે કે Zigly Pet Careનું ત્રીજું વ્યૂહાત્મક અધિગ્રહણ છે, કંપની વર્તમાન પ્રેક્ટિસની સાથે સાથે તેના વેટેરિનરી કેર નેટવર્કનું વિસ્તરણ કરી રહી છે અને એવી આશા છે કે આગામી નવથી 12 મહિનાના ગાળામાં તે 24x7 ધોરણે કામગીરી શરૂ કરવા લાગશે.વર્ષ 2000થી કાર્યરત પ્રોલાઈફ સ્પેશિયલ વેટ ક્લિનિક ક્લિનિકલ એક્સિલેન્સી, અત્યાધુનિક સર્જીકલ કેપેસિટીઝ તથા વિશ્વાસપાત્ર વેટેરિનરી કેર માટે પોતાની ઓળખ ધરાવે છે. તેનાથી આશરે 20 હજાર પેટ્સ એટલે કે પાલતુ જાનવરોની સારવાર કરી છે અને તેની વાર્ષિક ARR રૂપિયા 4.36 કરોડ છે. અત્યારે તે ક્લિનિકલ આઉટપેશન્ટ કન્સલ્ટેશન, ડાયગ્નોસ્ટીક્સ, સર્જરી, એન્ડોસ્કોપી, પેથોલોજી તથા ફાર્મસી જેવી સર્વિસ પૂરી પાડી રહેલ છે.

### ટેક્નોપેઈન્ટ્સ એન્ડ કેમિકલ્સ લિમિટેડે સેબીમાં DRHP ફાઈલ કર્યું, રૂ. 500 કરોડનો આઈપીઓ લાવવાની યોજના

મુંબઈ | ટેક્નોપેઈન્ટ્સ એન્ડ કેમિકલ્સ લિમિટેડે બજાર નિયામક સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી) સમક્ષ તેનું ડ્રાફ્ટ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ (ડીઆરએચપી) ફાઈલ કર્યું છે. ટેક્નોપેઈન્ટ્સ એક ઈન્ટિગ્રેટેડ પેઈન્ટ સોલ્યુશન્સ પ્રોવાઈડર છે, જે પેઈન્ટ અને કોટિંગ્સના ઉત્પાદન તથા વેચાણ ઉપરાંત પેઈન્ટ લગાવવાની સેવાઓ પૂરી પાડે છે. કંપની પોતાની ઉત્પાદનની ક્ષમતાને શરૂઆતથી અંત સુધીના પ્રોજેક્ટ અમલીકરણ અને સ્થળ પર પેઈન્ટ લગાવવાની કામગીરી સાથે જોડીને તેના ઈન્ટિગ્રેટેડ "સપ્લાય એન્ડ એપ્લાય" મોડલ હેઠળ કામગીરી કરે છે. તેની સેવાઓમાં સ્થળનું મૂલ્યાંકન, પ્રોડક્ટની પસંદગી, મટિરિયલનું સંકલન, સરફેસ તૈયાર કરવી, પેઈન્ટ લગાવવો, સ્થળ પર દેખરેખ, ગુણવત્તાની દેખરેખ અને પ્રોજેક્ટ પૂર્ણ કરવાની કામગીરીનો સમાવેશ થાય છે.

### અનુપમ રસાયણે બ્લિસ જીવીએસ ફાર્માને હસ્તગત કરી, વૈશ્વિક સ્તરે એકીકૃત ફાર્મા પ્લેટફોર્મ ઊભું કરવાની દિશામાં ત્રીજું વ્યૂહાત્મક પગલું

સુરત | કસ્ટમ સિન્થેસિસ અને સ્પેશિયાલ્ટી કેમિકલ ક્ષેત્રની ભારતની અગ્રણી કંપનીઓ પૈકીની એક અનુપમ રસાયણ ઈન્ડિયા લિમિટેડ' (BSE: 543275, NSE: ANURAS)એ બ્લિસ જીવીએસ ફાર્મા લિમિટેડમાં 48.2%નો નિયંત્રણાત્મક હિસ્સો હાંસલ કરવા માટે શેરદીઠ રૂ.299ના ભાવે ચુકવણી કરી દીધી છે. કારોબારના વિસ્તરણ માટે કંપનીનું આ ત્રીજું મહત્વનું ટેકઓવર છે, આ સોદો જેનાથી ફિનિશ્ડ ડોઝ ફોર્મ્યુલેશન સેક્ટરમાં તેની હાજરીમાં વધારો થશે. અનુપમ રસાયણની સંપૂર્ણ માલિકીની પેટાકંપની મેટ્રસ વિઝા કન્સલ્ટન્સી દ્વારા આ સંપાદન પૂર્ણ કરાયું છે. આ અગાઉ 23 મે, 2026ના રોજ કરાર કરાયો હતો અને ત્યાર પછી ઓપન ઓફરની પ્રક્રિયા સફળતાપૂર્વક પૂરી કરવામાં આવી હતી. આ એક્વિઝિશનને પગલે બ્લિસ જીવીએસ ફાર્મા હવે અનુપમ રસાયણના કેમિકલ અને ફાર્મા બિઝનેસ જૂથનો એક મહત્વપૂર્ણ હિસ્સો બની ગઈ છે. આ ટેકઓવર માટે બેંકમાંથી રૂ.300 કરોડની ટર્મ લોન લેવા ઉપરાંત, બેઈન કેપિટલ, ટ્રસ્ટ ગ્રુપ તેમજ ઈન્વેસ્ટેક જેવા રોકાણકારો પાસેથી નોન-કંટ્રોલિંગ અને નોન-વોટિંગ સાધનો દ્વારા લગભગ રૂ.1,450 કરોડ ઉભાં કરવામાં આવ્યા છે. આ પ્રકારના ફંડિંગ મોડેલથી કંપની તેની બેલેન્સ શીટને મજબૂત રાખી શકશે અને આગામી સમયમાં નવા વિસ્તરણ માટે જરૂરી ક્ષમતા જાળવી શકશે. 1984માં સ્થપાયેલી બ્લિસ જીવીએસ ફાર્મા એ બ્રાન્ડેડ ફોર્મ્યુલેશન ક્ષેત્રે કાર્યરત કંપની છે, જે એન્ટિ-મેલેરિયા, એન્ટિ ફંગલ, એન્ટિ-બેક્ટેરિયા, એન્ટિ ઈન્ફ્લેમેટરી, ડાયાબિટીસ અને હૃદયરોગ સંબંધિત સારવાર સહિત વિવિધ રોગનિવારક ક્ષેત્રોમાં 150થી વધુ બ્રાન્ડ્સ ધરાવે છે. કંપની મહારાષ્ટ્રમાં 6 મેન્યુફેક્ચરિંગ યુનિટ ધરાવે છે, જે US FDA, EU-GMP અને WHO-GMP જેવા આંતરરાષ્ટ્રીય ગુણવત્તા અને નિયમનકારી ધોરણોથી પ્રમાણિત છે. બ્લિસ જીવીએસ ભારતની સૌપ્રથમ EU-GMP સર્ટિફાઈડ સપોઝિટરીઝ ઉત્પાદક તરીકે પણ જાણીતી છે, જે તેની મજબૂત ઉત્પાદન ક્ષમતા અને શ્રેષ્ઠ ગુણવત્તા દર્શાવે છે. હાલમાં કંપની પોતાના પ્લાન્ટ્સની કુલ ક્ષમતાના માત્ર 30% જેટલો જ ઉપયોગ કરી રહી હોવાથી ભવિષ્યમાં કારોબારની વૃદ્ધિ માટે વિશાળ તકો રહેલી છે.

**પેમેન્ટ સર્વિસ** | **એક્સિસ બેંકના ક્રેડિટ કાર્ડધારકોને પ્રથમ તબક્કે લાભ**

# ભારતમાં Apple Pay નો પ્રારંભ, પિન કે OTP વગર પેમેન્ટ! એક્સિસ બેન્ક બની પાર્ટનર

(એજન્સી) નવી દિલ્હી | તા.30

એપલે ભારતમાં પોતાની લોકપ્રિય 'Apple Pay' કોન્ટેક્ટલેસ પેમેન્ટ સર્વિસ સત્તાવાર રીતે લોન્ચ કરી છે. શરૂઆતમાં Axis Bank સાથે ભાગીદારી કરી, iPhone, iPad અને Apple Watch યુઝર્સ હવે પિન કે OTP વગર Face ID/ Touch ID દ્વારા સુરક્ષિત ચુકવણી કરી શકશે. પ્રથમ તબક્કે, Axis Bank ના Visa અને Mastercard ક્રેડિટ કાર્ડધારકોને આ સુવિધા મળશે, જે મોલ, રેસ્ટોરન્ટ અને ઓનલાઈન પ્લેટફોર્મ પર કામ કરશે. વિશ્વના સૌથી મોટા ડિજિટલ પેમેન્ટ માર્કેટ પૈકીના એક એવા ભારતમાં આખરે ટેક જાયન્ટ એપલે પોતાની લોકપ્રિય



કોન્ટેક્ટલેસ પેમેન્ટ સર્વિસ 'Apple Pay' સત્તાવાર રીતે લોન્ચ કરી દીધી છે. વૈશ્વિક લોન્ચિંગના વર્ષો બાદ એપલે ભારતીય બજારમાં પગપેસારો કર્યો છે. આ સેવાની શરૂઆત માટે એપલે એક્સિસ બેંક (Axis Bank) સાથે ભાગીદારી કરી છે.હવે આઈફોન (iPhone), આઈપેડ (iPad) અને એપલ વોચ (Apple Watch) ધરાવતા યુઝર્સ કાર્ડને ભૌતિક રીતે ટચ કર્યા વિના કે પિન/ઓટીપી નાખ્યા વગર સીધા જ પોતાના ઉપકરણથી સુરક્ષિત ચુકવણી કરી શકશે. પ્રારંભિક તબક્કે એપલ પે સર્વિસ એક્સિસ બેંક દ્વારા ઈશ્યૂ કરવામાં આવેલા Visa અને Mastercard ક્રેડિટ કાર્ડ પર ઉપલબ્ધ કરાવવામાં આવી છે. યુઝર્સ તેમના એલિજિબલ ક્રેડિટ કાર્ડને 'એપલ વોલેટ' (Apple Wallet) માં ઉમેરીને દેશભરના મોલ, સુપરમાર્કેટ, રેસ્ટોરન્ટ તેમજ ઓનલાઈન શોપિંગ પ્લેટફોર્મ પર સરળતાથી ચૂકવણું કરી શકશે.

એપલ વોલેટ અને એપલ પેના વાઈસ પ્રેસિડેન્ટ જેનિફર બેઈલીએ જણાવ્યું હતું કે, "ભારત એક ઝડપથી ડિજિટલ બની રહેલો દેશ છે. અહીંના યુઝર્સ સુરક્ષા અને પ્રાઈવસી સાથે કેશલેસ ટ્રાન્ઝેક્શનને પ્રાધાન્ય આપે છે, તેથી અમે ભારતમાં એપલ પે લાવવા માટે અત્યંત ઉત્સાહિત છીએ." આગામી સમયમાં અન્ય અગ્રણી બેંકોને પણ આ પ્લેટફોર્મ સાથે જોડવામાં આવશે. પિન કે OTP ની જરૂર નહીં: ફેસ અને ટચ આઈડીથી હાઈટેક સિક્યુરિટી એપલ પે દ્વારા ટ્રાન્ઝેક્શન કરતી વખતે કાર્ડનો ગુપ્ત પિન નંબર કે ઓટીપી (OTP) એન્ટર કરવાની જરૂર રહેશે નહીં. યુઝર્સ પોતાના આઈફોનમાં 'Face ID' અથવા 'Touch ID' ના બાયોમેટ્રિક વેરિફિકેશન દ્વારા ક્ષણવારમાં પેમેન્ટ પૂર્ણ કરી શકશે. સુરક્ષાના મુદ્દે એપલે સ્પષ્ટ કર્યું છે કે, ગ્રાહકોના મૂળ ક્રેડિટ કાર્ડ નંબર એપલના સર્વર પર કે વેપારીઓ સાથે શેર કરવામાં આવતા નથી. તેને બદલે એક વિશેષ એન્ક્રિપ્ટેડ 'ડિવાઈસ એકાઉન્ટ નંબર' અને ટોકનાઈઝેશન તકનીકનો ઉપયોગ થાય છે, જેથી ટ્રાન્ઝેક્શન સંપૂર્ણપણે સુરક્ષિત રહે છે.

એપલ પે નો ઉપયોગ કરવા માટે યુઝર્સ પાસે ચોક્કસ હાર્ડવેર અને સૉફ્ટવેર સપોર્ટ હોવો જરૂરી છે:iPhone: iOS 18 કે તેથી અદ્યતન વર્ઝન પર ચાલતો iPhone XR અથવા ત્યારબાદનો મોડેલ હોવો જરૂરી છે.

# જૂનાગઢમાં આંગણવાડીઓમાં પોષણ માસ અને આંગણ ઉત્સવ અંતર્ગત "મારી પોષણ થાળી" ચિત્ર સ્પર્ધા યોજાઇ

નરેન્દ્ર દવે જૂનાગઢ

મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગુજરાત સરકારના માર્ગદર્શન હેઠળ રાજ્યના તમામ આંગણવાડી કેન્દ્રોમાં 'પોષણ માસ' તથા 'આંગણ ઉત્સવ'ની ઉજવણી અંતર્ગત ગત તા. ૨૯-૦૯-૨૦૨૬ના રોજ ૩ થી ૬ વર્ષના બાળકો માટે રંગપૂરણી પ્રવૃત્તિ તેમજ ૧૫ થી ૧૮ વર્ષની કિશોરીઓ માટે "મારી પોષણ થાળી" ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય બાળકોમાં સર્જનાત્મક શક્તિ અને સૂક્ષ્મ સ્નાયુઓનો વિકાસ કરવાનો હતો. સાથે જ કિશોરીઓ માં સંતુલિત આહાર, પોષણ અને સ્વસ્થ જીવનશૈલી અંગે જાગૃતિ કેળવવાનો હતો. જૂનાગઢ જિલ્લાના આંગણવાડી કેન્દ્રો ખાતે ૩ થી ૬ વર્ષના બાળકોએ નિયત થયેલા પુસ્તકોમાં આપેલા ચિત્રોમાં ઉત્સાહપૂર્વક રંગપૂરણી કરી હતી. જ્યારે બીજી તરફ કિશોરીઓએ પોતાની સર્જનાત્મકતા અને કલ્પનાશક્તિ દ્વારા પોષણયુક્ત થાળીના વિવિધ ખાદ્ય જૂથોને ચિત્રમાં સુંદર રીતે રજૂ કરી, "સંતુલિત આહાર એ સ્વસ્થ જીવનનો આધાર" નો ઉમદા સંદેશ આપ્યો હતો. આ પ્રવૃત્તિ દ્વારા કિશોરીઓમાં પૌષ્ટિક આહાર પ્રત્યે સમજ, જાગૃતિ અને સ્વસ્થ જીવનશૈલી અપનાવવાની પ્રેરણા આપવામાં આવી હતી. તેમજ બાળકના સર્વાંગી વિકાસની સાથે આ અનુભવને સકારાત્મક અને સમાવેશી બનાવવા માટે ભાગ લેનાર પ્રત્યેક બાળક તથા ચિત્ર સ્પર્ધામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર કિશોરીઓને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

# ખેલ મલકુંભ ૨૦૨૬ અંતર્ગત જૂનાગઢ જિલ્લા કક્ષાની સ્પર્ધાઓનું આયોજન હાલ પૂરતું મોકુફ રાખવામાં આવ્યું

નરેન્દ્ર દવે જૂનાગઢ | સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગરના નિર્દેશ મુજબ ખેલ મહાકુંભ ૨૦૨૬ અંતર્ગત તાલુકા કક્ષાની સ્પર્ધા નિયત કાર્યક્રમ મુજબ યથાવત રહેશે. જ્યારે જિલ્લા કક્ષાની સ્પર્ધાઓ હાલ પૂરતી મોકૂફ રાખવામાં આવે છે. જિલ્લા કક્ષાની સ્પર્ધાઓના આયોજન અંગે હવે પછી નવી તારીખો જાહેર કરવામાં આવશે. આ સાથે તમામ શાળાઓના આચાર્યશ્રીઓએ પણ સ્પર્ધા મોકૂફી અંગેની સૂચનાઓ ધ્યાને લેવી. ઉપરાંત તમામ જિલ્લા રમત કન્વીનરશ્રીઓએ ગંભીરતાપૂર્વક નોંધ લઈ તેનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે. સાથે જ સંબંધિત તમામને જાણ કરવાની રહેશે. તેમ જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી ભૂષણ કુમાર યાદવ અને જિલ્લા રમત ગમત અધિકારીશ્રી મનીષકુમાર જીલડીયાની એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# જૂનાગઢ જિલ્લામાં સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત રંગોળી સ્પર્ધા અને કોલાજ મેકિંગ સ્પર્ધા યોજાશે

નરેન્દ્ર દવે જૂનાગઢ

રાજ્યના તમામ જિલ્લામાં વિદ્યાર્થીઓની તથા નાગરિકોની સર્જનાત્મકતા, ટીમ વર્ક, સ્થાનિક સંસ્કૃતિ અને સામૂહિકભાગીદારી ને પ્રોત્સાહિત કરવા માટે "સેવાના રંગ, રાષ્ટ્રના સંગ" અંતર્ગત રંગોળી સ્પર્ધા અને કોલાજ વર્ક સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. જે અન્વયે જૂનાગઢ જિલ્લામાં વ્યક્તિગત રંગોળી, ગૃપ રંગોળી અને કોલાજ વર્ક સ્પર્ધાઓના આયોજન કરાયું છે. આ માટે જે વિદ્યાર્થીઓએ અને નાગરિકોએ રજીસ્ટ્રેશન લિન્ક તથા SSAની વેબસાઈટ પર રજીસ્ટ્રેશન કરાવ્યું હશે તે જ સ્પર્ધકોએ સમયસર ઉપસ્થિત થવાનું રહેશે. જે વિદ્યાર્થીઓએ અને નાગરિકોએ રજીસ્ટ્રેશન લિન્ક પર રજીસ્ટ્રેશન કરાવેલું હશે તે સ્પર્ધકો જ આ સ્પર્ધામાં ભાગ લઈ શકશે. આ ઉપરાંત એક શાળામાંથી વધારેમાં વધારે ૨ વિદ્યાર્થીઓ જ ભાગ લઈ શકશે. આ સ્પર્ધા માટે સ્પર્ધકોએ જૂનાગઢ શહેર મહાનગરપાલિકા વિસ્તારમાં તારીખ ૦૩-૧૦-૨૬ સવારે ૧૨-૦૦ કલાકે રિપોર્ટિંગ કરવાનું રહેશે. જૂનાગઢ ગ્રામ્ય વિસ્તાર માટે તારીખ ૦૩-૧૦-૨૬ સવારે ૦૨-૦૦ કલાકે રિપોર્ટિંગ કરવાનું રહેશે. આ બંને સ્પર્ધાઓ માટેનું સ્થળ સરદાર પટેલ સભાગૃહ, કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ રહેશે. તેમ શ્રી એન.ડી.વાળા, જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી, જૂનાગઢની એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# કેશોદના મઘરવાડા ગામની આંગણવાડી ખાતે "આંગણાનો ઉત્સવ"ની હરખભેર ઉજવણી

નરેન્દ્ર દવે જૂનાગઢ

સમગ્ર રાજ્યમાં સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત વિવિધ કાર્યક્રમો નું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ અભિયાન અંતર્ગત જૂનાગઢ જિલ્લામાં વિવિધ કાર્યક્રમોની ઉજવણી કરવામાં આવી રહી છે. કેશોદ તાલુકાના મઘરવાડા ગામે આંગણવાડી ખાતે 'આંગણા નો ઉત્સવ'ની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉત્સવ અંતર્ગત આંગણવાડીના બાળકોના સર્વાંગી વિકાસ અને સ્થાનિક લાભાર્થીઓમાં જાગૃતિ લાવવા માટે વિવિધ પ્રવૃત્તિઓનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આંગણવાડીના ભુલકાઓને મહાનુભાવો ના હસ્તે ભેટ અર્પણ કરવામાં આવી હતી અને કિશોરીઓને પ્રમાણપત્ર આપી પૂર્ણ શક્તિ પેકેટ આપવામાં આવ્યા હતા.આ પ્રસંગે જિલ્લા પંચાયતના સભ્ય અશ્વિનભાઈ ખટારીયા, ગામ અગ્રણી માંડણભાઈ હેરભા, ઉપસરપંચ નિલેશભાઈ હેરભા, તલાટી મંત્રી પ્રણવ ઉપાધ્યાય, ફિમેલ હેલ્થ વર્કર એન. બી. કરડાણી, વિવિધ આગેવાનો આંગણવાડીના ભૂલકાઓ, કિશોરીઓ તેમજ વાલીઓ અને ગ્રામજનોની ઉપસ્થિતિમાં કાર્યક્રમની હરખભેર ઉજવણી કરવામાં આવી હતી.

# જૂનાગઢમાં "ભારતીય કૃષિના ૨૫ વર્ષ: પરિવર્તન અને આગળનો માર્ગ" વિષય પર વિચાર ગોષ્ઠી યોજાઇ

નરેન્દ્ર દવે જૂનાગઢ | જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના કૃષિ મહાવિદ્યાલય દ્વારા ''ભારતીય કૃષિના ૨૫ વર્ષ: પરિવર્તન અને આગળનો માર્ગ'' આ વિષય પર એક વિચાર ગોષ્ઠીનું આયોજન કરવામાં આવ્યું હતું. જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના કુલપતિ શ્રી ડો.વી.પી.ચોવટિયાના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. અધ્યક્ષ સ્થાનેથી તેમણે સંબોધન કરતા છેલ્લા ૨૫ વર્ષ દરમ્યાન કૃષિ ક્ષેત્રમાં ગુજરાત અને દેશમાં થયેલા જુદા-જુદા પરિવર્તન, મેળવેલી સિદ્ધિઓ તથા આવનાર પડકારો વિષે વિસ્તૃત માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં સંશોધન નિયામક શ્રી ડો.એ.જી. પાનસુરીયા, કુલસચિવશ્રી ડો.વાય.એચ. ઘેલાણી, નિયામકશ્રી વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃતિઓ ડો.આર.એમ. સોલંકી દ્વારા પણ કૃષિ ક્ષેત્રના યોગદાન પર જુદા-જુદા વક્તવ્ય આપવામાં આવ્યા હતા. આ સેમિનાર દરમ્યાન કુલ ૪૮ જેટલા અનુસ્નાતક વિધાર્થીઓ દ્વારા પોસ્ટર પ્રેઝન્ટ કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમ માં ડો.એચ.સી. છોડવડિયા, ડો.પી.ડી. કુમાવત, ડો.કે.સી.પટેલ, ડો. સી.ડી. લખલાણી, તથા સીનીયર સાયન્ટીસ્ટ, (IIGR), જૂનાગઢ ડો.એમ.વી. નટરાજા, જુદા-જુદા વિભાગીય વડાશ્રીઓ, શિક્ષકશ્રીઓ, રેક્ટરશ્રી અને કૃષિ મહાવિદ્યાલયના એકેડેમિક ઈન્ચાર્જ તેમજ શિક્ષણ શાખાના સ્ટાફગણ પણ ઉપસ્થિત રહ્યા હતા. આ તકે ડો.પી.ડી. કુમાવત દ્વારા તમામનું સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમજ કાર્યક્રમના અંતમાં ડો. બી.એચ.તાવેથીયા, દ્વારા દરેક હાજર અધિકારીશ્રીઓ તેમજ વિદ્યાર્થીઓનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. તેમ એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા "સ્વચ્છતા હી સેવા અભિયાન - ૨૦૨૬" અંતર્ગત આજે "સફાઈમિત્ર સુરક્ષા એવં સન્માન શિબિર" કાર્યક્રમ યોજાયો

નરેન્દ્ર દવે જૂનાગઢ | ભારત સરકાર દ્વારા બીજી ઓક્ટોબરના રોજ આવનારી મહાત્મા ગાંધીજીની જન્મજયંતિ નિમિત્તે સમગ્ર ભારતમાં ચાલી રહેલા સ્વચ્છતા જન આંદોલનના ભાગરૂપે,માન.મેયરશ્રી તથા ડે.મેયરશ્રીના માર્ગદર્શન હેઠળ જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા તા.૩૦ સપ્ટેમ્બર ૨૦૨૬, બુધવારના રોજ સવારે ૦૭:૦૦ કલાકે માન.કમિશનરશ્રી આઈ.આર.વાળા,શ્રી પલ્લવીબેન ઠાકર,શ્રી ગૌરવભાઈ રૂપારેલીયા,શ્રી ગીતાબેન એમ.પરમાર,નાયબ કમિશનરશ્રી જયેશભાઈ વાજા,સેનિટેશન સુપ્રી.શ્રી કલ્પેશભાઈ ટોલિયા અને દર્શનભાઈ મકવાણા, કોર્પોરેટરશ્રી ભાવનાબેન વ્યાસ,ચેતનાબેન ચુડાસા,વાલ્મીકી સમાજ પ્રમુખશ્રી દિનેશભાઈ ચુડાસમા, સફાઈ કામદાર યુનિયન પ્રમુખશ્રી વિજયભાઈ વાળા,વોર્ડ એસ.આઈ.શ્રીઓ તથા બહોળી સંખ્યામાં સફાઈ કર્મચારીશ્રીઓની ઉપસ્થિતિમાં ડો. આંબેડકર ભવન હોલ (સકરીયા ટીંબા પાસે) ખાતે 'સફાઈમિત્ર સુરક્ષા એવં સન્માન શિબિર' કાર્યક્રમ યોજાયો.આ તકે સફાઈ કર્મચારીશ્રીઓનાં ઉતમ સ્વાસ્થ્ય જળવાઈ રહે તેવા શુભ આશય સાથે મેડીકલ કેમ્પનું પણ આયોજન કરવામાં આવેલ હતું. આ 'સફાઈમિત્ર સુરક્ષા એવં સન્માન શિબિર' કાર્યક્રમ અંતર્ગત સ્ટેજ પરથી મહાનુભવશ્રીઓના વરદ હસ્તે શહેરની સ્વચ્છતામાં ઉત્કૃષ્ટ યોગદાન આપનાર 'સ્વચ્છ સોસાયટી', 'બેસ્ટ એસ.આઈ.' (સેનેટરી ઈન્સ્પેક્ટર), 'બલ્ક વેસ્ટ જનરેટર' અને 'સ્વચ્છ વોર્ડ' ને સર્ટિફિકેટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. તેમજ શહેરની સ્વચ્છતાના આધારસ્તંભ એવા સફાઈ કામદારોના ઉત્કર્ષ માટે ૭૫ સફાઈ કર્મચારીઓને પ્રોત્સાહન રૂપે પ્રત્યેકને રૂ.૧૦,૦૦૦/- પ્રતીકાત્મક (ટોકન) સ્વરૂપે ચેક અર્પણ તથા તમામ સફાઈ કર્મચારીઓના સ્વાસ્થ્ય અને સુરક્ષાને ધ્યાનમાં રાખીને પી.પી.ઈ. (PPE) કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# જુનાગઢ શહેરમાં કમિશનરશ્રી આઈ. આર.વાળાના સઘન નિરીક્ષણથી સફાઈમાં મહતમ નોંધપાત્ર સુધારો

નરેન્દ્ર દવે જૂનાગઢ

મહાનગરપાલિકા, જૂનાગઢના કમિશનરશ્રી આઈ.આર.વાળા દ્વારા તા.૨૯/૦૯/૨૦૨૬ના રોજ રાત્રિના સમયે શહેરના વિવિધ વિસ્તારોમાં સ્વચ્છતાની કામગીરીનું નિરીક્ષણ કરવા માટે સઘન વોર્ડ વિસ્તારની મુલાકાત લેવામાં આવી હતી. આ અગાઉ તારીખ ૨૪.૦૯.૨૦૨૬ના રોજ પણ રાત્રિ મુલાકાત લેવાઈ હતી, જેના અનુસંધાને આ કામગીરીની અને તેમાં આવેલા સુધારાની સમીક્ષા કરવામાં આવી હતી. શહેરના તમામ વોર્ડમાં નિયુક્ત કરાયેલા વોર્ડ પ્રભારીઓ દ્વારા પણ મોડી રાત્રિ સુધી સફાઈ કામગીરીનું સતત નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે. શહેરના કોલેજ રોડ, ઝાંઝરડા ચોકડી, ઝાંઝરડા રોડ અને મધુરમ રોડ પર આવેલા સ્ટ્રીટ ફૂડ વેન્ડર વિસ્તારની મુલાકાત દરમિયાન વેપારીઓ દ્વારા રખાતી સફાઈ, ગ્રાહકોને અપાતું ફૂડ અને સિંગલ યુઝ પ્લાસ્ટિકના પ્રતિબંધની અમલવારી ચકાસવામાં આવી હતી. જે વેપારીઓને અગાઉની મુલાકાતમાં સૂચના અપાઈ હોવા છતાં કચરો જોવા મળ્યો હતો, તેમને દંડ ફટકારવામાં આવ્યો છે. રાત્રિનો વેપાર પૂર્ણ થયા બાદ વેપારીઓએ પોતાની જગ્યા સાફ કરી તેનો ફોટો સેનેટરી ઈન્સ્પેક્ટરના ગ્રુપમાં ફરજિયાત મૂકવાના નિયમની કડક અમલવારી કરાવવામાં આવી છે. આ નવતર પ્રયોગથી સ્થળ પર થતા કચરામાં ૭૦% જેટલો નોંધપાત્ર સુધારો જોવા મળ્યો છે. જે વેપારીઓ ફોટો નથી મૂકતા તેમની પાસેથી પેનલ્ટી વસૂલવામાં આવે છે અને આવા લોકો સામે દંડનીય કાર્યવાહી વધુ કડક બનાવવા સંબંધિત સેનેટરી ઈન્સ્પેક્ટર શ્રીઓ અને સેનિટેશન સુપ્રિટેન્ડેન્ટશ્રીને આદેશ આપવામાં આવ્યા છે. આ રાત્રિ ચેકિંગ કામગીરી દરમિયાન સ્વચ્છતા ન જાળવવા બદલ કુલ રૂ. ૮૨,૨૦૦/- નો દંડ ફટકારવામાં આવ્યો છે. કોમર્શિયલ વિસ્તારો જેવા કે પોસ્ટ ઓફિસ રોડ અને માંગનાથ રોડ પર દુકાનો બંધ થયા બાદ અગાઉ જોવા મળતા કચરાની સમસ્યા હલ કરવા ડોર-ટુ-ડોર કચરા કલેક્શન વાહનનો સમય વહેલો કરવામાં આવ્યો છે. આ સમય ફેરફારના કારણે સફાઈમાં ૭૦% જેટલો સુધારો આવ્યો છે. જોકે, કેટલાક દુકાનદારો દ્વારા આ અંગે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આ સંદર્ભે તંત્ર દ્વારા સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી છે કે જો સફાઈ કામગીરીમાં વેપારીઓ દ્વારા સહકાર નહીં મળે તો દુકાન સીલ કરવા સુધીના કડક પગલાં લેવાશે. તેમજ સરકારી કામગીરીમાં વિક્ષેપ ઊભો કરાશે તો ફરજમાં રુકાવટ અંગેની પોલીસ ફરિયાદ પણ દાખલ કરવામાં આવશે. આ મુદ્દે વેપારી એસોસિએશનના પ્રમુખ સાથે પણ સકારાત્મક ચર્ચા કરી સમજૂત કરવામાં આવ્યા છે. જૂનાગઢ શહેરના જૂના અને સાંકડી શેરીઓ ધરાવતા પંચહાટડી વિસ્તારમાં આવેલા વેજીટેબલ માર્કેટની પણ મુલાકાત લેવાઈ હતી. માર્કેટ બંધ થયા બાદ મુલાકાત સમયે આ વિસ્તારની રાત્રિ સફાઈની કામગીરી સંપૂર્ણપણે પૂર્ણ થયેલી જોવા મળી હતી. બીજી તરફ, અમુક કોમર્શિયલ વિસ્તારોની આસપાસ લોકો દ્વારા જાહેરમાં કચરો નાખવામાં આવતો હોવાનું ધ્યાને આવતા, આવી જગ્યાઓ પર સીસીટીવી કેમેરાથી મોનિટરિંગ કરવા સૂચના અપાઈ છે. દુકાનો બંધ થવાના સમયે કચરો ફેંકતા લોકોને ઓળખી કાઢવા સેનેટરી ઈન્સ્પેક્ટરોને તાકીદ કરાઈ છે. આ સાથે જ આવી જગ્યાઓ પર સ્વચ્છતા માર્શલ ની નિયુક્તિ કરી તેમના દ્વારા પણ દંડકીય કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી છે. શહેર માં પીજીવીસીએલ (PGVCL) ના ટ્રાન્સફોર્મર ફરતે ભરાતા કચરા અંગે મહાનગરપાલિકા દ્વારા અગાઉ પીજીવીસીએલ કચેરીને પત્ર લખી સફાઈ કરાવવા અને તૂટેલી રેલિંગ બદલી પ્રિ-કાસ્ટ દીવાલ બનાવવા જણાવાયું હતું. તેમ છતાં આ દિશામાં પીજીવીસીએલ વિભાગ દ્વારા કોઈ નક્કર કામગીરી થયેલી જોવા મળી ન હતી. આ બાબતને ગંભીરતાથી લઈ કમિશનરશ્રી આઈ.આર. વાળા દ્વારા પી.જી.વી.સી.એલ.ના અધિકારીઓને આ અંગે જવાબદારી નક્કી કરવા અને સત્વરે કામગીરી કરાવવા માટે ખાસ મીટિંગ અર્થે બોલાવવામાં આવ્યા છે. સ્વચ્છતાની સાથે રોડ રસ્તા ની ઉત્તમ કામગીરી હાથ ધરવામાં આવે તેવી લોક માગણી થઈ રહી છે.

# વઘઇ ખાતે તાલુકા કક્ષાના વિજ્ઞાન-ગણિત અને પર્યાવરણ પ્રદર્શન શ્રેષ્ઠ કૃતિઓ જિલ્લા કક્ષાની સ્પર્ધા માટે પસંદ

ડાંગ | ડાંગ જિલ્લાનાં વઘઇ ખાતે આવેલી સરકારી ખેતીવાડી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા ખાતે જિલ્લા શિક્ષણાધિકારી જીજ્ઞેશકુમાર ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ તાલુકા કક્ષાના વિજ્ઞાન, ગણિત અને પર્યાવરણ પ્રદર્શનનું ઉત્સાહભેર આયોજન કરવામાં આવ્યું હતુ.આ પ્રસંગે જિલ્લા શિક્ષણાધિકારી જીજ્ઞેશકુમાર ત્રિવેદી ઉપરાંત જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ ઉષાબેન ડી. પટેલ, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, વઘઇના પ્રાચાર્ય બી.એમ. રાઉત, જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, આહવા-ડાંગના શિક્ષણ નિરીક્ષકો એસ.એચ. પરમાર તથા આર.એ. ટંડેલ સહિત સ્થાનિક આગેવાનો અને શિક્ષણવિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ગ્રામીણ અને આદિવાસી વિસ્તારના વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ વિકસે તેમજ તેમની સર્જનાત્મકતા અને પ્રતિભાને યોગ્ય પ્લેટફોર્મ મળે તેવા ઉદ્દેશ્ય સાથે યોજાયેલા આ પ્રદર્શનમાં વઘઇ તાલુકાની વિવિધ શાળાઓમાંથી વિદ્યાર્થીઓ અને માર્ગદર્શક શિક્ષકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.કાર્યક્રમનો પ્રારંભ ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્ય અને પ્રાર્થના સાથે કરવામાં આવ્યો હતો. ત્યારબાદ વિદ્યાર્થીઓ દ્વારા પર્યાવરણ સંરક્ષણ, નવીનીકરણીય ઊર્જા, કૃષિ ક્ષેત્રની આધુનિક તકનીકો, કચરા



વ્યવસ્થાપન, રોજિંદા જીવનમાં ગણિતના ઉપયોગ સહિતના વિવિધ વિષયો પર આધારિત અદ્યતન, સર્જનાત્મક અને લોકઉપયોગી કૃતિઓ તથા મોડેલ્સ રજૂ કરવામાં આવ્યા હતા. પ્રદર્શનની મુલાકાત લેનાર અધિકારીઓ, પદાધિકારીઓ, શિક્ષકો તથા શાળા પરિવારે વિદ્યાર્થીઓની કૃતિઓ નિહાળી તેમના વૈજ્ઞાનિક અભિગમ અને સર્જનાત્મકતાને બિરદાવ્યા હતા. નિરીક્ષકો દ્વારા વિદ્યાર્થીઓની વિવિધ કૃતિઓનું તટસ્થ મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર કૃતિઓને જિલ્લા કક્ષાના પ્રદર્શન માટે પસંદ કરી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.સમગ્ર આયોજનને સફળ બનાવવા માટે સરકારી ખેતીવાડી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા, વઘઇના આચાર્ય કેતનકુમાર એસ. ગવળી, શૈક્ષણિક સ્ટાફ તથા કર્મચારીઓ અને જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, આહવા-ડાંગના અધિકારીઓ અને કર્મચારીઓએ નોંધપાત્ર જહેમત ઉઠાવી હતી.આ પ્રદર્શનમાં આસપાસની વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓ તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનોએ મુલાકાત લઈ બાળ વૈજ્ઞાનિકોની કૃતિઓ નિહાળી તેમનો ઉત્સાહ વધાર્યો હતો. સમગ્ર કાર્યક્રમથી વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન અને ગણિત પ્રત્યે રુચિ તથા નવીન વિચારોને પ્રોત્સાહન મળ્યું હતું.

# મહીસાગરના પાંચમહુડીયા આંગણવાડી કેન્દ્ર ખાતે જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી કલ્પનાબેન પુવારના અધ્યક્ષ સ્થાને 'આંગણ સેવા મિલન કાર્યક્રમ' યોજાયો

જગદીશ ત્રિવેદી | મહીસાગર

આજરોજ કોઠંબા તાલુકાના પાંચમહુડીયા આંગણવાડી કેન્દ્ર ખાતે મહિલા અને બાળ વિકાસ વિભાગ અંતર્ગત 'આંગણ સેવા મિલન કાર્યક્રમ'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી કલ્પનાબેન પુવારના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવ્યો હતો. આ વિશેષ પ્રસંગે કોઠંબા તાલુકા પંચાયતના પ્રમુખશ્રી અનિતાબેન પટેલ, જિલ્લા બાંધકામ સમિતિના ચેરમેનશ્રી અરવિંદભાઈ બારીયા તેમજ ગામના અગ્રણી આગેવાનોએ ખાસ ઉપસ્થિત રહીને કાર્યક્રમની શોભા વધારી હતી.કાર્યક્રમ દરમિયાન આંગણવાડી કેન્દ્ર મારફતે મળતી વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભાર્થીઓ સાથે સીધો સંવાદ કરીને તેમના હકારાત્મક અભિપ્રાયો લેવામાં આવ્યા હતા. કેન્દ્રના નાના ભૂલકાંઓ દ્વારા વિવિધ સુંદર પ્રવૃત્તિઓ રજૂ કરવામાં આવી હતી. આ તકે રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રીનો પ્રેરણાદાયક સંદેશ ઉપસ્થિત તમામ લાભાર્થીઓને પહોંચાડવામાં આવ્યો હતો. સાથે જ,



ઉપસ્થિત સૌ મહાનુભાવો, લાભાર્થીઓ અને ગ્રામજનો દ્વારા કુપોષણ મુક્ત સમાજના નિર્માણ માટે સામૂહિક 'પોષણ શપથ' લેવામાં આવ્યા હતા.આ પ્રસંગે બાળકો અને કિશોરીઓના ઉત્સાહમાં વધારો કરવા માટે વિશેષ આયોજન કરાયું હતું. જેમાં મહાનુભાવોના હસ્તે 'સ્વસ્થ બાળક' તરીકે પસંદગી પામેલા બાળકોને તેમજ કિશોરીઓને ઈનામ વિતરણ કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. તદુપરાંત, પાયાના સ્તરે ઉત્કૃષ્ટ સેવાઓ પૂરી પાડવા બદલ આંગણવાડી કાર્યકર, તેડાગર બહેનો અને આશા વર્કર બહેનોની કામગીરીને બિરદાવીને તેઓને મહાનુભાવોના હસ્તે 'પ્રશસ્તિપત્ર' એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા.કુપોષણ સામેની લડતને મજબૂત બનાવવા તેમજ માતા અને બાળકોના ઉત્તમ સ્વાસ્થ્ય માટે 'ટેક હોમ રાશન'નું વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતમાં આંગણવાડીના બાળકો અને તમામ લાભાર્થીઓને પોષણયુક્ત સુખડી તેમજ તાજા ફળોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આંગણવાડી કાર્યકર, તેડાગર બહેનો અને ગ્રામજનોના સક્રિય સહકારથી સમગ્ર કાર્યક્રમ અત્યંત સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

# પ્રાકૃતિક કૃષિના પ્રણેતા એવા ગુજરાતના મહામહિમ માનનીય રાજ્યપાલશ્રી સાથે 'નીરવ પ્રકૃતિ ટ્રસ્ટ' ચુંવાલ ડાંગરવા અને અન્નદાતા હિત રક્ષક સમિતિ ગુજરાત ગાંધીનગર ની સદ્ભાવના મુલાકાત

ગાંધીનગર | આજ રોજ ગુજરાત રાજ્યના મહામહિમ માનનીય રાજ્યપાલશ્રી સાથે 'નીરવ પ્રકૃતિ ટ્રસ્ટ' (ચુવાળ ડાંગરવા)ના અધ્યક્ષ મિનેષકુમાર બાબુલલાલ પટેલ અને 'અન્નદાતા



હિત રક્ષક સમિતિ'ના પ્રમુખ પંકજકુમાર દ્વારકાભાઈ પટેલની રાહબરી હેઠળના પ્રતિનિધિ મંડળે રાજભવન ખાતે શુભેચ્છા મુલાકાત લીધી હતી. પ્રકૃતિ સંરક્ષણ, પર્યાવરણ, જળ સંરક્ષણ અને જૈવિક ખેતી જેવા વિષયો પર કેન્દ્રિત રહેલી આ બેઠકના વિશેષ બિંદુઓ નીચે મુજબ છે: વૃક્ષ સંવર્ધન: લુપ્ત થતી વૃક્ષ પ્રજાતિઓનું જતન કરી પર્યાવરણની સમતુલા જાળવવા પર વિશેષ ચર્ચા કરવામાં આવી. પ્રાકૃતિક ખેતીની ભેટ: મહીપતસિંહ એ ઝાલા ની વાડીના શુદ્ધ પ્રાકૃતિક આમળા-રીંગણ તેમજ પર્યાવરણ સંબંધિત વિશેષ પુસ્તક પ્રકૃતિથી પરમાત્મા રાજ્યપાલશ્રીને અર્પણ કરાયા. માર્ગદર્શન અને સન્માન: મહામહિમ રાજ્યપાલશ્રીએ પોતાની સરળ અને મૃદુભાષી શૈલીમાં પર્યાવરણ અને જળ સંરક્ષણ અંગે ઉપયોગી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. સ્નેહપૂર્ણ અલ્પાહારનું આયોજન કર્યું હતું.આ બેઠકમાં પંકજકુમાર પટેલ, હર્ષકુમાર સુથાર ખોડલ ફિલ્મ કડી, મિનેષકુમાર પટેલ અને મહીપતસિંહ ઝાલા (જાગૃત કિસાન, બામરોલી) ઉપસ્થિત રહ્યા હતા.હામહિમનું પ્રબુદ્ધ વ્યક્તિત્વ સૌ માટે પ્રેરણારૂપ બન્યું હતું, અને આગામી સમયમાં તેમના માર્ગદર્શન હેઠળ પર્યાવરણ-જળ સંરક્ષણ ક્ષેત્રે વધુ સઘન કાર્યો કરવાનો સંકલ્પ પ્રતિનિધિ મંડળે વ્યક્ત કર્યો હતો. "વંદે માતરમ્ | ભારત માતા કી જય"

# સંતરામપુરના ચિતવા મુકામે ગ્રામ્ય કક્ષાનો 'સેવા સેતુ કાર્યક્રમ' યોજાયો: સ્થળ પર જ વિવિધ સરકારી સેવાઓનો લાભ વિતરત કરવામાં આવ્યો



જગદીશ ત્રિવેદી | મહીસાગર

સંતરામપુર તાલુકાના ચિતવા ગામે નાગરિકોની સુખાકારી અને વહીવટી સરળતા માટે ગ્રામ્ય કક્ષાના 'સેવા સેતુ કાર્યક્રમ'નું આજરોજ આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પનો મુખ્ય ઉદ્દેશ્ય ગ્રામીણ વિસ્તારના લોકોને ઘરઆંગણે જ સરકારી યોજનાઓનો લાભ આપવાનો હતો. કાર્યક્રમમાં ધારાસભ્યશ્રી કુબેરભાઈ ડિંડોર ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ સેવા સેતુ કેમ્પમાં ગ્રામજનોને વહીવટી પ્રક્રિયામાં કોઈ મુશ્કેલી ન પડે તે માટે સંતરામપુર તાલુકાના તમામ લાઈન ડિપાર્ટમેન્ટનો સ્ટાફ પોતાની કચેરીની લગત વિવિધ યોજનાઓની માહિતી અને ફોર્મ્સ સાથે હાજર રહ્યો હતો. અધિકારીઓ અને કર્મચારીઓએ સ્થળ પર જ અરજદારોના પ્રશ્નો સાંભળીને ઓન-ધ-સ્પોટ નિકાલ કરવાની પ્રશંસનીય કામગીરી કરી હતી. વિવિધ વિભાગોના સમન્વયથી ગ્રામીણ સ્તરે સરકારી સેવાઓ પહોંચાડવાનો આ પ્રયાસ ખૂબ જ સફળ રહ્યો હતો. કાર્યક્રમ અંતર્ગત ગ્રામજનો માટે અનેકવિધ જનકલ્યાણકારી સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી, જેમાં નાગરિકોને આવક અને જાતિના દાખલા, નવીન આધારકાર્ડની કામગીરી તેમજ રેશનકાર્ડમાં નામ દાખલ કરવા કે સુધારા જેવી પાયાની સેવાઓ આ ઉપરાંત મા-અમૃતમ અને મા-વાત્સલ્ય કાર્ડ, ગંગા સ્વરૂપા આર્થિક સહાય, નિરાધાર વૃદ્ધ સહાય અને સંકટ મોચન સહાય જેવી સામાજિક સુરક્ષાની યોજનાઓના લાભો પણ સ્થળ પર જ આપવામાં આવી,ખેતી, પશુપાલન, પંચાયત અને આદિજાતિ વિકાસ વિભાગની વિવિધ યોજનાઓના ફોર્મ વિનામૂલ્યે વધુમાં, નવીન વારસાઈ નોંધણી, વરિષ્ઠ નાગરિકતા અને દિવ્યાંગતા પ્રમાણપત્રો તેમજ મફત હેલ્થ ચેકઅપ કેમ્પ અને ઘરેલુ નવા વીજ જોડાણ માટેની અરજીઓ જેવી કામગીરી પણ ઉત્સાહભેર કરવામાં આવી હતી.

# મહીસાગરના ફાચર ગામે વરસાદની ખેંચ વચ્ચે ખેડૂતોને સમૃદ્ધિની નવી રાહ બતાવતો 'આત્મા' પ્રોજેક્ટનો વિશેષ કાર્યક્રમ

જગદીશ ત્રિવેદી | મહીસાગર

મહીસાગર જિલ્લાના નવનિર્મિત ગોધર તાલુકાના અંતરિયાળ વિસ્તારમાં આવેલા ફાચર ગામે હાલમાં પ્રવર્તી રહેલા ઓછા વરસાદની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને 'આત્મા' પ્રોજેક્ટ મહીસાગર અંતર્ગત એક વિશેષ ખેડૂત ગોષ્ઠીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય પ્રતિકૂળ હવામાન અને અનિયમિત વરસાદ વચ્ચે પણ ખેડૂતો પોતાની ખેતી અને આર્થિક આવક કેવી રીતે જાળવી શકે તે અંગે સચોટ માર્ગદર્શન પૂરું પાડવાનો હતો. આ ગોષ્ઠીમાં ફાચર ગામના મોટી સંખ્યામાં પ્રગતિશીલ ખેડૂતોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ કૃષિ નિષ્ણાતો પાસેથી ખેતીલક્ષી ઉપયોગી માહિતી મેળવી હતી.કાર્યક્રમમાં વિશેષ ઉપસ્થિત રહેલા જિલ્લા મદદનીશ ખેતી નિયામકે ખેડૂતોને વર્તમાન પરિસ્થિતિમાં અનુકૂળ એવા કઠોળ અને તેલીબિયાં પાકોની આધુનિક ખેતી પદ્ધતિઓ વિશે ઊંડાણપૂર્વક સમજ આપી હતી. તેમણે ખેડૂતોને સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવેલી વિવિધ સહાયકારી યોજનાઓ અને તેનો લાભ લેવાની પ્રક્રિયાથી અવગત કર્યા હતા. આ ઉપરાંત, સારથી સંસ્થાના અધિકારીએ ખેડૂતોને ખેતરના શેઢા-પાળા તેમજ પડતર જમીનનો મહત્તમ ઉપયોગ કરવા પ્રેરિત કર્યા હતા. તેમણે ઓછા પાણીમાં ઉછરી શકે તેવા ફળાવ વૃક્ષો વાવીને ખેતીની સાથે પૂરક આવક કેવી રીતે ઊભી કરી શકાય તે અંગે મહત્વનું માર્ગદર્શન આપ્યું હતું.આ આયોજનમાં આત્મા પ્રોજેક્ટ અને ગુજરાત પ્રાકૃતિક ખેતી બોર્ડના અધિકારીઓએ પણ પ્રતિકૂળ સંજોગોમાં ખેતીના આયોજન અંગે વિશેષ ભાર મૂક્યો હતો. ખાસ કરીને વરસાદની ખેંચ વચ્ચે હલકા ધાન્ય પાકો (મિલેટ્સ) કેવી રીતે ખેડૂતો માટે આશીર્વાદરૂપ સાબિત થઈ શકે તે અંગે ગહન ચર્ચા કરવામાં આવી હતી. અધિકારીઓએ ખેડૂતોને વર્તમાન સિઝનની મુશ્કેલીઓ સામે લડવા અને ભવિષ્યમાં ખેતીને ટકાઉ બનાવવા માટે વૈજ્ઞાનિક અભિગમ અપનાવવા સલાહ આપી હતી. કાર્યક્રમના અંતિમ ચરણમાં તાલુકા સંયોજક દ્વારા પ્રાકૃતિક ખેતીના વિવિધ આયામો અને તેનાથી જમીન તેમજ મનુષ્યના સ્વાસ્થ્યને થતા ફાયદાઓ વિશે વિસ્તૃત સમજૂતી આપવામાં આવી હતી. ખેડૂતોને પ્રાકૃતિક ખેતીની પદ્ધતિઓ પ્રત્યક્ષ રીતે સમજાય તે હેતુથી લાઈવ ડેમોસ્ટ્રેશનનું પ્રસારણ કરવામાં આવ્યું હતું. આ પ્રાયોગિક નિદર્શન ખેડૂતો માટે અત્યંત પ્રેરણાદાયી સાબિત થયું હતું, જેનાથી તેઓ પરંપરાગત ખેતીની સાથે નવીન પદ્ધતિઓ અપનાવવા માટે પ્રોત્સાહિત થયા હતા.

# હિન્દુત્વ એટલે શું?



- રુપાલી દવે

ભારત સ્થિત ઈરાની દૂતાવાસે વૈશ્વિક સ્તરે ચર્ચા જગાવતા સંયુક્ત રાષ્ટ્રની ગંભીર નિષ્ફળતા અને લાચારી પર ખુલ્લો કટાક્ષ કરવા માટે બોલિવૂડની ક્લાસિક ફિલ્મ શોલેના પ્રખ્યાત પાત્ર ઠાકુર તેમજ હોલિવૂડના લોકપ્રિય પાત્ર ડૉક્ટર સ્ટ્રેન્જના હાસ્યજનક મીમનો સહારો લીધો છે, જેના કારણે સોશિયલ મીડિયા પર ડિજિટલ પ્રચારની દુનિયામાં એકાએક મોટો ઉછાળો જોવા મળ્યો છે. મીડિયા અહેવાલ મુજબ, આ અનોખી ઘટના એવા સમયે સામે આવી છે જ્યારે ન્યૂયોર્કની ધરતી પર એકાસીમી સંયુક્ત રાષ્ટ્ર મહાસભાની બેઠક ચાલી રહી છે, જ્યાં વિશ્વભરના દિગ્ગજ નેતાઓ એકઠા થયા હોવા છતાં આંતરરાષ્ટ્રીય સંઘર્ષો અને વિવાદો ઉકેલવામાં આ મોટી સંસ્થા સંપૂર્ણપણે નિષ્ફળ રહી છે અને કોઈ નક્કર પરિણામો લાવી શકી નથી. વર્તમાન પરિસ્થિતિ પર ગંભીરતાથી નજર નાખીએ તો, ઈરાની દૂતાવાસે સોશિયલ મીડિયા પર શેર કરેલા આ વાયરલ મીમમાં યુએનની અસલી વાસ્તવિકતા અને તેની મર્યાદાઓને ખૂબ જ સચોટ રીતે દર્શાવવામાં આવી છે. આ મીમના એક ભાગમાં માર્વેલના કાલ્પનિક સુપરહીરો ડૉક્ટર સ્ટ્રેન્જના અનેક હાથો વાળા રૂપને મૂકીને તેની ઉપર પુસ્તકોની કિતાબો અનુસાર યુએન એવું પ્રભાવશાળી કેપ્શન લખવામાં આવ્યું છે, જેનો આશય એવો સંદેશ આપવાનો છે કે કાગળ પર અને પુસ્તકોમાં આ સંસ્થાને તમામ ક્ષેત્રોમાં કામ કરવાની અસીમ તાકાત ધરાવતી અતિ-શક્તિશાળી સંસ્થા તરીકે રજૂ કરવામાં આવે છે. જ્યારે મીમના બીજા હિસ્સામાં વર્ષ એક હજાર નવસાઈઠ્ઠું પંચોત્તરની મહાન ફિલ્મ શોલેમાં અભિનેતા સંજીવ કુમાર દ્વારા ભજવાયેલા બંને હાથ કપાયેલા ઠાકુર બલદેવ સિંહની અત્યંત લાચાર અને વિવશ તસવીર મૂકીને તેની નીચે વાસ્તવિકતામાં યુએન એવું ધારદાર કેપ્શન જોડવામાં આવ્યું છે.

# સુપર ઇન્ટેલિજન્સ ક્રાંતિ લાવશે દેશમાં, સરકારી કામકાજમાં બદલાયો નિયમ, વૈશ્વિક સ્તરે ટેક્નોલોજી ક્ષેત્રે ક્રાંતિ

(એજન્સી) વોશિંગ્ટન । તા. 30

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ક્ષેત્રે એક ઐતિહાસિક પરિવર્તન લાવતા અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સત્તાવાર આદેશ જારી કર્યો છે, જેમાં આ ટેક્નોલોજીનું નામ બદલીને સુપર ઈન્ટેલિજન્સ કરવાનો નિર્ણય લેવાયો છે. વ્હાઈટ હાઉસ ખાતે યોજાયેલી ઉચ્ચસ્તરીય બેઠક બાદ આ મહત્વપૂર્ણ પગલું ભરવામાં આવ્યું છે, જેનો મુખ્ય હેતુ સરકારી દસ્તાવેજો તેમજ નીતિગત પત્રવ્યવહારમાં આ નવા નામને અપનાવવાનો છે. મીડિયા અહેવાલ મુજબ, આ બદલાવથી દેશની વહીવટી કાર્યપદ્ધતિ અને ટેક્નોલોજી ક્ષેત્રના વિકાસને એક નવી દિશા મળશે.

વર્તમાન પરિસ્થિતિ પર નજર નાખીએ તો, સરકારી વિભાગો અને વિવિધ એજન્સીઓને આગામી સમયમાં સત્તાવાર પત્રવ્યવહાર તેમજ વેબસાઈટ્સ પર આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને એઆઈ શબ્દના સ્થાને સુપર ઈન્ટેલિજન્સ અને



એસઆઈનો ઉપયોગ કરવાના સ્પષ્ટ નિર્દેશો આપવામાં આવ્યા છે. જોકે, આ નવો નિયમ અગાઉના જૂના રેકોર્ડ કે સરકારી કરારો પર પૂર્વવત લાગુ થશે નહીં. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, વૈજ્ઞાનિક સહાયકોને આગામી સાઠ દિવસની અંદર સંસદ સમક્ષ આ અંગેનો નવો પ્રસ્તાવ રજૂ કરવા માટે પણ જણાવવામાં આવ્યું છે, જેથી કાયદાકીય વ્યાખ્યાને વધુ સ્પષ્ટ કરી શકાય.

આ મોટા નિર્ણય પાછળ વ્હાઈટ હાઉસમાં યોજાયેલી વિશેષ બેઠક મુખ્ય કારણ રહી છે, જેમાં ટેક્નોલોજી જગતના દિગ્ગજો ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં ચર્ચા દરમિયાન પ્રમુખ ટ્રમ્પે આ તકનીકી બદલાવને ઈન્ટરનેટ કરતા પણ મોટો અને વ્યાપક બદલાવ ગણાવ્યો હતો. આ ક્ષેત્રની અગ્રણી હસ્તીઓએ પણ આ ટેક્નોલોજીના સુરક્ષિત વિકાસ અને લોકોના વિશ્વાસને જાળવી રાખવાની આવશ્યકતા પર વિશેષ ભાર મૂક્યો હતો. રાષ્ટ્રીય સુરક્ષા અને વૈશ્વિક સ્તરે સ્પર્ધામાં દેશ હંમેશા મોખરે રહે તે માટે આ પગલું અત્યંત અનિવાર્ય હોવાનું નિષ્ણાતો માની રહ્યા છે.

સરકારી વહીવટી તંત્રનું માનવું છે કે આજની આધુનિક પ્રણાલીઓની ક્ષમતાઓ માત્ર માનવ બુદ્ધિમત્તાની નકલ કરવા સુધી સીમિત નથી રહી, પરંતુ તે તબીબી અને વૈજ્ઞાનિક ક્ષેત્રમાં પણ અશક્ય લાગતા કાર્યોને સરળ બનાવી રહી છે. આ વ્યાપક ક્ષમતાઓને યોગ્ય ન્યાય આપવા માટે જ સરકારી શબ્દાવલિમાં આ પરિવર્તન લાવવામાં આવ્યું છે.

પ્લાન્ટ | અમેરિકામાં વિશાળ સ્ટીલ પ્લાન્ટનું નિર્માણ, રૂઈયા બંધુઓની ઉપસ્થિતિમાં મોટી જાહેરાત

# એસ્સાર ગ્રુપ અમેરિકામાં સ્ટીલ પ્લાન્ટ સ્થાપશે

(એજન્સી) વોશિંગ્ટન । તા. 30

ભારતના પ્રતિષ્ઠિત એસ્સાર જૂથ દ્વારા અમેરિકાની ધરતી પર અત્યાર સુધીનો સૌથી મોટો અને ગંજાવર સ્ટીલ પ્લાન્ટ સ્થાપવા માટે અઢાર અબજ ડોલર એટલે કે અંદાજે એક લાખ બોંતેર હજાર કરોડ રૂપિયાનું ભવ્ય રોકાણ કરવાનો ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો છે, જે અંતર્ગત કંપનીની પેટાકંપની મેસાબી મેટાલિક્સ દ્વારા આયોવા તથા મિનેસોટા ખાતે આ વિશાળ પરિયોજનાને આગામી બે હજાર ત્રીસ સુધીમાં સંપૂર્ણપણે કાર્યાન્વિત કરવામાં આવશે. મીડિયા અહેવાલ મુજબ, અમેરિકન પ્રમુખ ટ્રમ્પ દ્વારા વ્હાઈટ હાઉસ ખાતે એસ્સાર જૂથના સ્થાપક રવિ રૂઈયા અને તેમના સુપુત્ર રેવંત રૂઈયાની વિશેષ ઉપસ્થિતિમાં આ જાહેરાત કરવામાં આવી હતી, જેને તેમણે પોતાની ખાસ ટેરિફ નીતિની સૌથી મોટી સફળતા તરીકે ગણાવી હતી અને આ પ્લાન્ટ દેશની વેલ્યુ ચેઈનનો અત્યંત મહત્વપૂર્ણ હિસ્સો બનશે તેમ જણાવ્યું હતું.




વર્તમાન પરિસ્થિતિ પર ગંભીરતાથી નજર નાખીએ તો, આ વ્યાપક પ્રોજેક્ટ હેઠળ પંદર અબજ ડોલરના જંગી ખર્ચે અત્યાધુનિક સ્ટીલ પ્લાન્ટનું નિર્માણ કરવામાં આવશે તેમજ અન્ય ત્રણ અબજ ડોલરના ખર્ચે લોહખનીજ અને પેલિટાઈઝિંગ ફેસિલિટી સબંધી વિશેષ સુવિધાઓ વિકસાવવામાં આવશે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, આ મહત્ત્વાકાંક્ષી પ્લાન્ટની વાર્ષિક ઉત્પાદન ક્ષમતા આશરે એક કરોડ ટન સ્ટીલની રહેશે, જે વૈશ્વિક સ્તરે ઉદ્યોગ જગતમાં મોટો બદલાવ લાવશે. આ પ્લાન્ટના બાંધકામની પ્રક્રિયા દરમિયાન આશરે આઠ હજાર જેટલી નવી કન્સ્ટ્રક્શન જોબ્સનું સર્જન થશે અને એકવાર તે સંપૂર્ણ રીતે ધમધમતો થઈ જશે ત્યારબાદ બે હજાર જેટલા કુશળ લોકોને સીધી કાયમી રોજગારી પ્રાપ્ત થશે, જેનાથી સ્થાનિક સ્તરે આર્થિક ગતિવિધિઓને અદ્ભુત વેગ મળશે.

આ ભવ્ય પ્રોજેક્ટના ભાગરૂપે કંપની મેસાબી આયર્ન રેન્જમાં નેશવોક ખાતે નવી મિનેસોટા માઈનનો પણ ભવ્ય વિકાસ કરશે, જે છેલ્લા પંચાસ વર્ષના લાંબા સમયગાળામાં અમેરિકાની ધરતી પર ખૂલનારી સર્વપ્રથમ લોહખનીજની ખાણ સાબિત થશે. આ ખાણમાંથી વર્ષે સાડા સાત લાખ ટન લોહખનીજનું ઉત્પાદન કરવામાં આવશે અને તે કાર્યાન્વિત થયા બાદ અંદાજે સાડા ત્રણસો જેટલા સ્થાનિક કામદારોને રોજગાર પૂરો પાડશે. એસ્સાર ગ્રુપે વર્ષ બે હજાર સાતમાં મિનેસોટા સ્ટીલને હસ્તગત કરી હતી.

# અમેરિકાએ ઈરાકમાંથી સૈન્ય પરત ખેંચી લીધું છે

(એજન્સી) બગદાદ । તા. 30

મધ્ય-પૂર્વના અત્યંત સંવેદનશીલ ક્ષેત્ર ગણાતા ઈરાકમાંથી છેલ્લા બે દાયકાથી અવિરતપણે ચાલી રહેલી અમેરિકન સૈન્યની ઉપસ્થિતિ હવે સત્તાવાર રીતે સંપૂર્ણપણે સમાપ્ત થઈ ગઈ છે, જેના કારણે આંતરરાષ્ટ્રીય રાજકારણમાં એક યુગનો અંત આવ્યો છે. વર્ષ બે હજાર ત્રણમાં સદ્દામ હુસૈનને સત્તા પરથી હટાવવા માટે શરૂ થયેલો આ લાંબો અને લોહિયાળ સૈન્ય સંઘર્ષ હવે પૂર્ણ થયો છે, જેનો આખરી નિર્ણય અગાઉ બે હજાર ચોવીસમાં તત્કાલીન બાઈડન પ્રશાસન દ્વારા લેવામાં આવ્યો હતો અને હાલમાં તેનો અમલ ટ્રમ્પ પ્રશાસન દ્વારા સખત રીતે કરવામાં આવી રહ્યો છે. મીડિયા અહેવાલ મુજબ, આ ઐતિહાસિક પગલાથી ઈરાક અને તેના પ્રાદેશિક સમર્થકોમાં ભારે ખુશી અને ઉત્સાહ જોવા મળી રહ્યો છે, જ્યારે બીજી તરફ વૈશ્વિક સુરક્ષા નિષ્ણાતોમાં અનેક પ્રકારની ગંભીર ચિંતાઓ પણ ઊભી થઈ છે.

વર્તમાન પરિસ્થિતિ પર ગંભીરતાથી નજર નાખીએ તો, અમેરિકન સેનાએ ઈરાકની અંદર પોતાના તમામ આખરી બચેલા સૈન્ય મથકોને પણ સંપૂર્ણપણે ખાલી કરી દીધા છે અને પોતાના તમામ સૈનિકોને સુરક્ષિત રીતે પરત બોલાવી લીધા છે. આ સાથે જ બે દાયકા અગાઉ થયેલા અમેરિકન આક્રમણથી શરૂ થયેલો આ લાંબો લશ્કરી અધ્યાય હંમેશા માટે બંધ થઈ ગયો છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, આ ભીષણ સંઘર્ષના લાંબા ઈતિહાસમાં અંદાજે સાડા ચાર હજાર જેટલા બહાદુર અમેરિકન સૈનિકોએ પોતાના પ્રાણ ગુમાવ્યા હતા, જે અફઘાનિસ્તાન યુદ્ધની તુલનામાં પણ ઘણું વધારે નુકસાન સાબિત થયું હતું. અમેરિકાએ સદ્દામ હુસેનને સત્તા પરથી સળગાવવા માટે વર્ષ બે હજાર ત્રણમાં ઈરાક પર મોટો હુમલો કર્યો હતો.

# ઉત્તરપૂર્વ રેલ્વેના જનરલ મેનેજર શ્રી ચેતન કુમાર શ્રીવાસ્તવે સાઈરંગ રેલ્વે સ્ટેશનનું નિરીક્ષણ કર્યું

માલીગાંવ | નોર્થઈસ્ટ ફ્રન્ટિયર રેલ્વેના જનરલ મેનેજર શ્રી ચેતન કુમાર શ્રીવાસ્તવે 28 સપ્ટેમ્બર, 2026 ના રોજ સાઈરંગ રેલ્વે સ્ટેશનનું નિરીક્ષણ કર્યું, જેથી પ્રદેશમાં રેલ્વે ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને મુસાફરોની સુવિધાઓની સમીક્ષા કરી શકાય. તેમની સાથે મુખ્યાલય અને લુમડિંગ વિભાગના વરિષ્ઠ અધિકારીઓ પણ હતા.નિરીક્ષણ દરમિયાન, જનરલ મેનેજરે સાઈરંગ રેલ્વે સ્ટેશન પર કામગીરી અને વિકાસની સમીક્ષા કરી, જેમાં મુસાફરોની સુવિધાઓ, કાર્યકારી કાર્યક્ષમતા, સલામતી વ્યવસ્થા અને સ્ટેશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર ખાસ ભાર મૂકવામાં આવ્યો. તેમણે મુસાફરોની સુવિધા અને અવરજવરમાં સરળતા માટે કરવામાં આવી રહેલી વ્યવસ્થાઓની સમીક્ષા કરી. સંબંધિત અધિકારીઓએ સ્ટેશન પર હાલની સુવિધાઓ, કાર્યકારી પાસાઓ અને ચાલુ અને પ્રસ્તાવિત વિકાસ કાર્યો વિશે જનરલ મેનેજરને માહિતી આપી.શ્રી ચેતન કુમાર શ્રીવાસ્તવે સંબંધિત અધિકારીઓને સ્વચ્છતા અને મુસાફરોની સુવિધાના ઉચ્ચ ધોરણો





જાળવવા અને ઉપલબ્ધ સુવિધાઓ યોગ્ય રીતે જાળવવામાં આવે તેની ખાતરી કરવા નિર્દેશ આપ્યો. જનરલ મેનેજરે સ્ટેશનની ઓપરેશનલ તૈયારીઓની સમીક્ષા કરી અને વિશ્વસનીય સેવા અને સારી સેવા ગુણવત્તા જાળવવાના મહત્વ પર ભાર મૂક્યો. નિરીક્ષણ કાર્યક્રમના ભાગ રૂપે, જનરલ મેનેજરે સૈરાંગથી બૈરાબી સુધી 'વિન્ડો-ટ્રેઈલિંગ' નિરીક્ષણ પણ કર્યું. નિરીક્ષણ દરમિયાન, તેમણે આ વિભાગમાં ટ્રેક અને રેલ માળખાની સ્થિતિ, વીજળીકરણ કાર્યની પ્રગતિ, નવી સુવિધાઓ શરૂ કરવામાં આવી છે અને અન્ય ચાલુ વિકાસની સમીક્ષા કરી. મિઝોરમ માટે એક મહત્વપૂર્ણ રેલ્વે સ્ટેશન તરીકે સૈરાંગના વધતા મહત્વને ધ્યાનમાં રાખીને, નિરીક્ષણથી મુસાફરોની સુવિધાઓ અને સ્ટેશન માળખામાં વધુ સુધારાની જરૂરિયાતનું મૂલ્યાંકન કરવાની તક પણ મળી. જનરલ મેનેજરે અધિકારીઓને સલાહ આપી કે તેઓ મુસાફરોને સલામત, કાર્યક્ષમ અને આરામદાયક મુસાફરીનો અનુભવ પૂરો પાડવા પર ધ્યાન કેન્દ્રિત કરે, સાથે સાથે રેલ્વે સંપત્તિનો યોગ્ય ઉપયોગ અને જાળવણી પણ સુનિશ્ચિત કરે. આ નિરીક્ષણ ઉત્તરપૂર્વ સરહદી રેલ્વેના સમગ્ર પ્રદેશમાં રેલ માળખાને મજબૂત બનાવવા, મુસાફરોની સુવિધાઓમાં સુધારો કરવા અને કાર્યકારી કાર્યક્ષમતા વધારવાના ચાલુ પ્રયાસોનો એક ભાગ છે. વરિષ્ઠ રેલ્વે અધિકારીઓ દ્વારા નિયમિત નિરીક્ષણ વિકાસ કાર્યોની પ્રગતિનું નિરીક્ષણ કરવામાં, ધ્યાન આપવાની જરૂર હોય તેવા ક્ષેત્રોને ઓળખવામાં અને રેલ્વે સુવિધાઓ નિર્ધારિત ધોરણો અનુસાર જાળવવામાં આવે છે તેની ખાતરી કરવામાં મદદ કરે છે.

### સ્મગલિંગનું નવું ષડયંત્ર પણ નિષ્ફળ!

નવી દિલ્હી | ગુજરાત ATS અને ભારતીય કોસ્ટગાર્ડના કડક પેટ્રોલિંગના કારણે આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ માફિયાઓએ ભારતમાં માદક પદાર્થો ઘુસાડવા માટે પોતાનો પરંપરાગત દરિયાઈ રૂટ બદલી નાખ્યો છે. અગાઉ પાકિસ્તાનથી સીધા ગુજરાતના દરિયાકાંઠે ઉતારવામાં આવતો જથ્થો પકડાવાની શક્યતા વધી જતાં સિન્ડિકેટે હવે 'ઈરાન-ગ્વાદર-લક્ષદ્વીપ-તમિલનાડુ-પંજાબ'નો નવો કોરિડોર અપનાવ્યો છે. મહત્વનું છે કે ગુજરાત ATS અને ICG એ અરબ સાગરમાં 3000 કરોડના ડ્રગ્સનો સૌથી મોટો જથ્થો ઝડપી પાડ્યો હતો. લક્ષદ્વીપ નજીક ઈરાની બોટમાંથી 526 કિલો હેરોઈન-મેથમફેટામાઈન સાથે 5 પાકિસ્તાનીઓની ધરપકડ કરાઈ. ગુપ્ત બાતમી આધારે 'હોટ પર્સ્યુટ' કરી બોટને આંતરી, ડ્રગ્સ મુંબઈ લવાયું છે.

## મુંબઈના થાણેમાં કાર્યાલયની સામે જ શિવસેના ઉદ્ધવ જૂથના નેતાને ગોળીઓથી વીંધી નાખ્યા

(એજન્સી) નવી દિલ્હી | તા.30

થાણેમાં શિવસેના (UBT)ના નેતા પ્રદીપ પુર્ણેકરની ગોળી મારીને હત્યા કરાતાં સનસનાટી વ્યાપી છે. મનોરમાનગર વિસ્તારમાં કાર્યાલય પાસે હેલ્મેટ-માસ્ક પહેરી બાઈક પર આવેલા અજાણ્યા હુમલાખોરોએ અંધાધૂંધ ફાયરિંગ કર્યું હતું. 2 ગોળી વાગતાં ગંભીર રીતે ઘવાયેલા પુર્ણેકરનું હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થયું. પોલીસે CCTV ફૂટેજ તપાસી આરોપીઓને પકડવા નાકાબંધી કરી છે. હત્યાનું કારણ અકબંધ છે. મહારાષ્ટ્રના થાણેમાં સરેઆમ શિવસેના (ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરે) ના અગ્રણી નેતાની ગોળી મારીને કરપીણ હત્યા કરવામાં આવતાં સમગ્ર વિસ્તારમાં ભારે ભય અને સનસનાટી વ્યાપી ગઈ છે. શિવસેના (UBT) ના માનપાડા વિભાગ પ્રમુખ પ્રદીપ પુર્ણેકર જ્યારે પોતાના કાર્યાલય પાસે હતા, ત્યારે હેલ્મેટ અને માસ્ક પહેરીને આવેલા અજ્ઞાત હુમલાખોરોએ તેમના પર તાબડતોબ ફાઈરિંગ કર્યું હતું. આ લોહીયાળ હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા નેતાનું હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.મળતી પ્રાથમિક વિગતો અનુસાર, આ ભયાનક ઘટના ઠાણેના મનોરમાનગર વિસ્તારમાં બની હતી. પ્રદીપ પુર્ણેકર પોતાના કાર્યાલય નજીક ઊભા હતા ત્યારે બાઈક પર આવેલા શૂટર્સે તેમને નિશાન બનાવીને બેફામ ગોળીબાર શરૂ કરી દીધો હતો. હુમલાખોરોએ અનેક રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું, જેમાં બે ગોળીઓ પુર્ણેકરને વાગતાં તેઓ લોહીલુહાણ હાલતમાં જમીન પર ઢળી પડ્યા હતા.ઘટનાને પગલે આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા અને તેમને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, પરંતુ ટૂંકી સારવાર બાદ તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા.ઘટનાની જાણ થતાં જ ઠાણે પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. હેલ્મેટ અને માસ્ક પહેરેલા હુમલાખોરો કોણ હતા, કેટલા હતા અને કયા પ્રકારના હથિયારોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો તે અંગે પોલીસે વિવિધ દિશામાં તપાસ તેજ કરી છે. રાજકીય વૈમનસ્ય કે અંગત અદાવત કયા કારણોસર આ નૃશંસ હત્યા કરવામાં આવી તે અંગે પોલીસ સીસીટીવી કેમેરાના ફૂટેજ ચકાસી રહી છે અને આરોપીઓને ઝડપી પાડવા ચારેકોર નાકાબંધી હાથ ધરી છે.

## News Brief

### સ્પામ કોલમાં ગ્રાહકની ફરિયાદ વિના જ પગલાં : એક વર્ષ સુધી નંબર બંધ થશે

નવી દિલ્હી : અનિચ્છિત સ્પામ કોલથી પરેશાન મોબાઈલ ગ્રાહકોની તરફેણમાં ટ્રાઈએ તેના નિયમોમાં વધુ એક મોટો ફેરફાર કર્યો છે. યુઝર્સને ૩૦ દિવસનો પ્રી-પેઈડ પ્લાન આપવા ટેલિકોમ કંપનીઓને ફરજ પાડ્યા પછી હવે ટ્રાઈએ સ્પામ કોલ સામે લાલ આંખ કરી છે. ટ્રાઈના નવા નિયમો મુજબ ટેલિકોમ કંપનીઓની એઆઈ આધારિત સિસ્ટમ કોઈ કોલરને શંકાસ્પદ સ્પામર તરીકે ઓળખી કાઢે તો ગ્રાહકની ફરિયાદ વિના જ તેની સામે કાર્યવાહી કરી શકશે. સ્પામ કોલ મુદ્દે બે વખત નિયમોનો ભંગ થશે તો એક વર્ષ સુધી ટેલિકોમ રિસોર્સ ડિસકનેક્ટ કરાશે.ગ્રાહકોની સુરક્ષા વધારવા પર વિશેષ ધ્યાન આપતા ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ટ્રાઈએ છેલ્લા કેટલાક દિવસોમાં મહત્વપૂર્ણ નિર્ણયો લીધા છે. ટેલિકોમ કંપનીઓને સામાન્ય યુઝર્સ માટે ૩૦ દિવસ માટેનો એક પ્લાન રજૂ કરવાની ફરજ પાડ્યા પછી હવે ટ્રાઈએ ટેલિકોમ કોમર્શિયલ કોમ્યુનિકેશન્સ કસ્ટમર પ્રેફરન્સ (ત્રીજો સુધરો) રેગ્યુલેશન્સ, ૨૦૨૬ જાહેર કર્યા છે, જેમાં એઆઈ-એમએલથી શંકાસ્પદ સ્પામ કોલની ઓળખ કર્યા બાદ કાર્યવાહીની નવી સિસ્ટમ બનાવી છે.હવે ટેલિકોમ કંપનીઓએ તેમની એઆઈ આધારિત મશીન લર્નિંગ બેઝ્ડ સિસ્ટમ કોઈ નંબરથી આવતા કોલને શંકાસ્પદ સ્પામ તરીકે ફ્લેગ કરે તો તુરંત કાર્યવાહી કરવાની રહેશે. કોઈ શંકાસ્પદ કોલ સામે ગ્રાહકોની ફરિયાદની રાહ જોયા વિના જ કાર્યવાહી કરવી પડશે. સ્પામ કોલ અંગે પહેલી ભૂલ પર ૧૫ દિવસ સુધી આઉટગોઈંગ બંધ રહેશે.

### ગામમાં રોફ જમાવવા માટે સાડીઓ વહેંચી હતી

# રામ મંદિરમાંથી અનુકલ્પ મિશ્રાએ એકલા હાથે એક કરોડની દાન ચોરી કરી, ચાર્જશીટમાં ખુલાસો

(એજન્સી) અયોધ્યા | તા.30

અયોધ્યાના રામ મંદિરમાં દાન ચોરી મામલે મોટો ખુલાસો થયો છે. આરોપી અનુકલ્પ મિશ્રાએ એકલા હાથે 1 કરોડથી વધુની ચોરી કરી હોવાનું પોલીસ ચાર્જશીટમાં નોંધાયું છે. તે 2024માં ટ્રસ્ટના કાર્યકર અને પછી SBIની એજન્સીના એજન્ટ તરીકે કાર્યરત હતો. તેણે 55 લાખનું મકાન ખરીદ્યું અને ગામમાં સાડીઓ વહેંચીને રોફ જમાવ્યો હતો. જોકે, કુલ ચોરીનો હિસાબ નથી.

અયોધ્યા રામ મંદિરમાં દાન ચોરી મામલે મોટો ખુલાસો થયો છે. આરોપી અનુકલ્પ મિશ્રાએ એકલા હાથે જ એક કરોડ રૂપિયાથી વધુની દાન ચોરી કરી હોવાનો ખુલાસો થયો છે. પોલીસની ચાર્જશીટમાં આ વિગતો નોંધવામાં આવી છે. તે અગાઉ 2024માં રામ મંદિર ટ્રસ્ટના કાર્યકર્તા તરીકે ગણતરીના કામમાં જોડાયેલો હતો. પછી 2025માં રામ મંદિર ટ્રસ્ટ અને SBI વચ્ચે ગણતરી ખંડની વ્યવસ્થા સાથે ગણતરીની રકમને બેન્કમાં જમા કરાવવા માટે થયેલા કરાર બાદ, બેન્ક દ્વારા નિમાયેલી એજન્સી સેનિક સિક્યોરિટી સર્વિસના એજન્ટ તરીકે પણ કાર્યરત રહ્યો હતો. આ તકે તેણે કુલ કેટલી રકમ પર હાથ



સાફ કર્યો હશે, તેનો માત્ર અંદાજ જ લગાવી શકાય છે, કારણ કે રામ મંદિરમાં કુલ કેટલા કરોડની ચોરી થઈ છે, તેનો હિસાબ-કિતાબ ન તો પોલીસ પાસે છે કે ન તો ટ્રસ્ટ પાસે. રાજ્ય સરકાર દ્વારા રચવામાં આવેલી SIT પણ તેની વિગતો એકઠી નથી કરી શકી. SIT એ પણ સુનિશ્ચિત નથી કરી શકી કે રામ મંદિરમાં ચોરીનો આ સિલસિલો ક્યારથી ચાલી રહ્યો હતો.પોલીસની ચાર્જશીટને ટાંકીને અનુકલ્પ મિશ્રા પાસેથી પ્રાપ્ત થયેલી ચલ-અચલ સંપત્તિની વિગતો એક કરોડથી થોડી ઓછી છે, પરંતુ તેણે છેલ્લા બે વર્ષમાં કેટલી રકમ પોતાના હાથે ખર્ચી નાખી, તે સ્પષ્ટ નથી. અનુમાન છે કે તેણે એક કરોડ રૂપિયાથી વધુની ચોરી કરી છે. પોલીસે એકઠા કરેલા પુરાવા પ્રમાણે તેણે કૌશલપુરી કોલોનીમાં પોતાના પિતા રવીન્દ્ર મિશ્રાના નામે એક મકાન ખરીદ્યું હતું.આ મકાનની રજિસ્ટ્રી તેણે વંદના દ્વિવેદી પાસેથી કરાવી હતી, જેની કિંમત લગભગ 55 લાખ રૂપિયા હતી. આરોપી અનુકલ્પે આ રકમ બે વારમાં ચૂકવી હતી. પહેલાં તેણે 29.5 લાખ રૂપિયાની રકમ બેન્ક મારફતે શ્રીમતી દ્વિવેદીને ટ્રાન્સફર કરી હતી. ત્યારબાદ 25 લાખ રૂપિયાની ચૂકવણી રોકડમાં કરી હતી. વંદના દ્વિવેદીએ સોગંદનામા મારફતે પોતાનું નિવેદન નોંધાવ્યું છે, જે મુજબ 50 હજાર રૂપિયાની રકમ હજુ બાકી છે. રામ મંદિરમાં દાન ચોરીના આરોપી અનુકલ્પ મિશ્રાની રહેણીકહેણીમાં અચાનક બદલાવ આવ્યો હતો. ગામમાં આ અંગે ચર્ચા હતી પરંતુ કોઈને આનો અંદાજ નહોતો. કહેવાય છે કે અનુકલ્પ રામ મંદિર સાથે જોડાયા પછી ગામમાં પોતાનો રોફ જમાવવા માટે પુષ્કળ પૈસા ઉડાવતો હતો અને ગામના યુવાનોને પ્રભાવિત કરવાનો પ્રયાસ કરતો હતો. પ્રાપ્ત માહિતી પ્રમાણે તેણે રામકથાનું ભવ્ય આયોજન ગામમાં કર્યું હતું અને રામ મંદિર ટ્રસ્ટના હોદ્દેદારો ઉપરાંત સંતો તેમજ જનપ્રતિનિધિઓને પણ પોતાના ઘરે આમંત્રિત કર્યા હતા. એટલું જ નહીં તેણે ગામની મહિલાઓને સાડીઓ પણ વહેંચી હતી.

## સગીરો સોશિયલ મીડિયાનો ઉપયોગ નહીં કરી શકે : કેન્દ્ર નિયમો ઘડશે



નવી દિલ્હી : ૧૮ વર્ષથી ઓછી વયના સગીરો માટે સોશિયલ મીડિયાના ઉપયોગ પર પ્રતિબંધ મુકવામાં આવી શકે છે. સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને આ પ્રતિબંધોની શક્યતાઓ અંગે વિચારણા કરવા કહ્યું છે. સુપ્રીમે કહ્યું છે કે સગીરો સોશિયલ મીડિયાનો ઉપયોગ ના કરી શકે તે માટે કાયદાકીય માળખુ બનાવવામાં આવે. કેન્દ્ર સરકારે પણ સુપ્રીમની આ ભલામણનું સમર્થન કર્યું છે.

સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત, જોયમાલ્યા બાગચી, વી મોહનાની બેંચે કેન્દ્ર સરકારને કહ્યું છે કે તે ૧૮ વર્ષથી ઓછી વયનાના સોશિયલ મીડિયા ઉપયોગ પર પ્રતિબંધ અંગે વિચારે, શક્ય હોય તો આ દિશામાં નિયમો પણ ઘડવામાં આવે.

કેન્દ્ર સરકાર તરફથી હાજર સોલિસિટર જનરલ તુષાર મહેતાએ સુપ્રીમની આ ભલામણ સાથે સહમતિ વ્યક્ત કરી છે. બાળકો પર કામ કરતી એક સંસ્થા દ્વારા સુપ્રીમ કોર્ટમાં અરજી કરાઈ હતી. અરજીમાં માગ કરાઈ હતી કે સોશિયલ મીડિયા એકાઉન્ટ બનાવવા માટે માતા પિતાની સહમતિ ફરજિયાત કરવામાં આવે. એકાઉન્ટ બનાવનારાની ઓળખ માટે કેવાઈસી ફરજિયાત કરવામાં આવે. બાદમાં સુપ્રીમની બેંચે કેન્દ્ર સરકારને કહ્યું હતું કે શું સોશિયલ મીડિયા સોફ્ટવેર ભારતીય કાયદાઓનું પાલન કરે તે નિયમો ઘડી શકાય? જવાબમાં સોલિસિટર જનરલે કહ્યું હતું કે આ દિશામાં પગલા ભરી શકાય, સોશિયલ મીડિયા કંપનીઓએ ભારતીય કાયદાઓનું પાલન કરવું જ પડશે. અરજીમાં દાવો કરાયો છે કે કેટલાક સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ૧૩ વર્ષ કે તેથી વધુ વયનાને એકાઉન્ટ બનાવવાની છૂટ આપે છે. જ્યારે ભારતીય કાયદા મુજબ ૧૮ વર્ષથી ઓછી વયના સગીર માનવામાં આવે છે.

## ઈરાની દૂતાવાસે શોલે ફિલ્મના ઠાકુરનો ઉલ્લેખ કરી સંયુક્ત રાષ્ટ્રની ઠેકડી ઉડાડી




(એજન્સી) નવી દિલ્હી | તા.30

ભારત સ્થિત ઈરાની દૂતાવાસે સંયુક્ત રાષ્ટ્ર (UN)ની લાચારી અને નિષ્ફળતા પર કટાક્ષ કરવા માટે બોલિવૂડ અને હોલિવૂડના જાણીતા પાત્રોનો સહારો લઈ એક રસપ્રદ મીમ શેર કર્યું છે. સોશિયલ મીડિયા પર શેર કરાયેલા આ મીમમાં યુએનની અસલી સ્થિતિ અને તેની સીમાઓ દર્શાવવામાં આવી છે.એક તરફ 'ડૉક્ટર સ્ટ્રેન્જ': માર્વેલના કાલ્પનિક સુપરહીરો 'ડૉક્ટર સ્ટ્રેન્જ'ના અનેક હાથો વાળા રૂપને દર્શાવીને કેપ્શન લખવામાં આવ્યું– 'સ્કૂલની કિતાબો અનુસાર યુએન'. આ ઈમેજ એવો સંદેશ આપે છે કે પુસ્તકોમાં યુએનને તમામ મોરચે કામ કરવાની તાકાત ધરાવતી અતિ-શક્તિશાળી સંસ્થા તરીકે રજૂ કરવામાં આવે છે.બીજી તરફ શોલેનો 'ઠાકુર': વર્ષ 1975ની ક્લાસિક ફિલ્મ 'શોલે'માં સંજીવ કુમાર દ્વારા ભજવાયેલા બંને હાથ કપાયેલા 'ઠાકુર બલદેવ સિંહ'ની લાચાર તસવીર મૂકીને કેપ્શન આપવામાં આવ્યું– 'વાસ્તવિકતામાં યુએન'. એટલે કે, હકીકતમાં યુએન કામ કરવાની પોતાની તમામ ક્ષમતા ગુમાવી ચૂકેલી એક લાચાર સંસ્થા બનીને રહી ગઈ છે.જોકે આ પોસ્ટમાં ઈરાની દૂતાવાસે કોઈ ચોક્કસ પ્રસ્તાવ કે સ્થિતિનો સીધો ઉલ્લેખ નથી કર્યો, પરંતુ તેનો ઈશારો સ્પષ્ટપણે યુએનની ઘટતી જતી વિશ્વસનીયતા તરફ છે.આ મીમ એવા સમયે સામે આવ્યું છે જ્યારે ન્યૂયોર્કમાં 81મી સંયુક્ત રાષ્ટ્ર મહાસભા (UNGA)ની બેઠક ચાલી રહી છે, જ્યાં વિશ્વભરના નેતાઓ એકઠા થયા હોવા છતાં વૈશ્વિક સંઘર્ષો પર કોઈ નિર્ણાયક પરિણામ આવ્યું નથી.ખાસ કરીને જ્યારે શક્તિશાળી દેશો સીધા સંઘર્ષમાં સામેલ હોય, ત્યારે યુએન મોટા વિવાદો ઉકેલવામાં નિષ્ફળ રહ્યું છે. અમેરિકા અને ઈરાન વચ્ચેના તણાવ દરમિયાન પણ યુએન માત્ર સંયમ અને વાતચીતની અપીલો કરતું રહ્યું, પરંતુ કોઈ નક્કર કાર્યવાહી કરી શક્યું નહીં.અમેરિકા-ઈરાન વચ્ચેના સંઘર્ષ દરમિયાન વિશ્વભરમાં આવેલા ઈરાની દૂતાવાસો પોતાના રાજકીય અને કૂટનીતિક સંદેશા પહોંચાડવા માટે મીમ્સ, વ્યંગ્ય, પોપ-કલ્ચર અને AI જનરેટેડ વીડિયોનો આક્રમક રીતે ઉપયોગ કરી રહ્યા છે.

## સપાનો મોટો દાવ, પરિમલ નથવાણીના પુત્ર ધનરાજ નથવાણીને ઉત્તર પ્રદેશથી રાજ્યસભા ચૂંટણીના મેદાને ઉતારશે

(એજન્સી) નવી દિલ્હી | તા.30

રાજ્યસભા ચૂંટણીમાં મોટો વળાંક આવ્યો છે. રિલાયન્સના ધનરાજ નથવાણી ઉત્તર પ્રદેશથી સમાજવાદી પાર્ટીના મેન્ડેટ પર ઉમેદવારી નોંધાવશે. જાણીતા ઉદ્યોગપતિ પરિમલ નથવાણીના પુત્ર ધનરાજ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝમાં ગ્રુપ પ્રેસિડેન્ટ છે. 16 ઓક્ટોબરે 10 બેઠકો માટે મતદાન થશે. સપાના આ દાવથી ચૂંટણી રોમાંચક બની છે. સંસદના ઉપલા ગૃહ (રાજ્યસભા) ની આગામી ચૂંટણીઓ પૂર્વે દેશના રાજકારણમાં એક અત્યંત ચોંકાવનારો મોટો વળાંક આવ્યો છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ટોચના એક્ઝિક્યુટિવ અને કોર્પોરેટ લીડર



ધનરાજ નથવાણી ઉત્તર પ્રદેશથી સમાજવાદી પાર્ટી (SP) ના મેન્ડેટ પર રાજ્યસભા માટે ઉમેદવારી નોંધાવશે, તેવા અહેવાલોથી રાજકીય ગરમાવો આવી ગયો છે.ચૂંટણી પંચ દ્વારા જાહેર કરાયેલા કાર્યક્રમ મુજબ દેશના 3 રાજ્યોની કુલ 12 રાજ્યસભા બેઠકો માટે આંકડાકીય જંગ ખેલાવાનો છે, જેમાં સૌથી વધુ હાઈપ્રોફાઈલ ઉત્તર પ્રદેશની 10 બેઠકોનો સમાવેશ થાય છે. આ બેઠકો માટે આગામી 16 ઓક્ટોબરે મતદાન યોજાશે.ધનરાજ નથવાણી એ દેશના જાણીતા ઉદ્યોગપતિ અને રાજ્યસભામાં સતત ચોથી ટર્મ ભોગવી રહેલા સાંસદ પરિમલ નથવાણીના પુત્ર છે. વ્યવસાયિક રીતે ધનરાજ નથવાણી રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝમાં ગ્રુપ પ્રેસિડેન્ટ તેમજ 'રિલાયન્સ ન્યૂ એનર્જી લિમિટેડ'માં ડિરેક્ટર તરીકે મહત્ત્વની જવાબદારી સંભાળી રહ્યા છે. ઉત્તર પ્રદેશથી ખાલી પડી રહેલી 10 બેઠકોમાંથી વર્તમાન સ્થિતિએ ભારતીય જનતા પાર્ટી (BJP) પાસે 8 અને સમાજવાદી પાર્ટી પાસે 2 બેઠકો છે.

## CIFS જવાનનો સાથીઓ પર ગોળીબાર : ચારનાં મોત

કઠુઆ : જમ્મુ-કાશ્મીરનાં કઠુઆ જિલ્લાનાં બસોલી ક્ષેત્રનાં સીઆઈએસએફ કેમ્પમાં ફાયરિંગની ઘટના સામે આવી છે. મશકાનાં સેવા પ્રોજેક્ટમાં તૈનાત સીઆઈએસએફ કર્મચારીઓની વચ્ચે થયેલ ઉગ્ર ચર્ચા પછી ગોળીબાર કરવામાં આવ્યો હતો.આ ઘટનામાં સીઆઈએસએફનાં ચાર જવાનોનાં મોત થયા છે. આસિસ્ટન્ટ કમાંડેટ અંકિતકુમાર પાંડે, એસઆઈ લક્ષ્મણ સિંહ, કોન્સ્ટેબલ રફીક એહમદ અને કોન્સ્ટેબલ સંદીપ કુમારનું મોત થયું છે. સીઆઈએસએફ કર્મચારીઓ પર ગોળી ચલાવનાર આરોપીની ઓળખ સીઆઈએસએફ કર્મચારી અભિદેશ સિંહ તરીકે કરવામાં આવી છે. ગોળીબારની જાણ થતાં જ પોલીસ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી.આ જવાન હિમાચલ પ્રદેશની સરહદે આવેલા બસોલીનાં મશકા ગામમાં સેવા-૩ પાવર પ્રોજેક્ટની સુરક્ષા કરી રહ્યાં હતાં.



અધિકારીઓનાં જણાવ્યા અનુસાર બે જવાનોની વચ્ચે કોઇ વાત અંગે ચર્ચા થઇ હતી અને ત્યારબાદ તેમાંથી એકએ અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો. જેના કારણે ચાર જવાનોનાં મોત થયા હતાં.ગોળીબારની જાણ થતાં જ વરિષ્ઠ અધિકારીઓ ઘટના સ્થળે પહોંચી ગયા હતાં અને ઘટનાની તપાસ શરૂ કરી દીધી હતી.

## 'જ્ઞાનેશ કુમારને હટાવો' સુપ્રીમમાં અર્જન્ટ સુનાવણી થશે

નવી દિલ્હી : મતદારોના વેરિફિકેશનમાં મનમાની, વોટ ચોરી સહિતના આરોપોથી ઘેરાયેલા મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને સસ્પેન્ડ કરવાની માગ સાથે સુપ્રીમ કોર્ટમાં પીઆઈએલ થઈ છે. સુપ્રીમ આગામી સપ્તાહે તેની સુનાવણી કરવા માટે તૈયાર થઈ ગઈ છે. અરજીમાં માગ કરાઈ છે કે જ્ઞાનેશ કુમારના તમામ ગેરકાયદે નિર્ણયો રદ કરવામાં આવે અને સમગ્ર મામલાની તપાસ એસઆઈટીને સોંપવામાં આવે. જ્યારે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ જ્ઞાનેશ કુમારની સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના રાજીનામાની પણ માગણી કરી છે.સુપ્રીમ કોર્ટમાં જે જાહેર હિતની અરજી થઈ છે તેમાં અરજદારના વકીલે એવી દલીલ કરી છે કે નિયમો મુજબ ચૂંટણી પંચના તમામ સભ્યો સહમત હોવા જોઈએ અથવા તો બહુમત દ્વારા જ કોઈ નિર્ણય લઈ શકાય, જ્યારે એસઆઈઆરના મામલામાં માત્ર જ્ઞાનેશ કુમાર દ્વારા જ બધા નિર્ણયો લેવામાં આવ્યા. મીડિયા રિપોર્ટ મુજબ ચૂંટણી પંચમાં સામેલ અન્ય બે ચૂંટણી કમિશનરોની ભલામણો, ફરિયાદો પર ધ્યાન ન અપાયું અને જ્ઞાનેશ કુમાર દ્વારા એસઆઈઆર સહિતના મુદ્દે મનમાનીથી નિર્ણયો લેવાયા. આ રિપોર્ટના આધારે બાદમાં સુપ્રીમ કોર્ટમાં આ પીઆઈએલ કરવામાં આવી છે. સુનાવણીની રજુઆત બાદ મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતે કહ્યું હતું કે આગામી સપ્તાહે આ મામલાની સુનાવણી કરીશું.અરજીમાં વધુમાં દાવો કરાયો છે કે બંધારણના આર્ટિકલ ૩૨૪ અને ૨૦૨૩ના કાયદાની કલમ ૧૮નું પાલન કર્યા વગર જ બધા નિર્ણયો લેવામાં આવ્યા છે. આ સાથે જ ચૂંટણી પંચ દ્વારા જે પણ નિર્ણયો લેવામાં આવ્યા તેના ઓરિજિનલ દસ્તાવેજો સુપ્રીમ કોર્ટમાં રજુ કરવામાં આવે તેવી પણ માગણી કરાઈ છે.

## પ્રેમાનંદ મહારાજના આશ્રમમાં સાધુના રહસ્યમય મોત બાદ મોટો નિર્ણય

નવી દિલ્હી : વૃંદાવનમાં પ્રેમાનંદ મહારાજના શ્રી હિત રાધા કેલી કુંજ આશ્રમમાં શિષ્ય દીપક લોધીના રહસ્યમય મોત બાદ વિવાદ વકર્યો છે. 25 સપ્ટેમ્બરે ચોથા માળેથી કૂદીને આત્મહત્યા કર્યા બાદ, આશ્રમ પ્રશાસને નિયમોમાં ફેરફાર કર્યા છે. વેપાર કરતાં શિષ્યો માટે કુર્તા-પાયજામા ફરજિયાત બનાવાયા છે અને સફેદ વસ્ત્રો ફક્ત મુખ્ય સેવકો જ પહેરી શકશે. પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં ઈજાના નિશાન મળતાં સંત સમાજમાં રોષ છે અને ઉચ્ચ સ્તરીય તપાસની માંગ કરાઈ છે. વૃંદાવનમાં પૂજ્ય પ્રેમાનંદ મહારાજના શ્રી હિત રાધા કેલી કુંજ આશ્રમ સાથે જોડાયેલા શિષ્ય દીપક લોધીના રહસ્યમય મોતના મામલે વિવાદ સતત વધી રહ્યો છે. આ ગંભીર ઘટના બાદ આશ્રમ વહીવટીતંત્રે સોશિયલ મીડિયા એકાઉન્ટ પર એક સત્તાવાર સૂચના જાહેર કરીને શિષ્યો માટેના નિયમોમાં તાત્કાલિક અસરથી કેટલાક મહત્ત્વપૂર્ણ ફેરફારો કર્યા છે. આ સાથે શિષ્યોના પહેરવેશ માટે પણ ખૂબ જ કડક નિયમો લાગુ કરવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે, પ્રેમાનંદ મહારાજના શિષ્ય દીપક લોધી ઉર્ફે રસિક શરણ દુલારીએ 25 સપ્ટેમ્બરના રોજ ગુરુ કૃપા કુંજ આશ્રમના ચોથા માળેથી કૂદીને આત્મહત્યા કરી લીધી હતી. આશ્રમ મેનેજમેન્ટ દ્વારા બહાર પાડવામાં આવેલી સૂચના મુજબ, જે શિષ્યો વિરક્ત છે અથવા ગૃહસ્થ જીવન જીવે છે અને લારી કે દુકાન ચલાવવા જેવા કોઈપણ વેપાર કે વ્યવસાય સાથે સંકળાયેલા છે, તેમણે હવે સામાન્ય કપડાં અથવા કુર્તા-પાયજામા જ પહેરવાના રહેશે. આવા તમામ શિષ્યોને આશ્રમના ઓળખ સમાન સફેદ વસ્ત્રો ન પહેરવાની કડક સૂચના આપવામાં આવી છે. આ ઉપરાંત જે શિષ્યો ગૃહસ્થ છે અને પૂજ્ય મહારાજજીના કેલી કુંજની સેવામાં જોડાયેલા છે, તેમના માટે પણ સામાન્ય કુર્તા-પાયજામા પહેરવાનું ફરજિયાત બનાવવામાં આવ્યું છે.

### નિર્ણય પાછળનું કારણ અને વિવાદ

### ફોર્મ 6માંથી વધારાનું એસઆર ઘોષણા પત્ર હટાવ્યું

# ચૂંટણી પંચે અડધી રાતે કર્યો મોટો ફેરફાર, ફોર્મ-6 માં SIR ની જોગવાઈ હટાવી, તેનો શું અર્થ

(એજન્સી) નવી દિલ્હી | તા.30

ચૂંટણી પંચે ECINET પૉર્ટલ પરથી ફોર્મ 6માંથી વધારાનું SIR ઘોષણા પત્ર હટાવ્યું છે. જે રાજ્યોમાં SIR પ્રક્રિયા પૂર્ણ થઈ છે, ત્યાં આ નિર્ણય લાગુ પડશે. આ પગલાથી નાગરિકો માટે નવી વોટર આઈડી બનાવવા કે વોટર લિસ્ટમાં નામ જોડવાની અરજી પ્રક્રિયા સરળ બનશે. 26 સપ્ટેમ્બરની જાહેરાત બાદ થયેલા વિવાદને ધ્યાને લઈ પંચે આ નિર્ણય લીધો છે.

ચૂંટણી પંચ દ્વારા જે રાજ્યોમાં SIR પ્રક્રિયા પૂર્ણ થઈ ચૂકી છે, ત્યાં ECINET પૉર્ટલ પર ફોર્મ 6માંથી વધારાનું SIR ઘોષણા પત્ર હટાવી લેવામાં આવ્યું છે. આ પગલાથી નાગરિકો માટે અરજી પ્રક્રિયા સરળ બનશે.નવી વૉટર આઈડી બનાવવા કે વૉટર લિસ્ટમાં નામ જોડવા માટે ફોર્મ 6 ભરવામાં આવે છે. તાજેતરમાં ECINET પૉર્ટલ પર આ ફોર્મ સાથે SIRથી જોડાયેલું



એક વધારાનું ઘોષણા પત્ર દેખાવા લાગ્યું હતું, જેને લઈને વિવાદ થયો હતો. આ બાબતને ધ્યાનમાં રાખીને ચૂંટણી પંચે 26 સપ્ટેમ્બરના રોજ કરવામાં આવેલી જાહેરાતના ચાર દિવસ બાદ, જે રાજ્યોમાં SIR પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે ત્યાં ECINET પૉર્ટલ પરથી આ વધારાનું ઘોષણા પત્ર હટાવી દીધું છે.

જ્યારે કોઈ વ્યક્તિ પહેલી વાર મતદાતા બને છે ત્યારે તેનું નામ વૉટર લિસ્ટમાં જોડવા માટે ફોર્મ 6 ભરવું પડે છે, જે એક નિર્ધારિત કાનૂની ફોર્મ છે. બીજી બાજુ, SIR દરમિયાન વૉટર લિસ્ટની ચકાસણી માટે ફોર્મ 6 સાથે વધારાનું ઘોષણા પત્ર જોડવામાં આવ્યું હતું. આ ઘોષણામાં નવા અરજદારે જૂના વૉટર રેકોર્ડ અંગે માહિતી આપવાની રહેતી હતી, જેમ કે પોતાનું કે માતા-પિતા કે દાદા-દાદીનું નામ અગાઉની વૉટર લિસ્ટમાં હતું કે નહીં. હવે એસઆર પ્રક્રિયા પૂર્ણ થયેલા રાજ્યોમાં આ વધારાનું પત્ર હટી ગયું છે અને 'નિર્વાચક રજીસ્ટ્રીકરણ નિયમ, 1960' મુજબના સામાન્ય ફોર્મનો જ ઉપયોગ થશે.

આ વિવાદનું મુખ્ય કારણ એ હતું કે ચૂંટણી પંચના આ પગલા સામે બે ચૂંટણી આયુક્તે વાંધો ઉઠાવ્યો હતો. તેમનું માનવું હતું કે ફોર્મ 6 એક વૈધાનિક ફોર્મ છે અને નિયમોમાં ફેરફાર કર્યા વિના માત્ર પંચના આદેશથી તેમાં આવો બદલાવ ન કરી શકાય. આ ઉપરાંત, ઓનલાઈન પૉર્ટલ પર આ વિકલ્પ 'નૉન-મૅન્ડેટરી' હોવા છતાં અરજદારો તેને ભર્યા વગર ફોર્મ આગળ સબમિટ કરી શકતા ન હતા, જેને કારણે મુશ્કેલી સર્જાઈ હતી.

### ઈ-હરાજી નોટિસ

રસ ધરાવતા ખરીદદારો પાસેથી 'જે છે, જ્યાં છે' ના ધોરણે અને કિલોગ્રામ (KG) ના આધારે, ક્ષતિગ્રસ્ત સેલ્વેજ 'લિક્વિડ પેકેજિંગ માટેના ઈન્યુન્ડેશનથી ક્ષતિગ્રસ્ત પેપર બોર્ડ રોલ્સ - 70 થી 350 જી. એસ.એમ., જેમાં આયાતી અને ભારતીય મૂળની સામગ્રી (LOT) સામેલ છે' ના નિકાલ માટે ઈ-હરાજી ફોર્મ આમંત્રિત કરવામાં આવે છે. સામગ્રી M/s. યુફ્લેક્સ લિમિટેડ, SM-8, 10, સાણંદ-II (BOL), એન્જિનિયરિંગ ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, જી. આઈ.ડી.સી. સાણંદ, રાજપુર કલાણ, અમદાવાદ - 380001 ની છે.
તપાસ અને ઈ.એમ.ડી. (EMD) ડિપોઝિટ કરવાની છેલ્લી તારીખ: 05/10/2026 ઈ-હરાજી યોજાવાની તારીખ: 06/10/2026 ઈ-હરાજી ફોર્મ માટે સંપર્ક કરો:
ઓક્શન એક્સપ્રેસ પ્રાઈવેટ લિમિટેડ (ઓક્શન કરનાર)
ના શ્રી ટીમ ઓક્શન એક્સપ્રેસ, મોબાઈલ નંબર:
+919871810928
વધુ વિગતો માટે: www.auctionexpress.in

## જમીનમાં દાટેલા બેરલમાંથી નીકળી લાશ!

અમદાવાદ | અમદાવાદ પોતાની સાથે ઘરેણાં અને રોકડ લઈને અલગ રહેવા ગયેલી પત્ની અને તેના ભાઈને ફસાવવા માટે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચને ખોટી બાતમી આપનાર પતિ જ ટ્રિપલ મર્ડરનો મુખ્ય સૂત્રધાર નીકળ્યા બાદ પોલીસ તપાસમાં હત્યાના ચોંકાવનારા કારણો સામે આવ્યા છે. પૂછપરછમાં આરોપી દંપતી માધવદાસ ભક્તિરામ સાધુ અને ઉર્મિલા ઉર્ફે જયાએ કબૂલાત કરી છે કે, લકવાગ્રસ્ત માતાની સાર-સંભાળની જવાબદારીમાંથી મુક્તિ મેળવવા તેમજ વૃદ્ધ દાદીના મકાનો પર કબજો જમાવવા અને રોકડ-કિંમતી સામાન પડાવી લેવા માટે વર્ષ 2022માં એક પછી એક ત્રણ મહિલાઓની હત્યા કરી હતી.


# સિટી એક્સપ્રેસ

THURSDAY 01 OCTOBER-2026

AHMEDABAD


## ગરબા ગ્રાઉન્ડ પર AI કેમેરા અને ફેસ રિકોગ્નિશનથી રખાશે નજર

અમદાવાદ | અમદાવાદ શહેરમાં આગામી નવરાત્રિ મહોત્સવ શાંતિપૂર્ણ માહોલમાં ઉજવાય અને ખેલૈયાઓની સુરક્ષા જળવાઈ રહે તે હેતુથી અમદાવાદ શહેર પોલીસ, ગરબા આયોજકો અને ફાયર વિભાગ વચ્ચે એક સંકલન બેઠક યોજાઈ હતી. આ વર્ષે ગરબા સ્થળો પર નાસભાગ અટકાવવા માટે ગ્રાઉન્ડ ક્ષમતા પર આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) આધારિત ટેક્નોલોજીથી નજર રાખવામાં આવશે તેમજ ભૂતકાળમાં નવરાત્રિ દરમિયાન ઉપદ્રવ મચાવનાર તત્ત્વોને ઝડપી પાડવા ફેસ રિકોગ્નિશન કેમેરાનો ઉપયોગ કરાશે.



### 5 પાકિસ્તાની 3,000 કરોડના ડ્રગ્સ સાથે ઝડપાયા:લક્ષદ્વીપથી મુંબઈ જતા ઈરાની જહાજને મધદરિયે ઘેર્યું

# અમદાવાદમાં નાઈઝીરીયનની મિટિંગ

(એજન્સી) અમદાવાદ | તા.30

ગુજરાત ATS અને કોસ્ટ ગાર્ડની ટીમે સંયુક્ત ઓપરેશન હાથ ધરીને 526 કિલોથી વધુ એમડી ડ્રગ્સ અને મેથામ્ફેટામાઈનનો જથ્થો કબજે કર્યો છે. આ ડ્રગ્સ લઈને આવી રહેલા પાંચેય શખસ પેશાવર પાકિસ્તાનના હોવાનું સામે આવ્યું છે. આ ડ્રગ્સનો જથ્થો અરબી સમુદ્રમાં લક્ષદ્વીપથી મુંબઈ લઈ જવાતો હતો તે પહેલાં જ ATSની ટીમે ઝડપી પાડ્યો છે. ATSએ પકડેલા ડ્રગ્સની કિંમત અંદાજિત 3 હજાર કરોડ જેટલી છે.



અમદાવાદમાં નાઈજીરીયન માણસે કોઈ વ્યક્તિની મધ્યસ્થીથી ડ્રગ્સની લેવડદેવડ બાબતે મિટિંગ કરી હતી. જે મિટિંગમાં આઝાદ નામની ઈરાની બોટથી અંદાજિત 500 કિલો મેથામ્ફેટામાઈન તથા હેરોઈનનો જથ્થો મંગાવ્યો છે જેના પૈસા પણ હવાલા મારફતે એડવાન્સમાં મોકલી દીધા હતા. આની ડિલિવરી મુંબઈ-કોચીન-લક્ષદ્વીપ નજીક ભારતીય જળસીમામાં એક તમિલનાડુની બોટમાં કરવાની છે. ડ્રગ્સનો જથ્થો મોટી ક્વોન્ટીટીમાં હોવાથી બોટથી તમિલનાડુના દરિયાકાંઠે ઉતારી તેને અન્ય વાહન મારફતે ટુકડે ટુકડે પંજાબ ખાતે કોઈ નાઈજીરીયન વ્યક્તિને ડિલિવરી કરવાની હતી. આ માલ ભારતના એક વોન્ટેડ આરોપી તથા હાજી સલીમ નામના ડ્રગ સ્મગ્લરે તેઓના માણસો મારફતે આઝાદ નામની ઈરાની બોટમાં આશરે પંદરથી વીસ દિવસમાં મોકલવાનું આયોજન કર્યું છે.જે બોટનો ટંડેલ સ્ટારલીન્ક ડિવાઈસનો ઉપયોગ કરવાનો છે. આ બાતમીના આધારે ઓપરેશન હાથ ધરાયું હતું.

ATSના DIG સુનિલ જોશીએ જણાવ્યું કે ગુજરાતમાં ડ્રગ્સના કેસ વધુ થતાં ડ્રગ માફિયાઓ આ વખતે કોચી, લક્ષદ્વીપ અને મુંબઈ થઈ તમિલનાડુમાં બોટ દ્વારા ડ્રગ્સની ડિલિવરી કરવાના હતા, તે પહેલાં જ એટીએસ અને કોસ્ટ ગાર્ડના સંયુક્ત ઓપરેશનમાં લક્ષદ્વીપથી 160 નોટિકલ માઈલ અને મુંબઈથી 490 નોટિકલ માઈલ આ ડ્રગ્સનો જથ્થો કબજે કરી લેવામાં આવ્યો હતો. છેલ્લા 15 દિવસથી ઓપરેશન ચાલી રહ્યું હતું. આ ઓપરેશન દરમિયાન દરિયામાં અનેક શંકાસ્પદ બોટ રોકીને તપાસ કરવામાં આવી હતી, ત્યારે આ બોટને પણ રોકીને તપાસ કરતા તેમાંથી ડ્રગ્સનો જથ્થો મળી આવ્યો હતો જેની સાથે પાંચ પાકિસ્તાની નાગરિક પણ મળી આવ્યા હતા, જે તમામને મુંબઈના જેટી પર લાવી પંચનામુ કરાયું હતું. તમિલનાડુમાં ડ્રગ્સ ઉતર્યા બાદ આ ડ્રગ્સ પંજાબમાં એક નાઈજીરિયન વ્યક્તિ ડિલિવરી લેવાનો હતો. જેની હાલ એટીએસ દ્વારા તપાસ ચાલી રહી છે. સમગ્ર મામલે ગુજરાત એટીએસમાં જ ગુનો નોંધવામાં આવ્યો છે.

# નિરમા યુનિવર્સિટીની ગર્લ્સ હોસ્ટેલમાં કામ કરતા શખસનું બીભત્સ વર્તન...

(એજન્સી) અમદાવાદ | તા.30

અમદાવાદમા નિરમા યુનિવર્સિટીની ગર્લ્સ હોસ્ટેલની બાજુની H5 બ્લોક ટાવરમાં કામ કરતા વ્યક્તિનો બીભત્સ વર્તન કરતા હોવાનો વીડિયો વાયરલ થયો છે. ગર્લ્સ હોસ્ટેલના H4 બ્લોકમાં રહેતી વિદ્યાર્થિનીએ વીડિયો ઊતારીને હોસ્ટેલમાં જાણ કરી હતી. વિદ્યાર્થિનીઓએ ગ્રુપમાં પણ આ વીડિયો શેર કર્યા હતા. યુનિવર્સિટીમાં ફરિયાદ કરવામાં આવે તો વિદ્યાર્થિનીઓ સામે પગલા લેવાય તેવા ડરે ફરિયાદ કરવામાં આવી નથી. યુનિવર્સિટીની વિદ્યાર્થિનીએ નામ ન જણાવવાની શરતે વીડિયો શેર કરીને સમગ્ર ઘટના અંગે જાણ કરી છે.

સોલા પોલીસ સ્ટેશનના PI કે. એન. ભૂકણે જણાવ્યું હતું કે. વાયરલ વીડિયોમાં આધારે તપાસ કરવામાં આવી રહી છે. બિલ્ડિંગમાં કોણ કામ કરતું હતું અને ક્યાં શ્રમિક છે તેની ઓળખ કરાશે. ઓળખ થયા બાદ ગુનો પણ નોંધવામાં આવશે.

વૈષ્ણવ દેવી સર્કલ પાસે નિરમા યુનિવર્સિટીની ગર્લ્સ હોસ્ટેલ આવેલી છે. હોસ્ટેલની પાછળ એક નવું બિલ્ડિંગ બની રહ્યું છે, જેમાં અનેક શ્રમિકો કામ કરી રહ્યા છે. આ શ્રમિકો પૈકી કેટલાક ગર્લ્સ હોસ્ટેલ સામે જ ચેનચાળા કરતો જોવા મળ્યો છે, જેનો હોસ્ટેલની જ વિદ્યાર્થિનીઓએ વીડિયો ઉતાર્યો હતો. એક વીડિયોમાં તો એક વ્યક્તિ કપડા કાઢીને બીભત્સ હરકત કરતો દેખાય છે, જે અંગે વિદ્યાર્થિનીઓએ હોસ્ટેલમાં જાણ કરી છે.

ગર્લ્સ હોસ્ટેલના વિદ્યાર્થિનીઓના ગ્રુપમાં પણ આ વીડિયો શેર કરવામાં આવ્યા હતા, જેના પર વિદ્યાર્થિનીઓએ ચર્ચા કરી હતી. પરંતુ વિદ્યાર્થિનીઓ આ અંગે ફરિયાદ કરતા ડરી રહી છે, કારણ કે તેનાથી યુનિવર્સિટી તેમની સામે પગલા લે તેવી શંકા છે. વિદ્યાર્થિનીઓએ વીડિયો ઊતારીને મીડિયાને મોકલીને તેમનું નામ ન જાહેર કરવા જણાવ્યું છે.

### ‘સુરક્ષા જો યુનિવર્સિટી નથી કરી શકતી તો અમે ઉગ્ર આંદોલન કરીશું’

ગુજરાત NSUIના ઉપપ્રમુખ વેદાંત તોમરે કહ્યું હતું કે, થોડા દિવસ પહેલા નિરમા યુનિવર્સિટીના પ્રોફેસરનો એક વીડિયો આવ્યો હતો જેના વિરોધમાં આંદોલન કરવામાં આવ્યું હતું. જેના કેટલાક દિવસ પણ નથી થયા ત્યારે વધુ એક વીડિયો સામે આવ્યો છે. જેમાં જોવા મળે છે કે શ્રમિકો વિદ્યાર્થિનીઓને જોઈને અભદ્ર વર્તન કરી રહ્યા છે. જેના પરથી મહિલાઓની સુરક્ષા પર સવાલ ઊભા થઈ રહ્યા છે. અગાઉ પણ આવા અનેક મુદ્દાઓ ઉભા થયા હતા પરંતુ વિદ્યાર્થીઓને ડરાવી મુદ્દો દબાવી દેવામાં આવે છે.

# અમદાવાદમાં લિફ્ટમાં ફસાતા 12 વર્ષના બાળકનું મોત

### પરિવારનું હૈયાફાટ રૂદન:ઘરેથી ટ્યૂશન ક્લાસમાં જતાં માથું ફસાયું, પરિવારજનો દ્વારા બિલ્ડરની બેદરકારીનો આક્ષેપ

અમદાવાદ | અમદાવાદના નારોલ વિસ્તારમાં શાંતિ શુક્ર સોસાયટીમાં ફ્લેટના 6 માળે લિફ્ટમાં ફસાતા 12 વર્ષના અંશુ ભગેલનું મોત નીપજ્યું હતું. ધો. 7માં અભ્યાસ કરતો અંશુ સ્કૂલથી ઘેર પરત ફર્યા બાદ રંગોળીનગર ટ્યૂશન ક્લાસમાં જવાનું હોવાથી તે નોટબુક લેવા નીચે ઉતર્યો હતો. આ દરમિયાન અચાનક લિફ્ટ અને દરવાજાના લોખંડના સળિયા વચ્ચે અંશુનું માથું ફસાઈ જતાં તેને ગંભીર ઈજાઓ પહોંચી હતી અને તેનું સ્થળ પર જ કમકમાટીભર્યું મોત થયું હતું.

આ કરૂણ ઘટનાના પગલે પરિવારજનોનું હૈયાફાટ રૂદન અને સોસાયટીના રહીશોમાં શોકનું મોજું ફરી વળ્યું છે. પરિવારજનો દ્વારા બાળકના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે લઈ જવાનો ઈનકાર કરવામાં આવ્યો છે, જ્યારે બાળકના મામા શીલુંભાઈ સ્ટ્રેચરને પકડીને બેસી રહ્યા હતા. જોકે, પોલીસ દ્વારા સમજાવવામાં આવ્યા બાદ બાળકનો મૃતદેહ હોસ્પિટલ ખસેડાયો હતો.

પરિવાર અને સ્થાનિકો દ્વારા ઘણા સમયથી લિફ્ટ ખરાબ હોવાની રજૂઆતો કરવા છતાં બિલ્ડર દ્વારા કોઈ કાર્યવાહી ન કરતાં આ દુર્ઘટના બની હોવાનો આક્ષેપ કરાયો છે.

# વર્ક પરમીટ અપાવવાના બહાને રૂપિયા 30.94 લાખની છેતરપિંડી કરવામાં આવી

### મુંબઈની કન્સલ્ટન્સી એજન્સીએ અમદાવાદની એજન્સીના ક્લાઈન્ટના પૈસા મેળવી કામ કર્યું નહીં

(એજન્સી) અમદાવાદ | તા.30

મુંબઈની વિઝા કન્સલ્ટન્સીના માલિકો દ્વારા વર્ક પરમિટ બીજા અપાવવાના બહાને અમદાવાદની વિઝા કન્સલ્ટન્ટ એજન્સી પાસેથી રૂ. 30.94 લાખ મેળવી છેતરપિંડી કરી હોવા અંગેની ફરિયાદ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે. વિદેશ જવા માંગતા વ્યક્તિઓના વર્ક પરમિટના કામ માટે ઓનલાઈન અને રોકડા રૂપિયા અમદાવાદની વિઝા કન્સલ્ટન્સી એજન્સીની મહિલાએ ચુકવ્યા હતા છતાં પણ કામગીરી ન કરી આપવામાં આવતા છેવટે તેઓએ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

વસ્ત્રાપુર વિસ્તારમાં માનસી સર્કલ પાસે આવેલા બાલાજી એવન્યુ માં રહેતા અને પાર્થ એસોસિએટ નામથી છેલ્લા 20 વર્ષથી વિઝા કન્સલ્ટન્સીનો વ્યવસાય કરતા રાજુલબેન ઉપાધ્યાયે વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે 2022માં



aura aim ઓવરસીઝ કન્સલ્ટન્સી નામની કંપનીના સેલ્સ એક્ઝિક્યુટિવ કૌશલ ચુડાસમા સાથે ઓળખાણ થઈ હતી.

મુંબઈ ખાતે તેમની ઓફિસે મળવા ગયા હતા ત્યારબાદ 2025માં પાંચ ક્લાઈન્ટના ઓસ્ટ્રીયાના વર્ક પરમિટ માટે કામ આપ્યું હતું જેમાં એમ્પ્લોયમેન્ટના ખોટા દસ્તાવેજ હોવાનું કહી અને રીજેક્ટ કરી આપ્યું હતું. જે કામ માટે તેમણે અગાઉ 22.50 લાખ રૂપિયા ચૂકવી દીધા હતા. ત્યારબાદ તેમણે બીજા ત્રણ ક્લાઈન્ટના પણ કામ આપ્યા હતા.

### 6 નાયબ પોલીસ અધિક્ષક (DySP)ને SP કક્ષાની બઢતી કરવામાં આવી

# નિવૃત્તિના દિવસે અમદાવાદ ક્રાઈમબ્રાંચના ACP ભરત પટેલને પ્રમોશન, 2008ની બેચના PIને ASPનું પ્રમોશન આપવા તૈયારી

(એજન્સી) અમદાવાદ | | તા.30

ગુજરાત સરકારે પોલીસ વિભાગમાં મહત્વનો વહીવટી નિર્ણય લેતાં વર્ગ-1 સંવર્ગના 6 નાયબ પોલીસ અધિક્ષક (DySP)ને પોલીસ અધિક્ષક (SP) વર્ગ-1ની એક્સ કેડર જગ્યાએ In-situ બઢતી આપવાનો આદેશ કર્યો છે. ગૃહ વિભાગ દ્વારા આજે 30 સપ્ટેમ્બર, 2026ના રોજ આ અંગેનું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.

સાડા ત્રણ દાયકા સુધી ગુજરાત પોલીસમાં સેવા આપનાર ક્રાઈમ બ્રાન્ચના એસીપી ભરત પટેલને નિવૃત્તિના દિવસે સરકાર દ્વારા એસપી તરીકે પ્રમોશન આપવામાં આવ્યું છે. ભરત પટેલ સહિત કુલ છ એસીપીને સરકારે એસપી તરીકે પ્રમોશન આપ્યું છે. આ અધિકારીઓ ઘણા સમયથી પ્રમોશનની રાહ જોઈ રહ્યા હતા. ગૃહ વિભાગ દ્વારા વિરમગામ એસઆરપી ગ્રુપના એસીપી બાલકૃષ્ણ ચૌબે, સુરત ટ્રાફિક એસીપી મોઈન શેખ, સુરત આઈબીના એસીપી બી.એસ. મોરી, વલસાડ



એસીપી એ.કે. વર્મા, ગાંધીનગર પોલીસભવનના એસીપી ડી.પી. ચુડાસમા તથા અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના એસીપી ભરત પટેલને જે તે સ્થળે જ એસપી તરીકે પ્રમોશન આપવામાં આવ્યું છે.

સિનિયર અધિકારીઓને પ્રમોશન આપ્યા બાદ હવે વર્ષ 2001થી 2004 સુધીના જે પોલીસ ઈન્સ્પેક્ટરોના પ્રમોશન બાકી છે તેમના તથા 2008ની બેચના પોલીસ ઈન્સ્પેક્ટરોને એસીપી તરીકે પ્રમોશન આપવાની ખાતાકીય કામગીરી પૂર્ણ થઈ ગઈ છે. હવે સરકાર દ્વારા તેની જાહેરાત કરવામાં આવશે.

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના એસીપીના પોસ્ટિંગ માટે ચોમેરથી લોબિંગ અને ભલામણો શરૂ થઈ ગઈ છે. હવે જોવાનું એ રહ્યું કે આ પોસ્ટ માટે સરકાર દ્વારા કોને જવાબદારી સોંપવામાં આવે છે. હાલ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના એસીપીની રેસમાં શંકર ચૌધરી, સતીશ ચૌધરી, મિલાપ પટેલ, જીતુ યાદવ, જે.ડી. પુરોહિત, કિરણ મોદી સહિતના અધિકારીઓના નામ ચર્ચામાં છે.

### રાણીપ મેટ્રો સ્ટેશન નીચે AMTS બસે અડફેટે લેતા બાઈક ચાલકનું ઘટનાસ્થળે જ મોત

# AMTS બસે વધુ એકનો જીવ લીધો



(એજન્સી) અમદાવાદ | તા.30

શહેરના રાણીપ વિસ્તારમાં મેટ્રો સ્ટેશન નીચે AMTS બસ અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો.અકસ્માતમાં AMTS બસે બાઈક ચાલકને ટક્કર મારતા અજાણ્યા બાઈક ચાલકનું ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં ઘટનાસ્થળે જ મોત થયું હતું. આ અંગે બી ડિવિઝન ટ્રાફિક પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. રાણીપ મેટ્રો સ્ટેશન નીચેથી 55 વર્ષીય વ્યક્તિ બાઈક લઈને પસાર થઈ રહ્યા હતા ત્યારે ત્યાંથી પસાર થતી AMTS બસના ચાલકે તેમને જોરદાર અડફેટે લીધા હતા. ટક્કર એટલી પ્રચંડ હતી કે બાઈક સવાર સીધા રોડ પર પટકાયા હતા અને ગંભીર ઈજાઓ પહોંચવાથી મોત થઈ ગયું હતું. આ અકસ્માતના પગલે માર્ગ પર ટ્રાફિકજામની સ્થિતિ સર્જાઈ હતી. પોલીસે મૃતદેહનો કબજો મેળવી પોસ્ટમોર્ટમ અર્થે હોસ્પિટલ ખસેડવાની તજવીજ હાથ ધરી છે. આ ઉપરાંત અકસ્માત સર્જી ભાગી ગયેલ બસ ચાલક સામે કાયદેસરની ફરિયાદ નોંધવા સહિતની તજવીજ હાથ ધરવામાં આવી છે.

# સ્કૂલના કેમ્પસમાં કોમર્શિયલ પ્રવૃતિ ન કરાવવા DEOનો આદેશ ગરબા ક્લાસ માટે કેમ્પસનો ઉપયોગ કરાતા 4 શાળાની તપાસ સોંપાઈ

(એજન્સી) અમદાવાદ | તા.30

નવરાત્રી નજીક આવતા જ અમદાવાદ શહેરની શાળાઓને કમાવવાની લાલચ જાગી ગઈ છે. કોમર્શિયલ પ્રવૃતિ માટે શાળાનું કેમ્પસ ભાડે આપવામાં આવ્યું હોવાની ચાર જેટલી શાળાઓની ફરિયાદ મળતા અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારીએ શિક્ષણ નિરીક્ષકને તપાસના આદેશ આપ્યા છે. તેમજ અમદાવાદ શહેરની અન્ય શાળાઓને પણ શાળાના કેમ્પસમાં ધંધાકીય પ્રવૃત્તિ ન કરવા પણ કડક સૂચના આપવામાં આવી છે. જો અન્ય શાળામાં પણ નિયમોનું પાલન નહીં કરવામાં આવે સરકારની શરતોના ભંગ બદલ કડક કાર્યવાહી કરવાની પણ અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારીએ તૈયારી દર્શાવી છે.

શાળાઓમાં શિક્ષણના હિતને ધ્યાનમાં રાખીને વિદ્યાર્થીઓ માટે પ્રોફેશનલ અને કોમર્શિયલ પ્રવૃત્તિઓ કરવાની છૂટ આપવામાં આવતી હોય છે. પરંતુ નવરાત્રી નજીક આવતા કેટલીક શાળાઓએ કેમ્પસને કમાવવાનું સાધન બનવા દીધું છે. ચાર્જ લઈને શાળાના કેમ્પસમાં ગરબા કરાવતી શાળાઓની ફરિયાદ મળતા અન્ય શાળાઓને પણ તાકીદ કરવામાં આવી છે. અમદાવાદ શહેરની તમામ શાળાઓને કેમ્પસમાં કોમર્શિયલ પ્રવૃત્તિઓ ન કરાવવા માટે તાકીદ કરવામાં આવી છે. કમાવવાની લ્હાયમાં શાળાનું કેમ્પસ કોમર્શિયલ પ્રવૃત્તિ માટે જો શાળાઓ ભાડે આપશે તો નિયમોના ભંગ બદલ કડક કાર્યવાહી પણ કરવામાં આવી શકે છે. તેમજ જે શાળાઓની ફરિયાદ મળી છે તેના તપાસ રિપોર્ટ બાદ તેમની સામે પણ કાર્યવાહી કરવામાં આવી શકે છે.

અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી રોહિત ચૌધરીએ જણાવ્યું હતું કે, મણિનગર વિસ્તારની જયમનબેન દવે અને શેઠ હીરાભાઈ કન્યા વિદ્યાલયમાં ફરિયાદ વીડિયો સ્વરૂપે અમને મળી હતી. જેમાં ગરબા ક્લાસિસ શાળાના કેમ્પસમાં ચલાવવામાં આવે છે તેવું અમારા ધ્યાને આવ્યું હતું. જેમાં બહારના લોકો પાસેથી ચાર્જ લઈને ગરબાની પ્રેક્ટિસ શાળાના કેમ્પસમાં કરાવવામાં આવતી હતી. કોમર્શિયલ પ્રવૃતિ શાળામાં કરાવવામાં આવતી હોવાનું ધ્યાને આવતા શાળાને નોટિસ આપીને ખુલાસો પણ માંગવામાં આવ્યો છે, તેમજ શિક્ષણ નિરીક્ષકને તપાસના આદેશ પણ આપવામાં આવ્યા છે. જેથી તપાસ અહેવાલ આવ્યા બાદ શાળા સામે કાર્યવાહી કરવામાં આવશે.

વધુમાં રોહિત ચૌધરીએ જણાવ્યું હતું કે, તેમજ વધુ બે શાળા જેમાં ઘાટલોડિયા વિસ્તારની નાલંદા વિદ્યાલય અને શ્રેયસ ફાઉન્ડેશન નામની શાળાઓમાં પણ આ પ્રકારની પ્રવૃતિ કરાવવામાં આવતી હોવાનું ધ્યાને આવ્યું છે. જેથી તેની ફરિયાદને પણ ધ્યાને શિક્ષણ નિરીક્ષકને તપાસના આદેશ આપવામાં આવ્યા છે. તેમજ વધુ વિગતો તપાસનો અહેવાલ આવ્યા બાદ સામે આવશે. પ્રોફેશનલ અને કોમર્શિયલ પ્રવૃત્તિઓ શિક્ષણને ધ્યાનમાં રાખી વિદ્યાર્થીઓના હિતમાં ચાલતી હોય તો તે યોગ્ય છે. પરંતુ કોમર્શિયલ પ્રવૃત્તિ માટે શાળા કેમ્પસનો ઉપયોગ કરી શકાય નહીં. શાળાના કેમ્પસમાં ધંધાકીય પ્રવૃત્તિ કરવામાં આવતી હોય તો તે જરાય પણ યોગ્ય નથી. જેથી અન્ય શાળામાં પણ જો નિયમનું પાલન નહીં થતું હોય તો સરકારની જે શરતો છે તેના ભંગ બદલ શાળા સામે કાર્યવાહી કરવાની ફરજ પડશે. જેથી નિયમોનું પાલન કરવા તમામ શાળાઓને સૂચના આપવામાં આવી છે.

### માર્કેટની અંદર મંડપ અને કપડા સુકાતા જોવા મળ્યા, એસ્ટેટ વિભાગ ઊંઘતુ ઝડપાતા અધિકારીએ કહ્યું-તપાસ કરાવી લઈએ છીએ...

# પ્રહલાદનગરમાં વેજીટેબલ માર્કેટ કે જૈન સાધ્વીઓના રહેવાનું સ્થળ?

(એજન્સી) અમદાવાદ | તા.30

અમદાવાદ શહેરમાં જાહેર રોડ ઉપર શાકભાજી અને ફ્રુટ વેચવા ઉપર મ્યુનિસિપલ કોર્પોરેશનના એસ્ટેટ વિભાગ દ્વારા પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. વેજીટેબલ માર્કેટમાં જ વેચાણ કરવા સૂચના આપવામાં આવી છે. જો કે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પ્રહલાદનગર વિસ્તારમાં બનાવવામાં આવેલું વેજીટેબલ માર્કેટ હવે જૈન સાધ્વીઓને રહેવા માટેનું સ્થળ બનાવી દેવામાં આવ્યું છે. આ માર્કેટમાં મંડપ નાખી દેવામાં આવ્યા અને કપડાં સુકવવામાં આવી રહ્યા છે. જેના વીડિયો હાલ સામે આવ્યા છે.

ત્યારે આ મામલે દક્ષિણ પશ્ચિમ ઝોનના ડેપ્યુટી સ્ટેટ ઓફિસર શંકર અસારીએ દિવ્યભાસ્કર સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, પર્યુષણ માટે જગ્યા આપવા અંગેનો ઠરાવ કરી અને ત્યાં જગ્યા આપવામાં આવનાર હતી. જો કે આ અંગેનો ઠરાવ કરી અને જગ્યા આપવામાં આવી છે કે કેમ તે અંગે આજે અમે તપાસ કરાવી લઈએ છીએ. છેલ્લા એક મહિનાથી તેઓ રહેતા હોવાની માહિતી મળી છે.

મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કરોડો રૂપિયાનો ખર્ચ કરીને વેજીટેબલ માર્કેટ બનાવવામાં આવી રહ્યા છે. શહેરના પ્રહલાદ નગર વિસ્તારમાં વેજીટેબલ માર્કેટ બનાવવામાં આવ્યું છે. જો કે આ વેજીટેબલ માર્કેટ છેલ્લા કેટલાય સમયથી બંધ હાલતમાં છે ત્યારે આ માર્કેટમાં કેટલાક જૈન સાધ્વીઓ રહેવા લાગ્યા હોવાનું સામે આવ્યું છે. શાકભાજીના વેચાણ માટે જે થડા બાંધવામાં આવ્યા છે ત્યાં બધી વસ્તુઓ અને માટલા મૂકવામાં આવ્યા છે. એટલું જ નહીં મચ્છરદાનીઓ પણ લગાવવામાં આવી છે.

વેજીટેબલ માર્કેટના એક તરફના ભાગમાં મંડપ બાંધી અને કેટલાક ભાગને ઢાંકી દેવામાં આવ્યો છે અને ત્યાં કપડાઓ પણ સુકવવામાં આવી રહ્યા છે. આ માર્કેટ શાકભાજીના વેચાણ માટે આપવામાં આવ્યું છે પરંતુ આ માર્કેટમાં તો જૈન સાધ્વીઓને રહેવા માટેની જગ્યા આપી હોય તેવી સ્થિતિ છે. એક તરફ શહેરમાં રોડ ઉપર શાકભાજી ફ્રુટના વેપારીઓને વેપાર કરવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે ત્યારે વેજીટેબલ માર્કેટમાં જ વેપારીઓને બેસવાની જગ્યા આપવામાં આવી નથી.

એક તરફ મ્યુનિસિપલ કોર્પોરેશનનું એસ્ટેટ વિભાગ પ્રતિબંધો જાહેર કરે છે પરંતુ બીજી તરફ વેજીટેબલ માર્કેટ વેપારીઓ માટે ખુલ્લા મુકવામાં આવતા નથી અને તેમાં બેસાડવામાં આવી રહ્યા નથી. ત્યારે કોર્પોરેશનની આ કામગીરી સામે સવાલો ઊભા થઈ રહ્યા છે વેપારીઓ પણ વેજીટેબલ માર્કેટ ખાલી હોવા છતાં પણ તેમને ફાળવવામાં ન આવતા હોવાના આક્ષેપ કરી રહ્યા છે.

સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ બંધ વેજીટેબલ માર્કેટમાં પર્યુષણ પર્વ દરમિયાન જૈન સાધ્વીઓને જગ્યા ફાળવવા ભાજપના જ કેટલાક સ્થાનિક નેતાઓ દ્વારા ભલામણ કરવામાં આવી હતી અને અમે ઠરાવ કરાવી દેશું સ્ટેન્ડિંગ કમિટીમાં તમે અત્યારે તેમને ત્યાં જગ્યા ફાળવી દો એમ કહી અને ત્યાં જગ્યામાં રહેવા લાગ્યા હતા.

### 5 જિલ્લામાં 35 ડિગ્રી સેલ્સિયસથી વધુ તાપમાન નોંધાયું

# આગામી ત્રણ દિવસ છુટાછવાયા વરસાદની આગાહી

### અમદાવાદમાં 34.8 તો રાજકોટમાં 35.5 ડિગ્રી તાપમાન,

(એજન્સી) અમદાવાદ | તા.30

રાજ્યમાં આગામી ત્રણ દિવસ છુટાછવાયા વરસાદની આગાહી કરવામાં આવી છે. જેમાં દક્ષિણ ગુજરાતમાં અને સૌરાષ્ટ્રના વિસ્તારોમાં અમરેલી, ભાવનગર, સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડ, દમણ તેમજ દાદરા અને નગર હવેલીમાં હળવા વરસાદની આગાહી કરવામાં આવી છે. અત્યારે રાજ્ય માટે જે સિસ્ટમ સક્રિય થઈ છે તેને કારણે રાજ્યમાં હળવા વરસાદની આગાહી કરવામાં આવી છે. રાજ્યમાં 5 જિલ્લામાં 35 ડિગ્રી સેલ્સિયસથી વધુ તાપમાન નોંધાયું છે. જ્યારે અમદાવાદમાં 34.8 તો રાજકોટમાં 35.5 ડિગ્રી તાપમાનથી લોકો ગરમીનો અહેસાસ થયો છે.

વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ ટ્રફમાં ફેરવાતા ત્રણ દિવસ હળવા વરસાદની આગાહી કરવામાં આવી છે. રાજ્યમાં આગામી 7 દિવસ ભારે વરસાદની કોઈ શક્યતા નથી. અત્યારે રાજ્યમાંથી ચોમાસાની વાપસી હવે અલમોસ્ટ થઈ ચૂકી છે. જોકે હજી સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના કેટલાક ભાગોમાં વરસાદી માહોલની સંભાવના છે. આજ રોજ પણ સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના ભાગોમાંથી ચોમાસાની વાપસી થઈ શકે તેવી શક્યતા છે.

હવામાન વિભાગના ડાયરેક્ટર ડૉ. એ. કે. દાસના જણાવ્યા અનુસાર, આજે અને આવતીકાલે એટલે કે, 1 ઓક્ટોબર રાજ્યમાં હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે. સૌરાષ્ટ્ર કચ્છ અને દક્ષિણ ગુજરાતના કેટલાક ભાગોમાં વરસાદ રહેશે. આજે અમદાવાદ વાદળછાયું વાતાવરણ રહેશે. જ્યારે 34.8 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન નોંધાયા અમદાવાદ શહેરમાં લોકો ગરમીને કારણે હેરાન થઈ રહ્યા છે. સૌથી વધુ મહત્તમ તાપમાન રાજકોટમાં 35.5 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.


દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઈટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...